પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૫-૯-૨૦૨૫, સોમવાર
વર્ષઃ ૧૪, અંક : ૧૬૧

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**
તમે કેટલું સાચવી લો છો, એ સમજદારી નથી તમે કેટલું બગડવા નથી દેતા, એ સમજદારી છે...






**જમ્મુના પુંછમાંથી શંકાસ્પદ આતંકવાદી ગતિવિધિ સાથે સંકળાયેલી ત્રિપુટી ઝબ્બે**



**ભારતના દિગ્ગજ્જોએ પાકિસ્તાનના નવાણીયાઓને કચડી નાંખ્યા**

### અનુમાન કરતા સોલાર સિસ્ટમની ગરમીમાં ૬ ગણો વધારો

# સાવધાન... સૂરજદેવનું તાપમાન ૧૦.૮૦ કરોડ ડીગ્રીએ પહોંચ્યું : સેટેલાઈટ - અવકાશયાત્રીઓ જોખમમાં મુકાશે

## યુનિવર્સિટી ઓફ સેન્ટ એન્ડ્રુઝના એલેક્ઝાન્ડર રસેલ અને તેમની ટીમના રિસર્ચમાં સામે આવી અનેક ચોંકાવનારી વિગતો

### હવે ભવિષ્યના અવકાશયાનના મિશન માટે વધુ તાપમાન ધ્યાનમાં લેવું પડશે

ભવિષ્યના અવકાશયાન મિશન આ સિદ્ધાંતનું પરીક્ષણ કરવા માટે ફ્લેર ઘટનાઓ દરમિયાન આયન્સના તાપમાનને સીધું માપવાની યોજના ધરાવે છે. જો આ તારણોની પુષ્ટિ થાય, તો તે નાસાના આર્ટેમિસ પ્રોગ્રામ સહિત આગામી મિશનો માટે મહત્વના અવકાશ માળખા અને માનવ સંશોધકોની સુરક્ષા માટેની વ્યૂહરચનાઓને ફરીથી આકાર આપી શકે છે.



### જીપીએસ અને સંચાર વ્યવસ્થાઓને વિક્ષેપિત થઈ શકે છે

સોલર ફ્લેર્સ માત્ર વૈજ્ઞાનિક જિજ્ઞાસાનો વિષય નથી-તે વાસ્તવિક જોખમો ઉભા કરે છે. આ વિસ્ફોટોમાંથી નીકળતા કિરણોત્સર્ગ ઉપગ્રહોને નુકસાન પહોંચાડી શકે છે, જીપીએસ અને સંચાર વ્યવસ્થાઓને વિક્ષેપિત કરી શકે છે અને અવકાશયાત્રીઓના સ્વાસ્થ્યને જોખમમાં મૂકી શકે છે. ફ્લેર્સનું વાસ્તવિક તાપમાન સમજવાથી અવકાશ એજન્સીઓને આ જોખમો સામે વધુ સારી રક્ષણાત્મક વ્યૂહરચનાઓ તૈયાર કરવામાં મદદ મળશે.

**અબતક, નવી દિલ્હી**
સૂરજદેવનું તાપમાન અધધધ ૧૦.૮૦ કરોડ ડિગ્રીએ પહોંચ્યું છે. એક અભ્યાસમાં આ વાત સામે આવી છે. જો કે આ તાપમાન ધાર્યા ૬ ગણું વધુ છે. સૂરજના તાપમાનમાં આ ધરખમ વધારો સેટેલાઈટ અને અવકાશ યાત્રીઓને જોખમમાં મૂકી દેશે. અનેક સંશોધનો પણ જોખમમાં મુકાઈ શકે છે.

ધ એસ્ટ્રોફિઝિકલ જર્નલ લેટર્સમાં પ્રકાશિત આ અભ્યાસે દાયકાઓ જૂની રહસ્યમય વિશાળ સ્પેક્ટ્રલ લાઈન્સનું પણ નિરાકરણ કર્યું છે, જે વિસ્ફોટના પ્રકાશમાં જોવા મળે છે. અભ્યાસ દર્શાવે છે કે આયન્સ, જે ઈલેક્ટ્રોન્સ કરતાં ઘણા વધુ ગરમ થાય છે, આત્યંતિક તાપમાને લાંબા સમય

(અનુ. આઠમા પાને)

# ફુગાવો તળિયે હોવા છતાં રિઝર્વ બેન્ક વ્યાજદર યથાવત રાખશે

## ઓગસ્ટમાં સીપીઆઈ આધારિત ફુગાવો સંપૂર્ણ નિયંત્રણમાં રહી ૨.૦૭ ટકાએ પહોંચ્યો : આરબીઆઈ પાસે વ્યાજદરમાં ૨૫થી ૫૦ બેસિસ પોઈન્ટ્સ ઘટાડવાની તક, પણ ઘટાડા અંગેનો નિર્ણય લેવાય તેવી શક્યતા નહિવત

**અબતક, નવી દિલ્હી**
ભારતનો ફુગાવો હાલ નિયંત્રણમાં છે, જે નવીનતમ કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (સીપીઆઈ) ડેટા દ્વારા સ્પષ્ટ થાય છે. આ બાબત રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાને વ્યાજદરમાં ઘટાડો કરવાની તક આપે છે. જોકે, દેશના અગ્રણી બેન્કોના અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે રિઝર્વ બેન્ક આગામી ૧ ઓક્ટોબરની નાણાકીય નીતિની બેઠકમાં વ્યાજદરમાં કોઈ ફેરફાર નહીં કરે.

એચડીએફસી બેન્કના મુખ્ય અર્થશાસ્ત્રી સાક્ષી ગુપ્તાએ જણાવ્યું, ‘‘ફુગાવો સ્થિર રહેવાથી આરબીઆઈ પાસે વ્યાજદરમાં ૨૫-૫૦ બેસિસ પોઈન્ટ્સ ઘટાડવાની ગુંજાઈશ છે. પરંતુ, પ્રથમ ત્રિમાસિક ગાળાનો મજબૂત જીડીપી આંકડો અને જીએસટી દરમાં ઘટાડાથી ગ્રાહક ખર્ચમાં વધારો થયો હોવાથી, હાલના ચક્રમાં વ્યાજદરમાં ઘટાડો થવાની શક્યતા ઓછી છે.‘‘

નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસના તાજેતરના ડેટા અનુસાર, ઓગસ્ટમાં સીપીઆઈ આધારિત ફુગાવો ૨.૦૭% પર પહોંચ્યો, જે જુલાઈના આઠ વર્ષના નીચલા સ્તર ૧.૬૧%થી થોડો વધારે છે. આ સાથે, ફુગાવો આરબીઆઈના ૨-૬%ના મધ્યમ ગાળાના લક્ષ્યાંકની રેન્જમાં આવી ગયો છે.



એમકે ગ્લોબલના મુખ્ય અર્થશાસ્ત્રી માધવી અરોરાએ જણાવ્યું કે, મંદી ડેટા અનુસાર, સપ્ટેમ્બરનો રિટેલ ફુગાવો હાલ ૧.૭૫% પર છે, જ્યારે ઓક્ટોબરમાં તે જીએસટી ઘટાડા અને બેઝ ઈફેક્ટને કારણે ૧%થી નીચે જઈ શકે છે. આઈસીઆઈસીઆઈ બેન્કના આર્થિક સંશોધન વડા સમીર નારંગે જણાવ્યું, ‘‘જીએસટી સુધારણા બાદ આર્થિક વૃદ્ધિની સ્થિતિ સારી રહેશે, પરંતુ અમેરિકાના ટેરિફની અસરને કારણે તેનું સંતુલન થઈ શકે છે. આથી, ચાલુ નાણાકીય વર્ષમાં આરબીઆઈદ્વારા વ્યાજદર ઘટાડવાની શક્યતા ઓછી છે.‘‘

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના ગ્રુપ ચીફ ઈકોનોમિક એડવાઈઝર સૌમ્ય કાંતિ ઘોષે કહ્યું, ‘‘ઓગસ્ટમાં ફુગાવો ૨%થી થોડો ઉપર રહ્યો, જેના કારણે ઓક્ટોબરમાં દર ઘટાડવો મુશ્કેલ લાગે છે. પ્રથમ અને બીજા ત્રિમાસિક ગાળાના વૃદ્ધિ આંકડાઓને ધ્યાનમાં લેતા ડિસેમ્બરમાં પણ દર ઘટાડો મુશ્કેલ લાગે છે.‘‘

બીજી તરફ, આઈડીએફસી ફર્સ્ટ બેન્કના મુખ્ય અર્થશાસ્ત્રી ગૌરા સેનગુપ્તાએ જણાવ્યું કે, નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૭.૮%ના શાનદાર જીડીપી વૃદ્ધિ બાદ, બીજા અર્ધવાર્ષિક ગાળામાં વૃદ્ધિની ગતિ ધીમી પડી શકે છે,

(અનુ. આઠમા પાને)

### જીએસટીમાં ઘટાડો અમલમાં આવ્યા બાદ ફુગાવો હજુ પણ ઘટવાના એંધાણ

૨૨ સપ્ટેમ્બરથી જીએસટી દરમાં ઘટાડો અમલમાં આવવાથી ફુગાવો હજુ ઘટવાની શક્યતા છે. અર્થશાસ્ત્રીઓનું અનુમાન છે કે નાણાકીય વર્ષ ૨૦૨૨૬ માટે સીપીઆઈ ફુગાવો છઈઈના ૩.૧%ના અંદાજથી ઓછો રહેશે. જોકે, જીએસટી ઘટાડાનો ફાયદો ગ્રાહકો સુધી કેટલો પહોંચે છે તેના પર ફુગાવાનો ઘટાડો નિર્ભર કરશે. આ ઉપરાંત, ઉત્તર અને મધ્ય ભારતમાં વધુ પડતા વરસાદથી પાકને નુકસાન થવાથી ખાદ્યપદાર્થોના ભાવ વધવાનું જોખમ પણ છે.

# મુંબઈમાં મેઘાનો પાછોતરો પ્રહાર: જનજીવન ઠપ્પ, ટ્રેન સેવાઓ ખોરવાઈ

## આગામી ૨૪ કલાક ભારે થી અતિભારે વરસાદની સંભાવના: પુણેમાં ભારે વરસાદના કારણે શાળાઓ બંધ રાખવા આદેશ

**અબતક,રાજકોટ**
દેશભરમાં ચોમાસું વિદાય લેવાની તૈયારીમાં છે ત્યારે મુંબઈમાં તેણે ફરી એકવાર પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવ્યું છે. શહેરમાં વહેલી સવારથી જ શરૂ થયેલા ધોધમાર વરસાદને કારણે અનેક વિસ્તારો જળબંબાકાર થયા હતા. બાયકુલા, મહાલક્ષ્મી, કિંગ્સ સર્કલ, સાયન અને કુર્લા સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. પાણી ભરાવાને કારણે અંધેરી સબવેને વાહનવ્યવહાર માટે બંધ કરવો પડ્યો હતો, અને મુંબઈ ટ્રાફિક પોલીસે વાહનોને વૈકલ્પિક માર્ગ પર વાળવાની ફરજ પડી હતી.

વરસાદની સૌથી વધુ અસર મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેન સેવાઓ પર જોવા મળી હતી. રેલવે ટ્રેક પર પાણી ભરાઈ જવાને કારણે હાર્બર લાઈનની ઘણી સેવાઓ રદ કરવામાં આવી હતી, જ્યારે અન્ય લાઈનો પર ટ્રેનો મોડી ચાલી રહી હતી. જેના કારણે સવારના સમયે ઓફિસ જનારા મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ, પુણેમાં પણ વરસાદે તબાહી મચાવી છે. શહેરના ખડકવાસલા, સિંહગઢ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો છે, જેના કારણે નદીઓ અને નાળાઓ છલકાઈ ગયા છે. સ્થાનિક પ્રશાસને લોકોને સલામત સ્થળે રહેવા અને નદી કિનારાથી દૂર રહેવાની સૂચના આપી છે. શાળાઓ બંધ રાખવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે.

ભારતીય હવામાન વિભાગએ મુંબઈ, થાણે અને પાલઘર માટે યલો એલર્ટ જ્યારે રાયગઢ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું હતું. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં પણ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. શહેરમાં વાહનોની ગતિ પણ ધીમી પડી ગઈ હતી. પૂર્વ એક્સપ્રેસ હાઈવે પર કિંગ્સ સર્કલ અને સાયન જેવા વિસ્તારોમાં ટ્રાફિક જામ જોવા મળ્યો હતો. તંત્ર દ્વારા લોકોને અત્યંત આવશ્યક કામ સિવાય બહાર ન નીકળવાની અપીલ કરવામાં આવી છે.

# મેડિકલની પોસ્ટ ગ્રેજ્યુએશનની એનઆરઆઈ બેઠકો શા માટે કન્વર્ટ કરો છો?: હાઈકોર્ટ

## રાજ્યમાં મેડિકલ પ્રવેશ પ્રક્રિયાની પારદર્શિતા જાળવવાના ઉદેશ માટે ગુજરાત હાઈકોર્ટનું મહત્વનું પગલું:પ્રથમ રાઉન્ડની કાઉન્સેલિંગ પછી એનઆરઆઈ ક્વોટાની સીટોને અન્ય શ્રેણીઓમાં રૂપાંતરિત કરવાના નિર્ણયની વિગતો માંગવામાં આવી

**અબતક, અમદાવાદ**
ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં પોસ્ટ ગ્રેજ્યુએટ (પીજી) મેડિકલ પ્રવેશ પ્રક્રિયામાં એનઆરઆઈ ક્વોટાની સીટોના રૂપાંતરણ અંગે એક મહત્વનો નિર્ણય લીધો છે. કોર્ટે આ મુદ્દે રાજ્ય સરકાર અને સંબંધિત અધિકારીઓને નોટિસ જારી કરી છે, જેમાં પ્રથમ રાઉન્ડની કાઉન્સેલિંગ પછી એનઆરઆઈ ક્વોટાની સીટોને અન્ય શ્રેણીઓમાં રૂપાંતરિત કરવાના નિર્ણયની વિગતો માંગવામાં આવી છે.

ગુજરાતમાં પીજી મેડિકલ કોર્સમાં પ્રવેશ માટે એનઆરઆઈ ક્વોટા હેઠળ ચોક્કસ સંખ્યામાં સીટો આરક્ષિત હોય છે. આ સીટો એનઆરઆઈ વિદ્યાર્થીઓ અથવા તેમના સ્પોન્સર દ્વારા ચોક્કસ ફી ચૂકવીને મેળવવામાં આવે છે. જોકે, પ્રથમ રાઉન્ડની કાઉન્સેલિંગ બાદ, જો આ સીટો ખાલી રહે, તો તેને સામાન્ય શ્રેણી અથવા અન્ય કેટેગરીમાં રૂપાંતરિત કરવામાં આવે છે. આ પ્રક્રિયા અંગે કેટલાક વિદ્યાર્થીઓ અને અન્ય પક્ષકારોએ વાંધો ઉઠાવ્યો છે, જેના



(અનુ. આઠમા પાને)

# બહુ થયું... હવે ઓનલાઈન કન્ટેન્ટ પીરસનારાઓ ઉપર સેન્સરશિપ લાદો: પૂર્વ માહિતી કમિશનર

## કાયદાકીય પગલાં અને સામાજિક જાગૃતિ વધારીને અશ્લીલ ઓનલાઈન સામગ્રીને તાત્કાલિક કાબૂમાં લેવાની ખાસ જરૂર : ઉદય માહુરકર

**અબતક,રાજકોટ**
હાલના સમયમાં, ઓનલાઈન કન્ટેન્ટની સમસ્યા એક ગંભીર ચિંતાનો વિષય બની છે. આ મુદ્દાને સંબોધતા, ભૂતપૂર્વ કેન્દ્રીય માહિતી કમિશનર ઉદય માહુરકરે ભારપૂર્વક જણાવ્યું છે કે કાયદાકીય પગલાં અને સામાજિક જાગૃતિ વધારીને અશ્લીલ ઓનલાઈન સામગ્રીને તાત્કાલિક કાબૂમાં લેવાની જરૂર છે. આ માટે તેઓ વિવિધ સામાજિક સંગઠનોને પણ સક્રિયપણે જોડી રહ્યા છે. તેમણે આ મુદ્દાને દેશની સૌથી મોટી સમસ્યાઓમાંની એક ગણાવી છે, જે સમાજ અને ખાસ કરીને યુવાનો પર નકારાત્મક અસર કરી રહી છે.

માહુરકર, જેઓ સેવ કલ્ચર, સેવ ઈન્ડિયા ફાઉન્ડેશનના સ્થાપક પણ છે, તેમણે અમદાવાદમાં એક કાર્યક્રમમાં આ વાત કરી હતી. આ કાર્યક્રમમાં અમદાવાદની ઘણી સામાજિક-સાંસ્કૃતિક સંસ્થાઓએ ભાગ લીધો હતો, જ્યાં યુવા સહભાગીઓએ રાષ્ટ્રને પ્રાધાન્ય આપવા અને રાષ્ટ્રનિર્માણ માટે પ્રતિબદ્ધ થવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે વક્તાઓએ ઓનલાઈન ગેમિંગ અને અયોગ્ય સામગ્રીની નકારાત્મક અસરો પર પણ ભાર મૂક્યો હતો. માહુરકરે જણાવ્યું કે, ‘‘અમારી લડાઈ બધા જ પ્લેટફોર્મ પર પોર્નોગ્રાફીના પ્રસાર સામે છે, પછી ભલે તે વેબસાઈટ હોય, ફિલ્મો હોય કે ઓટીટી હોય. પોર્નોગ્રાફીનો ઉપયોગ કરનારા બધા જ સેક્સ અપરાધી નથી હોતા, પરંતુ લગભગ બધા જ સેક્સ અપરાધીઓએ આવી સામગ્રીનો ઉપયોગ કર્યો હોવાનું જાણવા મળે છે.‘‘

આ ગંભીર સમસ્યાનો ઉકેલ લાવવા માટે, માહુરકરે ભારતની સુપ્રીમ કોર્ટમાં અરજી પણ દાખલ

(અનુ. આઠમા પાને)

# ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદકોને ‘બેવડો’ ફાયદો : જીએસટીના ઘટાડાની સાથે પીએલઆઈ સ્કીમમાં એક મહિનો વધારાયો

## એપ્લિકેશન વિન્ડો ૧૪ ઓક્ટોબર સુધી ખુલ્લી રહેશે : આ યોજના માટે કુલ રૂ. ૬,૨૩૮ કરોડનું બજેટ ફાળવાયુ

**અબતક, નવી દિલ્હી**
કેન્દ્ર સરકારે એર કન્ડિશનર્સ અને એલઈડી લાઈટ્સ માટે ઉત્પાદન સંલગ્ન પ્રોત્સાહન યોજના હેઠળ એપ્લિકેશન વિન્ડો ફરીથી ખોલવાનો નિર્ણય લીધો છે. આ વિન્ડો ૩૦ દિવસ માટે, એટલે કે ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫થી ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી ખુલ્લી રહેશે. એટલે ઈલેક્ટ્રોનિક્સ આઈટમોને બેવડો ફાયદો થવાનો છે. જીએસટીના ઘટાડાની સાથે પીએલઆઈ સ્કીમમાં એક મહિનો વધારાયો છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે, ‘‘આ એપ્લિકેશન વિન્ડો ઉદ્યોગોની યોજના હેઠળ વધુ રોકાણ કરવાની ઈચ્છા અને ઉત્સાહને ધ્યાનમાં રાખીને ફરીથી ખોલવામાં આવી છે.‘‘ આ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૨થી ૨૦૨૯ સુધી અમલમાં રહેશે અને તેના માટે કુલ રૂ. ૬,૨૩૮ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

વ્હાઈટ ગૂડ્સ માટેની પીએલઆઈ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં ઉત્પાદન ક્ષમતાઓને પ્રોત્સાહન આપવું, સ્થાનિક ઉત્પાદનને વેગ આપવું અને વૈશ્વિક બજારમાં ભારતીય ઉત્પાદનોની સ્પર્ધાત્મકતા વધારવાનો છે. આ યોજના ખાસ કરીને એર કન્ડિશનર્સ અને એલઈડી લાઈટ્સ જેવા ઉત્પાદનોના ઉત્પાદનને લક્ષ્યાંકિત કરે છે, જે ઊર્જા કાર્યક્ષમતા અને પર્યાવરણીય ટકાઉપણાને પ્રોત્સાહન આપે છે.

આ યોજના હેઠળ અરજી કરનારા ઉદ્યોગો ફક્ત યોજનાના બાકીના સમયગાળા (એટલે કે, નાણાકીય વર્ષ ૨૦૨૯ સુધી) માટે પ્રોત્સાહનો મેળવવા પાત્ર રહેશે. આનો અર્થ એ છે કે નવા અરજદારોને યોજનાના શરૂઆતના વર્ષોના પ્રોત્સાહનો મળશે નહીં, પરંતુ તેઓ બાકીના સમયગાળા દરમિયાન ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહનોનો લાભ લઈ શકશે.

વાણિજ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ યોજનાએ પહેલાથી જ ઘણા ઉદ્યોગોનું ધ્યાન ખેંચ્યું છે, અને ઘણી કંપનીઓએ આ યોજના હેઠળ રોકાણ કરવામાં રસ દાખવ્યો છે. આ યોજના દેશમાં નવી ઉત્પાદન એકમોની સ્થાપના, રોજગારીનું સર્જન અને નિકાસને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે. ખાસ કરીને, ગુજરાત જેવા ઔદ્યોગિક રાજ્યોમાં આ યોજના નવી તકો લાવી શકે છે, જ્યાં ઉત્પાદન ક્ષેત્ર પહેલાથી જ મજબૂત છે.

જે કંપનીઓ આ યોજનામાં ભાગ લેવા ઈચ્છે છે, તેઓએ ૧૫ સપ્ટેમ્બરથી ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન પોતાની અરજીઓ સબમિટ કરવાની રહેશે. અરજી પ્રક્રિયા અને અન્ય વિગતો માટે, ઉદ્યોગો વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયની અધિકૃત વેબસાઈટનો સંપર્ક કરી શકે છે.

વ્હાઈટ ગૂડ્સ માટેની

(અનુ. આઠમા પાને)

# લોકશાહી એટલે જનશક્તિનો ઉજાસ

# અધિકાર નહીં, સહમતીથી ચાલે દેશ: આજે વિશ્વ લોકશાહી દિવસ

## પ્રત્યક્ષ લોકશાહીમાં નાગરિકો સંપૂર્ણ રૂપે એક સંચાલક સંસ્થા બનાવે છે: વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારત દેશની છે: ભારતમાં તેનું સ્વરૂપ સંસદીય છે, જ્યાં નાગરિકો તેમના પ્રતિનિધિઓને ચૂંટે છે: આ દિવસની ઉજવણી લોકો તેમની આસપાસની દુનિયાને કેવી રીતે આકાર આપવામાં મદદ કરે છે, તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે




આજે આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં થઈ રહી છે, તેનો હેતુ લોકશાહીના સિદ્ધાંતોને જાળવી રાખવાનો અને તેને પ્રોત્સાહન આપવાનો છે. આ દિવસની ઉજવણી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ૨૦૦૭માં શરૂ કરવામાં આવી હતી. આ દિવસ લોકોને તેમના દેશમાં લોકશાહીની સ્થિતિ વિશે વિચારવા અને તેના મહત્વને સમજવા માટે પ્રોત્સાહિત કરે છે. સૌપ્રથમ વિશ્વમાં તેની ઉજવણી ૨૦૦૮માં થઈ હતી. આ દિવસ લોકોને યાદ અપાવે છે કે લોકશાહી એ લોકો માટે અને લોકો દ્વારા શાસન છે. તે માનવ અધિકારો, સ્વતંત્રતા અને કાયદાના શાસનના મૂલ્યો પર ભાર મૂકે છે. લોકશાહી એટલે ''લોકો દ્વારા, લોકો માટે અને લોકો વતી શાસન''. આમાં નાગરિકોને પોતાના પ્રતિનિધિઓ ચૂંટવાની અને રાજકીય પ્રક્રિયામાં ભાગ લેવાની સંપૂર્ણ મુક્તિ અને અધિકારો મળતા હોય છે. નાગરિકો પ્રતિનિધિઓને પસંદ કરે છે, જે લોકોના હિત માટે કાયદા ઘડે અને નીતિ ગોઠવે છે. દરેક નાગરિકને વાણી, વિચાર, ધર્મ અને જીવનશૈલીની સ્વતંત્રતા હોય છે. સમાજના દરેક વર્ગને રાજકીય ભાગીદારીનો હક્ક મળે છે. નાગરિકોને બંધારણ દ્વારા સુરક્ષિત્ હક્કો મળેલા હોય છે. તમામ નાગરિકો સમાન ધોરણે કાયદા અને નીતિ હેઠળ વર્તે છે. નાગરિકો પ્રતિનિધિઓ પસંદ કરે છે, જે તેમની વતી કાયદા ઘડે. લોકશાહી દેશોના ઉદાહરણોમાં બ્રિટન, અમેરિકા, ભારત જેવા દેશો લોકશાહી પદ્ધતિ અપનાવે છે, જ્યાં પાયાની મુક્તિ, અધિકાર અને ઉત્તમ ચૂંટણી વ્યવસ્થ જોવા મળે છે. લોકશાહી એ સમાજના સમુચ્ચય હિત માટે રચાયેલ, સતત વિકસતી અને માનવ સ્વતંત્રતા તથા સમાનતા માટે પૂરક રાજકીય વ્યવસ્થા છે.

આ વર્ષની ઉજવણી થીમ ''યુવાઓને સશકત કરવા અને લોકશાહીના ભવિષ્યને સુરક્ષિત કરવા'' ની છે. લિંગ સમાનતા પ્રાપ્ત કરવી, ક્રિયા દ્વારા કાર્યવાહી છે, જે યુવાનોને સશક્તિકરણ અને લોકશાહી પ્રક્રિયાઓમાં સમાવેશકતાને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વર્તમાન વિશ્વની તમામ શાસન વ્યવસ્થામાં 'લોકશાહી' શ્રેષ્ઠ લોકશાહીના મહત્વના ઘટકોમાં સ્વતંત્રતા અને માનવ અધિકારના સિધ્ધાંતો, સાર્વત્રિક મતાધિકાર દ્વારા સમયાંતરે ચૂંટણી યોજવીએ લોકશાહીના મહત્વના પગલા છે. દર વર્ષે એક અલગ વિષય સાથે પ્રકાશિત થનાર ઉજવણી થીમ, આ દિવસે અગાઉના વિષયને મજબૂત કરવા સાથે ટકાઉ વિશ્વ માટે ૨૦૩૦ના એજન્ડા માટે મજબૂત લોકશાહીની સુસંગતા અને લોકભાગીદારીમાં વધારો કરવાની વાત કરે છે. ઘણા વર્ષો પહેલા વિશ્વ લોકશાહીના આગમનને લઈને ઉત્સાહિત હતું. ૧૯૮૯માં બર્લિનની દિવાલનું પતન, ૧૯૯૧માં કોલ્ડવોરનો અંત અને ૧૯૯૪માં દક્ષિણ આફ્રિકામાં રંગભેદનો અંત જેવી ઘણી ઘટનાઓ અંત થયા બાદ સમગ્ર વિશ્વ લોકશાહીની દિશામાં એક ડગલું આગળ વધ્યું હતું.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજનો દિવસ માનવાધિકારો સાથે જીવવા માટે લોકશાહી અનિવાર્ય છે. આજે દુનિયાભરમાં લોકશાહી અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ છે. લોકશાહી એટલે લોકોની અને લોકો માટેની શાનસ વ્યવસ્થા. દુનિયાની તમામ શાસન વ્યવસ્થામાં લોકશાહી વ્યવસ્થા શ્રેષ્ઠ છે, આ સિસ્ટમમાં જ દરેક વ્યકિતને પોતાના માનવાધિકારો મળે છે. સ્વતંત્રતા સૌથી મોટો અધિકાર છે. લોકશાહીનો સૌથી મોટો માપદંડ છે સ્વતંત્ર ચૂંટણી, જેમાં માધ્યમથી નાગરિકો મત આપીને પોતાની સરકાર ચૂંટે છે. ૧૯૭૦ના દાયકાથી દુનિયામાં લોકશાહી દેશોની સંખ્યા વધી રહી છે. લોકશાહી પર ખતરોએ માનવાધિકાર પર મોટું જોખમ છે, આ બાબત ચીન, મ્યાનમાર, ઉત્તર કોરીયા બાદ હવે અફઘાનિસ્તાનમાં જોવા મળી રહી છે. લોકશાહી , શાબ્દિક રીતે ''લોકો દ્વારા શાસન'' એ સરકારનું એક એવું તંત્ર છે, જ્યાં નાગરિકો મત દ્વારા સત્તાનો ઉપયોગ કરે છે. પ્રત્યક્ષ લોકશાહીમાં નાગરિકો સંપૂર્ણ રૂપે એક સંચાલક સંસ્થા બનાવે છે અને પ્રત્યેક મુદ્દા પર સીધો મત આપે છે. પ્રતિનિધિ લોકશાહીમાં નાગરિકો પોતાને માટે પ્રતિનિધિઓ પસંદ કરે છે. આ પ્રતિનિધિઓ એક વહીવટી સંસ્થા, જેમ કે વિધાનસભા રચવા માટે મળે છે. બંધારણીય લોકશાહીમાં બહુમતીની સત્તા પ્રતિનિધિ લોકશાહીના માળખામાં ઉપયોગમાં લેવામાં આવે છે.આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ એ વિચારની ઉજવણી કરે છે કે દરેક વ્યક્તિનો પોતાનો મત હોવો જોઈએ. તે બોલવા, ભાગ લેવા અને તમારા અવાજને મહત્વ આપવા વિશે છે. આ દિવસ લોકો તેમની આસપાસની દુનિયાને કેવી રીતે આકાર આપવામાં મદદ કરે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે રોજિંદા જીવનમાં ન્યાયીતા, સ્વતંત્રતા અને સહિયારા નિર્ણયોના મૂલ્ય પર પ્રકાશ પાડે છે.

લોકશાહી વાસ્તવિક પરિવર્તનના દ્વાર ખોલે છે. તે ખુલ્લી વાતચીત, સમાન અધિકારો અને ન્યાયી નિયમો દ્વારા સમુદાયોને વિકાસ કરવામાં મદદ કરે છે. આ દિવસે, લોકોને આ મૂલ્યોનું રક્ષણ કરવા વિનંતી કરવામાં આવે છે. સ્પષ્ટ બોલવાથી, સંપૂર્ણ સાંભળવાથી અને કાળજીપૂર્વક કાર્ય કરવાથી લોકશાહી મજબૂત બને છે. જ્યારે તે સારી રીતે કાર્ય કરે છે, ત્યારે દરેકને ટેબલ પર બેસવાની જગ્યા મળે છે.આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ કેવી રીતે ઉજવવા અને આ દિવસ સ્વતંત્રતા અને ભાગીદારીના મૂલ્ય પર ચિંતન કરવાની તક આપે છે. આ દિવસ દુનિયાને યાદ અપાવે છે કે મતદાન કરવાની, બોલવાની અને આયોજન કરવાની સ્વતંત્રતા બાબતોને ઊંડાણપૂર્વક રજૂ કરે છે. તે દરેક જગ્યાએ નાગરિકોને લોકશાહી તેમના રોજિંદા જીવનને કેવી રીતે અસર કરે છે તે વિશે વિચારવાનું કારણ આપે છે. નેતાઓને સાંભળવા, અધિકારોનો આદર કરવા અને સત્તા પર નિયંત્રણ રાખવા માટે પણ વિનંતી કરવામાં આવે છે. સંદેશ સરળ છે, જ્યારે લોકો માહિતગાર અને સામેલ રહે છે, ત્યારે લોકશાહી શ્રેષ્ઠ કાર્ય કરે છે.




**લોકશાહી વાસ્તવિક પરિવર્તનના દ્વાર ખોલે છે, જે રોજિંદા જીવનમાં ન્યાયીતા, સ્વતંત્રતા અને સહિયારા નિર્ણયોના મૂલ્યો પર પ્રકાશ પાડે છે : સ્પષ્ટ બોલવાથી, સંપૂર્ણ સાંભળવાથી અને કાળજીપૂર્વક કાર્ય કરવાથી લોકશાહી મજબૂત બને છે**

# જામજોધપુર: એ.વી.ડી.એસ. કોલેજ ખાતે હિન્દી દિવસની ઉજવણી



**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

એ.વી.ડી.એસ.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુરમ મુકામે શનિવારે હિન્દી દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા કોલેજના પ્રિન્સિપાલ ડો.અલ્કેશ વાછાણી તથા કોલજ ટ્રસ્ટનાં પ્રમુખ રમેશભાઈ કાલરીયાએ તમામ સ્પર્ધકોને શુભેચ્છાઓ પાઠવી તથા વિજેતાઓને અભિનંદન આપ્યા. તેમણે હિન્દી ભાષાની મહત્તાવિશે પણ સંદેશ આપ્યો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડો.વિનોદરાય પરમાર, ડો.રાજિત યાદવ અને ડો.સુનિતા કંણઝારિયા રહેલ હતા.

આ કાર્યક્રમમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ ઉપસ્થિત રહેલ હતા.

# વાંકાનેર: પેટા તિજોરીને બંધ કરવાના નિર્ણયથી પેન્શનરોનો વિરોધ-મુખ્યમંત્રીને રજૂઆત

**અબતક**
**લિતેશ ચંદારાણા, વાંકાનેર**

સરકારના નાણાવિભાગ દ્વારા વાંકાનેર તાલુકા મથકની તિજોરી બંધ કરતા વાંકાનેર તાલુકા પેન્શનર અને સીનીયર સીટીઝન દ્વારા આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. જેમાં પેન્શનર મંડળ દ્વારા વાંકાનેર ૧૦૭૫ પેન્શનરો વહીવટ કરે છે. બેંક, સરકારી કચેરીઓ, અર્ધસરકારી કચેરી જેવા સ્ટેમ્પ સહિતના રોજીદા કામો માટે સરકારી કચેરી નગરપાલીકા, તાલુકા, મામલતદાર, પ્રાંત, ખેતીવાડી, સીવીલ વિભાગના બીલો અટવાશે ઉપરોકત બાબતે પેન્શનરો માંગણી ધ્યાને લઈ પુનઃ વિચાર કરવા માટે ગુજરાત રાજયના મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી હતી. યોગ્ય નિર્ણય કરવા વાંકાનેર તિજોરી ચાલુ કરવા રજૂઆત કરવામાં આવી હતી.

# ગોંડલ: દેરડી કુંભાજી ગામે પશુ દવાખાનું ડોકટર વિહોણું !

## પશુ દવાખાનામાં ડોકટરની નિમણુંક થતી ન હોવાથી પશુ-પાલકો, માલધારીઓ પરેશાન

**અબતક**
**હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલ તાલુકાના દેરડી (કુંભાજી) ગામના પશુ દવાખાનાના, છતમાં લટકતા લોખંડના સળીયાઓ અને ઉપરથી ખરતા પોપડાઓ, બારીની હાલત ખખડધજ સહિતના દ્રશ્યો જોખમી હોવાની સાથે બિલ્ડીંગ ખંઢેર હોવાની ચાડી ખાઈ રહ્યા છે. દેરડી(કુંભાજી) ગામમાં પશુઓના તબેલાઓ, પશુપાલનનો વ્યવસાય કરતા માલધારીઓ અને ગૌશાળા ઉપરાંત ગામમાં રખડતા ભટકતા પશુઓની સંખ્યા ખૂબ જ મોટી હોવા છતા સરકાર દ્વારા વર્ષોથી દવાખાનામાં પશુ ડોકટરની નિમણૂંક કરવામાં આવતી નથી.તો બીજી તરફ સરકાર દ્વાર ખંઢેર બનેલ પશુ દવાખાનાનુ નવુ બિલ્ડીંગ બનાવવા માટેના થોડો સમય પહેલા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હોવાનુ બોલાઈ રહ્યુ છે. પરંતુ સ્થાનિક ગામની નબળી માયકાંગલી નેતાગીરીને કારણે આજ દિવસ સુધી નથી બન્યુ પશુ દવાખાનાનું નવુ બિલ્ડીંગ કે નથી થઈ દવાખાનામાં પશુ ડોકટરની કાયમી નિમણૂંક જેમને લઈને પશુ પાલકો અને ગ્રામજનોમાં રોષ ભભૂકી ઉઠવા પામ્યો છે.

# જૂનાગઢ જિલ્લામાં બુધવારથી 'સ્વચ્છતા હી સેવા' અભિયાન



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

આ અંગે જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ''સ્વચ્છતા હી સેવા અભિયાન'' ને જનભાગીદારીથી સાર્થક બનાવવા માટે કલેકટર એ વિવિધ વિભાગના અધિકારીઓને માર્ગદર્શન આપ્યુ હતુ. કલેકટર એ સરકારી કર્મચારીઓ ઉપરાંત એનજીઓ, સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર અને નાગરિકોની જન ભાગીદારી વધારવા અંગે પણ જણાવ્યું હતું. આ ઉપરાંત શાળાઓ, આંગણવાડીઓની આસપાસ ગંદકીનું કાયમી નિરાકરણ થાય એ બાબતે પણ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને શહેરના અને જિલ્લાના પ્રવાસન સ્થળો, જાહેર સ્થળો એ સ્વચ્છતા માટેના સતત પ્રયાસો થાય એ અંગે પણ સૂચનાઓ આપી હતી

જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં તા.૧૭ સપ્ટેમ્બર થી તા.૨ ઓક્ટોબર સુધી ચાલનારા સ્વચ્છતાઉત્સવ દરમિયાન જાહેર સ્થળો ઉપરાંત પ્રવાસન, ધાર્મિક, ઔદ્યોગિક વિસ્તારો સહિતના સ્થળોએ જન ભાગીદારીથી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાશે.

# સાબરકાંઠા જિલ્લામાં ૧૪૪ ટકા વરસાદ

## જિલ્લાના મોટાભાગના જળાશયો છલોછલ



**અબતક, સંજય દીક્ષીત, ઈડર**

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા દસ દિવસથી વરસાદે વિરામ લીધો છે અને જિલ્લાના મુખ્ય જળાશયોમાં પાણીની આવકમાં પણ ઘટાડો નોંધાયો છે ગુહાઈ ડેમ ૯૬.૯૯ ટકા ભરાયો છે અને હાલમાં તેમાં પાણીની આવક બંધ છે હરણાવ ડેમ ૯૬.૩૮ ટકા ભરાયો છે જેમાં માત્ર ૫૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે હાથમતી જળાશય ૧૦૦ ટકા ભરાયેલું છે જ્યાં ૮૬૫ ક્યુસેક પાણીની આવક અને જાવક સમાન છે આના કારણે હિંમતનગરમાં હાથમતી પિકઅપ વિયરમાં ઓવરફ્લોનું પ્રમાણ ઘટ્યું છે જિલ્લામાં અત્યાર સુધી ચોમાસામાં ૧૪૪ ટકા વરસાદ નોંધાયો છે તમામ આઠ તાલુકામાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ થયો છે ખેડબ્રહ્મામાં સૌથી વધુ ૧૯૬.૫૯ ટકા વરસાદ નોંધાયો છે વડાલીમાં ૧૯૦.૫૯ ટકા,ઈડરમાં ૧૬૨.૩૬ ટકા,વિજયનગરમાં ૧૩૬.૯૪ ટકા,તલોદમાં ૧૩૫.૬૪ ટકા, હિંમતનગરમાં ૧૨૧.૩૧ ટકા, પોશીનામાં ૧૦૩.૯૮ ટકા અને પ્રાંતિજમાં ૧૦૩.૮૬ ટકા વરસાદ થયો છે.

# કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૫-૦૯-૨૦૨૫ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઉંબરો)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (બીરબલ કી સબ્જી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રવિ ઠેસીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૬-૦૯-૨૦૨૫ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ. ગીરીબાપુ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

# અબતક પંચાગ

**તા.૧૬-૯-૨૦૨૫ મંગળવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** ભાદરવા વદ દશમ દશમનું શ્રાધ્ધ
**નક્ષત્ર** આર્દ્રા
**યોગ** વરિયાન **કરણ:** વણિજ
**સુર્યોદય** ૬.૩૫ **સુર્યાસ્ત:** ૬.૪૯
**ચંદ્ર રાશી** મિથુન મંગળવારે રાત્રે ૧૨.૨૯થી કર્ક
**રાશિ અક્ષર** ક.છ.ઘ/ડ.હ
**દિશાશૂળ** ઉત્તર તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૭ થી ૧.૦૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

# સૂડોકુ -૯૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૮ | ૫ | | | | | |
| | ૯ | | | | | | | |
| | | | ૩ | ૨ | ૬ | | | |
| | | ૨ | | | ૫ | ૩ | | |
| ૫ | | | | | ૪ | | | ૭ |
| | | | | | | ૨ | ૧ | |
| ૭ | | | | | ૯ | | ૪ | |
| | ૩ | | | ૮ | | | | |
| | | ૯ | | | ૨ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૯ | ૮ | ૬ | ૩ | ૭ | ૨ | ૧ | ૫ |
| ૨ | ૧ | ૫ | ૮ | ૯ | ૪ | ૭ | ૬ | ૩ |
| ૩ | ૬ | ૭ | ૨ | ૧ | ૫ | ૮ | ૯ | ૪ |
| ૬ | ૮ | ૧ | ૩ | ૫ | ૯ | ૪ | ૭ | ૨ |
| ૫ | ૨ | ૪ | ૭ | ૮ | ૧ | ૬ | ૩ | ૯ |
| ૭ | ૩ | ૯ | ૪ | ૨ | ૬ | ૫ | ૮ | ૧ |
| ૯ | ૫ | ૨ | ૧ | ૭ | ૮ | ૩ | ૪ | ૬ |
| ૧ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૯ | ૨ | ૮ |
| ૮ | ૪ | ૩ | ૯ | ૬ | ૨ | ૧ | ૫ | ૭ |

# આવતીકાલનું રાશિફળ

**તા.૧૬.૯.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૧, ભાદરવા વદ દશમ, આર્દ્રા નક્ષત્ર, વરિયાન યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય, દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય, શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** આંતરિક સંબંધોમાં સારું રહે, મતભેદ નિવારી શકો, વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.

**કર્ક (ડ,હ) :** નિયમિત જીવનપદ્ધતિથી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પર થી શીખવું પડે.

**સિંહ (મ,ટ) :** વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ, સ્ત્રીવર્ગને પણ સારું રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** પરિવાર સાથે આનંદ માણી શકો, દિવસ, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.

**તુલા (ર,ત) :** નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે,વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા શોખ માટે સમય ફાળવી શકો, મનથી હળવાશ અનુભવી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.

**મકર (ખ,જ) :** બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો,નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**કુંભ (ગ,સ,શ) :** મિત્રો સાથે આનંદ માણી શકો,ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ, નોકરિયાતવર્ગને સારું રહે, ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.

# સાવરકુંડલામાં પાણીના ટાંકાના બાંધકામમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ: મુખ્યમંત્રીને ‘રાવ’

## નલ સેજલ યોજનાના કામમાં ગેરરીતી કરનાર કન્સ્ટ્રકશન કંપની સામે પગલા ભરવા માંગ



**અબતક, સાવરકુંડલા**

કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી ‘‘નલ સે જલ‘‘ યોજના હેઠળ સાવરકુંડલા શહેરમાં ગોંદરા વિસ્તારમાં બનેલા એક વિશાળ પાણીના ટાંકાના અત્યંત નબળા બાંધકામ અને તેમાં થયેલા વ્યાપક ભ્રષ્ટાચાર અંગે સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શહેરના જાગૃત નાગરિક સોહીલ કે. શેખ દ્વારા આ મામલે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને તાત્કાલિક ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરવામાં આવી છે.

સોહીલ શેખે પોતાના પત્રમાં જણાવ્યું છે કે, આ ટાંકાનું બાંધકામ વ્રજ કન્સ્ટ્રકશન દ્વારા કરવામાં આવ્યું છે. પરંતુ, ટાંકો હજુ સુધી ચાલુ પણ કરવામાં આવ્યો નથી ત્યાં તેમાંથી અનેક જગ્યાએથી પાણી લીક થઈ રહ્યું છે. આ ઉપરાંત, ટાંકાના ઉપરના ભાગેથી આર.સી.સી. તૂટી ગયું હોવાનું પણ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે, બાંધકામ સમયે એન્જીનયર દ્વારા દેખરેખ પણ રાખવામાં આવી નથી તેવો આક્ષેપ કરવામાં આવ્યો છે.

સ્થાનિક નાગરિકો દ્વારા નગરપાલિકા અને અન્ય સંબંધિત અધિકારીઓને વારંવાર રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. ઉલટાનું, લીક થયેલા ટાંકાને રિપેર કરીને આ ગેરરીતિને છુપાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તેવો આપેક્ષ કરાયો છે. આ નબળું બાંધકામ ભવિષ્યમાં મોટી દુર્ઘટનાનું કારણ બની શકે છે, જેનાથી નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મુકાઈ શકે છે.

પત્રમાં મુખ્યમંત્રીને આ સમગ્ર મામલાની ગંભીરતાથી નોંધ લઈને તાત્કાલિક ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરવા અને જવાબદાર અધિકારીઓ, એન્જિનિયરો તેમજ કોન્ટ્રાક્ટર વ્રજ કન્સ્ટ્રકશન સામે કડક કાર્યવાહી કરવા માંગણી કરવામાં આવી છે,

# રાજકોટ સહિત રાજ્યના ૨૮૦ બાર એસો.ની ચૂંટણી જાહેર: ૧૯મી ડિસેમ્બરે મતદાન

## તમામ બાર એસો.એ તા.૨૦મી નવેમ્બર સુધીમાં મતદાર યાદીનું લીસ્ટ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં મોકલવા આદેશ

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં વકીલ મંડળોની દર વર્ષે ચૂંટણી યોજવામાં આવે છે. ત્યારે આગામી ૨૦૨૬-૨૭ની ચૂંટણીના પડઘમ વાગ્યા હોય તેમ બાર કાઉન્સીલ ઓફ ગુજરાત દ્વારા રાજકોટ સહિત રાજ્યના ૨૮૦ બાર એસો.ની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. તમામ બાર એસો. આગામી ૨૦ નવેમ્બર સુધીમાં મતદારયાદીનું લીસ્ટ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતને મોકલી આપવાનું રહેશે. ત્યાર બાદ ૧૯મી ડિસેમ્બરના રોજ તમામ બાર એસો.ની ચૂંટણી યોજાશે. તેવો બાર એસો.ની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલ ના અધ્યક્ષપદ હેઠળ મળેલ મીટીંગમા તા. ૧૯/૧૨/૨૦૨૫ ના રોજ ગુજરાતના ૨૮૦ બાર એસોશીએશન ની ચુટણી ફરજીયાત યોજવાની નક્કી કરેલ. અને જેમા તા. ૧૫/૧૧/૨૦૨૫ સુધી વન બાર વન વોટ‘‘ હેઠળ બાર એસોશીએશનના સભ્ય બનનાર જે તે બાર એસોશીએશનમા મતદાન કરી શકશે. અને એ બાર એસોશીએશને તા.૨૦/૧૧/૨૦૨૫ સુધીમા મતદારયાદીનુ લીસ્ટ બાર કાઉનિસલ ઓફ ગુજરાત ને મોકલવાનુ રહેશે.

કોઈપણ ધારાશાસ્ત્રી ‘‘વન બાર વન વોટ‘‘ હેઠળ સભ્ય બનવા માંગતો હોય તેમ છતા તેમને બાર એસોશીએશનના સભ્ય ન બનાવે તો તેવા ધારાશાસ્ત્રીએ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને ‘‘વન બાર વન વોટ‘‘ હેઠળનુ ફોર્મ તેમજ બાર એસોશીએશનના સભ્ય બનવાની અરજી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને મોકલી આપવાની રહેશે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની મીટીંગમા ૫ સભ્યો ની ઈલેકશન કમિટી બનાવવામા આવેલ અને કોઈપણ બાર એસોશીએશનમા ચુંટણીમા ગેરરીતી અથવા ચુંટણી પ્રક્રિયા મા ખામી જણાય તો બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને અપીલ કરી શકશે.વધુમા આજની સભામા સુપ્રિમ કોર્ટમા સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન ન.૮૧૯/૨૦૨૪ મા ગુજરાતના હાઈકોર્ટ બાર એસોશીએશન તેમજ ૩૪ ડીસ્ટ્રિક્ટ બાર એસોશીએશનની આપેલ આદેશ અનુસાર ટ્રેઝરરની પોસ્ટ મહીલા ધારાશાસ્ત્રી માટે રીઝર્વ રાખવાની રહેશે તેમજ એક્ઝીક્યુટીવ કમીટીમા ૩૦% મહીલા ધારાશાસ્ત્રીઓને સુપ્રીમ કોર્ટ ના ચુકાદા અનુસાર પ્રતિનિધીત્વ આપવાનુ રહેશે અને તે મુજબ ઉપરોકત ચુકાદાનું લાગતા-વળગતા બાર એસોશીએશઓએ અક્ષરસહ પાલન કરવાનુ રહેશે. મીટીંગમા જે ધારાશાસ્ત્રીઓએ હજી સુધી ‘‘Bar Council of India Cretificate and Place of Practice (Verification) Rules, ૨૦૧૫’’ હેઠલના ફોર્મ ભરેલ નથી તેવા તમામ ધારાશાસ્ત્રીઓને ૩૦ દિવસમા વોટસએપ મેસેજ દ્વારા ફોર્મ ભરવા તેમજ તે સાથે તેમના શૈક્ષણિક અભ્યાસની માર્કશીટસ મોકલી આપવા જાણ કરવામાં આવશે.બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના વાઈસ-ચેરમેન મુકેશ સી. કામદાર, બાર કાઉનિસલ ઓફ ઈન્ડિયા ના સભ્ય દિલીપ કે. પટેલ, એનરોલમેન્ટ કમીટી ના ચેરમેન મનોજ એમ.અનડકટ, ફાઈનાન્સ કમીટીના ચેરમેન અનિલ સી.કેલ્લા, રુલ્સ કમીટીના ચેરમેન પ્રવીણ ડી.પટેલ. જીએલએચ કમીટીના ચેરમેન ભરત વી.ભગત તથા સભ્યો મીટીંગમાં હાજર રહ્યા હતાં.

# જૂનાગઢ શહેરમાં ગંદકીના ગંજ ખડકાયા: સફાઈ કામદારોનું આંદોલન છઠ્ઠા દિ‘માં પ્રવેશ્યું

## મનપાના અધિકારી - પદાધિકારીઓ, કામદાર યુનિયનોની બેઠક નિષ્ફળ



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ મનપાના સફાઈ કામદારોના આંદોલને આજે છઠા દિવસમાં પ્રવેશ્યું છે, અને હજુ પણ પોતાની સંપૂર્ણ માંગણીઓ નહીં સંતોષાય ત્યાં સુધી અચોક્કસ મુદતની હડતાલ યથાવત રાખવામાં આવશે તેવું આંદોલનકારીઓ જણાવી રહ્યા છે. તો બીજી બાજુ જુનાગઢ શહેરમાં ગંદકીના ગંજ ખડકાયા છે, શહેરની મુખ્ય બજારો અને વિવિધ ચોક તથા રસ્તાઓ ઉપર જ્યાં જુઓ ત્યાં ગંદકી અને કચરો નજરે પડી રહ્યો છે. ત્યારે નગરજનો માટે આ એક વધુ સમસ્યા સામે આવતા લોકો પરેશાન થઈ જવા પામ્યા છે.

લગભગ ૮૦૦ જેટલા સફાઈ કર્મચારીઓ હડતાલ ઉપર ઉતરી જતા શહેરમાં અત્ર, તત્ર,.સર્વત્ર ગંદકી અને કચરાના ઢગ નજરે પડી રહ્યા છે.

જો કે, શનિવારે બપોરે સફાઈ કામદારોને પ્રશ્નને લઈને કોર્પોરેશનના અધિકારીઓ, પદાધિકારીઓ, સફાઈ કામદાર યુનિયનના પ્રમુખ તથા વાલ્મિકી સમાજના અગ્રણીઓની એક બેઠક યોજાઈ હતી, આ બેઠક અંગે મનપાના મેયર ધર્મેશ પોશીયાએ જણાવ્યું હતું કે, સફાઈ કામદારોનું ૧૦/૨૦/૩૦ નું પગાર ધોરણ વધારો, રૂ. ૭ હજાર પગારમાં ૩ હજારનો વધારો કરી ૧૦ હજાર કરી દેવો તથા કર્મચારી ચાલુ નોકરીએ અવસાન પામે તો રૂ. ૮ લાખના બદલે ૧૪ લાખ આપવા નક્કી કર્યું છે. આમ મનપા દ્વારા સ્થાનિક લેવલે ૩ પ્રશ્નોનો ઉકેલ લાવવા નક્કી કરાયું છે, જ્યારે સફાઈ કર્મીઓની અમુક માંગો સરકાર લેવલની છે, જેમાં ચાલુ નોકરી એ કર્મચારી રાજીનામું આપે તો તેના વારસદારને નોકરી આપવી, સેટઅપમાં ૯૬ ની જગ્યા છે તેના માટે સરકારમાં રજૂઆત કરી ફિક્સ પગારમાં લેવા, જેવા પ્રશ્નોના ઉકેલ માટે સફાઈ કામદાર યુનિયનના પ્રમુખ અને જ્ઞાતિના પ્રમુખ જ્યારે કહે ત્યારે પ્રશ્નો ઉકેલાય નહીં ત્યાં સુધી ગાંધીનગર જવા અમે તૈયાર છીએ. અને અમોએ સફાઈ કર્મચારીઓને હડતાલ પૂરી કરી કામે લાગી જવા જણાવ્યું છે.

જો કે, આ બેઠક બાદ સફાઈ કામદાર યુનિયનના પ્રમુખ વિજયભાઈ વાળા એ જણાવ્યું હતું કે, મનપાના અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે આજે અમારી લંબાણપૂર્વકની બેઠક યોજાઈ હતી. જેમાં અમુક પ્રશ્નો માટે મનપા તંત્ર એ તૈયારી બતાવી છે. પરંતુ અમુક પ્રશ્નોનું નિરાકરણ આવતું નથી.

દરમિયાન ‘અબતક’ સાથેની મુલાકાતમાં સફાઈ કામદાર યુનિયનના પ્રમુખ વિજય વાળાએ જણાવ્યું હતું કે, અમો આજે સત્યાગ્રહ છાવણી નાખીને ધરણા કરશું અને આવતીકાલે ૧૬ મી ના રોજ મહારેલી કાઢીને કલેકટરને આવેદનપત્ર આપશું. આ માટે અમે તંત્રની મંજૂરી માંગી છે, જો.મંજૂરી મળશે તો અમારા કાર્યક્રમમાં યોજાશે. તેમ છતાં જો માંગ નહીં સંતોષાય તો આગામી સમયમાં મનપા કચેરીને તાળાબંધી કરવાનું પણ આયોજન વિચારાઈ રહ્યો છે.

# સુરેન્દ્રનગરના પરીક્ષા કેન્દ્રો પર ૫૬૦૦ વિદ્યાર્થીઓએ આપી મહેસુલ તલાટીની પરીક્ષા



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સમગ્ર રાજ્ય સાથે સુરેન્દ્રનગર શહેરી વિસ્તારોમાં પણ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મહેસુલી તલાટી વર્ગ-૩ ની પ્રાથમિક પરીક્ષા યોજાઈ હતી. તમામ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી. જ્યારે તંત્ર દ્વારા પરીક્ષાર્થીઓને કોઈ હાલાકી ન પડે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સહિત તમામ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી હતી. સુરેન્દ્રનગર ખાતે તલાટીની પરીક્ષામાં કુલ ૯૨૨૨ પરીક્ષાર્થીઓ પૈકી ૫૬૦૦ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી જ્યારે ૩૬૨૨ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યાં હતાં. અંદાજે ૬૦.૭૩ ટકા પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. તલાટીની પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતી ન થાય અથવા પરીક્ષાર્થીઓને કોઈ વીક્ષેપ ન પડે તે માટે ડેપ્યુટી કલેકટર કક્ષાના અધિકારીઓ સહિત ગૌણ સેવા પસંદગી મંડળના પ્રતિનિધિઓ અને સુપરવાઈઝરોએ સતત મોનીટરીંગ કર્યું હતું. તમામ પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી.

**જાહેર નોટીસ**

પરચૂરણ અરજી નં.૪૨૧/૨૦૨૫
શ્રી વલ્લભભાઈ જીવાભાઈ ગોરાસવા
રહે.કંધેવાળીયા તા.વિંછીયા
જિ.રાજકોટ ..........અરજદાર

વિરૂધ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંઘણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રી,કંધેવાળીયા
તા.વિંછીયા ..........સામાવાળા

**વિષય: જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારના પુત્રીશ્રી આશાબેન વલ્લભભાઈ ગોરાસવાનો જન્મ તા.૦૧-૦૧-૨૦૦૮ના રોજ વિંછીયા તાલુકાના કંધેવાળીયા ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમય સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૨૯/૦૯/૨૦૨૫ના રોજ બપોરેના ૩:૦૦ કલાકે હાજર રહેવુ. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જસદણ

# ઉપલેટા: પોલીસ સ્ટેશનના વાર્ષિક ઈન્સ્પેકશન સાથે પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે યોજ્યો ‘લોક દરબાર’

## ૨૫ મોબાઈલ સાથે છેતરપિંડીના ભોગ બનેલાઓને લાખોનો માલ પરત કરાવાયો






**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

રાજકોટ જીલ્લાના નવ નિયુકત પોલીસ વડા દ્વારા ગઈકાલે ઉપલેટા પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઈન્સ્પેકશન કરાયું હતું. તેમજ પ્રજાના પ્રશ્નો અંતર્ગત લોક દરબાર યોજાયો હતો. જેમાં ખોવાઈ ગયેલા મોબાઈલો તેમજ સાયબર ફ્રોડનો ભોગ બનેલાઓ રકમ પરત કરાયેલ હતી.

ઉપલેટા પોલીસ સ્ટેશનના વાર્ષિક ઈન્સ્પેકશન વખતે જીલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર દ્વારા સ્થાનીક પોલીસ સ્ટેશનની વિવિધ ડાયરીઓ ચકાસણી બાદ એક વર્ષનો ક્રાઈમ અભ્યાનસ કર્યા હતા તેમજ પોલીસ જવાનોની પરેડ લીધી હતી. ત્યારબાદ પ્રજાના કોઈ પ્રશ્નો હોય તે માટે લોક દરબાર યોજાયો હતો જેમાં પ્રજામાંથી આવેલા પ્રશ્નોની નોંધ લઈ સ્થાનીક અધિકારીઓને ઘટતું કરવા તાકીદ કરી હતી. તેમજ ૨૦૨૫ માં ખોવાયેલા ચોરાયેલા મોબાઈલ તેમજ સાયબર ફ્રોડ માં ભોગ બનેલા લોકો માટે તેરા તુજ કો અર્પણ અંતગત નાના મોટા ૨૫ મોબાઈલો કિંમત રૂ. ૪,૩૯,૯૧૩ તેમજ સાઈબર ફ્રોડમાં ભોગ બનનારા લોકોને રૂ. ૩,૨૪,૯૯૮ પરત અપાવેલા હતા. આ તકે સ્થાનીક પોલીસ દવારા સાઈબર ફ્રોડ અને ગુમ થયેલા મોબાઈલ મુઈ લોકોને પરત કરતા પોલીસની પ્રસંશા કરાઈ હતી. આ તકે ધોરાજી એએસપી સિમરન ભારદ્વાજ અને સ્થાનીક પી.આઈ. બી.આર. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# લીંબડીમાં ૭૨ તપસ્વીઓની ૭૨ દિવસની ઉગ્ર તપસ્યાના પારણા



**અબતક, લીંબડી**

લીંબડીના આંગણે તપસ્વી રત્ન શેઠ પ્રિયંકભાઈ તથા પત્રકાર હિતેશભાઈ શાહ તથા ૭૨ તપસ્વીઓ ને ૨૪ જિન દીક્ષા કલ્યાણક તપની ૭૨ દિવસની ઉગ્ર તપસ્યા દેવ ગુરૂ પસાયે નિર્વિઘ્ને પૂર્ણ થઈ ગઈ છે જેના પારણા નિમિત્તે ત્રિ-દીવસીય મહોત્સવ માં પારણા તા. ૧૪-૯-૨૦૨૫ રવિવારે સવારે ૮ થી ૧૦ રાખેલ આ પ્રસંગે ગુજરાત રાજ્ય ગ્રાહક સુરક્ષા પરીસદ મંત્રી વૈભવભાઈ ચોકસી તથા લીંબડી જૈન મૂર્તિપૂજક સંઘ ના રવિભાઈ શાહ તથા ગુજરાત જૈન યુવા સેના અધ્યક્ષ વિપુલકુમાર જે શાહ એડવોકેટ તથા ઝાલાવાડ ફેડરેશનના શ્રીપાલ સિંહ નીરવભાઈ સોની તથા અન્ય શ્રાવક અને શ્રાવિકાઓ તથા લીંબડી જૈન અગ્રણીઓ જોડાયા હતા તેમજ કમલેશ ભાઈ શાહ તથા પ્રફુલભાઈ વોરા હિતેષભાઈ ચોકી વાળા હિતેષભાઈ દોશી અશોકભાઈ દોશી તથા કેતનભાઈ ખભલાવ વાળા મુકેશભાઈ શેઠ પ્રમુખ વણિક સમાજ તથા શૈલેષભાઈ શેઠ નિમિષભાઈ શેઠ ચેતનભાઈ શેઠ પારસભાઈ શાહ તેમજ સમીરભાઈ તથા મુકેશભાઈ ચોકી વાળા બિપિનભાઈ પરીખ વગેરે જોડાયા હતા

**-: જાહેર નોટીસ :-**

બી. એન્ડ ડી. રજી નં.૧૬૧/૨૦૨૫
શ્રી સમા જરીનાબેન જહીરભાઈ વા/ઓ શેખ સલીમભાઈ
રહે.હાથીયાધાર પોલીસ લાઈન સામે,તા.પાલીતાણા ..........અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસરશ્રી,
નગરપાલીકા કચેરી-પાલીતાણા ..........સામાવાળા

**વિષય:-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી સમા જરીનાબેન જહીરભાઈ વા/ઓ શેખ સલીમભાઈના નાની બહેન સમા શયદાબાનુ જહીરભાઈનો જન્મ તા.૧૨/૦૩/૧૯૯૩ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રી ના નાની બહેનના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે, જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના નાની બહેનના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ:- પાલીતાણા
તારીખ:- ૧૨-૯-૨૦૨૫
કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, પાલીતાણા

**-: જાહેર નોટીસ :-**

બી. એન્ડ ડી. રજી નં.૧૬૦/૨૦૨૫
શ્રી ગોહિલ વકતુબેન કનુભા
રહે.સર્વોદય સોસાયટી પાછળ,નાવડીયાની વાડી તા.પાલીતાણા ..........અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસરશ્રી,
નગરપાલીકા કચેરી-પાલીતાણા ..........સામાવાળા

**વિષય:-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી ગોહિલ વકતુબેન કનુભાના પુત્ર ગોહિલ અજીતસિંહ કનુભાનો જન્મ તા.૧૯/૦૧/૧૯૮૩ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રી ના પુત્રના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્રના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ:- પાલીતાણા
તારીખ:- ૧૨-૦૯-૨૦૨૫
કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, પાલીતાણા

**-: જાહેર નોટીસ :-**

બી. એન્ડ ડી. રજી નં.૧૬૪/૨૦૨૫
શ્રી કાળીબેન લાભુભાઈ ડોડીયા
રહે બાપા સીતારામની મઢી.
ગૌશાળા પાસે વાલ્મીકીવાસ.તા પાલીતાણા ..........અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા
તા. પાલીતાણા જી. ભાવનગર ..........સામાવાળા

**વિષય:-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે મરણ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી કાળીબેન લાભુભાઈ ડોડીયાના દેરાણી ગવુબેન રમેશભાઈ ડોડીયાનું અવસાન તા. ૦૫/૦૫/૧૯૮૫ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રી ના દેરાણીના અવસાન અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. અવસાન અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે અરજદારશ્રીએ તેમના દેરાણીના અવસાન અંગેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા ના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખું હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચૂક હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ:- પાલીતાણા
તારીખ:- ૯-૯-૨૦૨૫
કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, પાલીતાણા

**જાહેર નોટીસ**

પરચૂરણ અરજી નં.૦૨/૨૦૨૫
શ્રીરાજુબેન શામળાભાઈ રગીયા
રહે. અમરાપુર, તા. વિછીયા,
જિ.રાજકોટ ..........અરજદાર

વિરૂધ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રીશ્રી,અમરાપુર
તા વિછીયા ..........સામાવાળા

**વિષય: જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીના પુત્ર ધનાભાઈ શામળાભાઈ રગીયાનો જન્મતા. ૧૫/૦૬/૧૯૮૧ના રોજ વિછીયા તાલુકાના અમરાપુર ગામે થતાં તેમના જન્મની નોંધ જે તે સમય સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેમના જન્મ નોધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહુ હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુક્ત તા. ૨૪/૦૯/૨૦૨૫ના રોજ બપોરેના ૩:૦૦ કલાકે હાજર રહેવું તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિદ્ધ કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર એવું, કસુર થયે સદરહુ કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી

આજ તા.૧૨/૦૯/૨૦૨૫ના રોજ મારી સહીં તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જસદણ

**જાહેર નોટીસ**

પરચૂરણ અરજી નં.૪૨૦/૨૦૨૫
શ્રી હામાભાઈ ભીખાભાઈ હાડગરડા
રહે.કંધેવાળીયા તા.વિંછીયા
જિ.રાજકોટ ..........અરજદાર

વિરૂધ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રી,કંધેવાળીયા
તા.વિંછીયા ..........સામાવાળા

**વિષય: જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારના પુત્રીશ્રી મધુબેન હામાભાઈ હાડગરડાનો જન્મ તા.૨૫-૦૨-૧૯૯૭ના રોજ વિંછીયા તાલુકાના કંધેવાળીયા ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમય સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૨૯/૦૯/૨૦૨૫ના રોજ બપોરેના ૩:૦૦ કલાકે હાજર રહેવુ. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહુ કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જસદણ

તંત્રી લેખ

# પાક નુકસાનીના સર્વેની કામગીરીની પારદર્શકતા કૃષિ-જગતાત માટે આશિર્વાદરૂપ

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારત હવે આર્થિક મહાસત્તા બનવા જઈ રહ્યું છે દેશની વસ્તીના ૮૦% થી વધુ લોકો ગ્રામ્ય વિસ્તારમાં રહે છે અને તેમાંથી મોટાભાગના લોકો પરોક્ષ અને પ્રત્યક્ષ રીતે ખેતી સાથે સંકળાયેલા છે, એટલે ભારત કૃષિ પ્રધાન દેશ છે.પરંતુ ભારતમાં ખેતીના કામ માટે વિશાળ જન સંખ્યા અને ખેતીલાયક પુષ્કળ જમીન હોવા છતાં ભારતની ખેતી સંપૂર્ણપણે વરસાદ આધારિત હોય અને તેની આવક નિશ્ચિત ન હોવાથી ભારતમાં ખેતીને ઉદ્યોગનો દરજ્જો મળ્યો નથી.

ભારતની ખેતી સંપૂર્ણપણે કુદરત આધારિત છે અને ચોમાસાના વરસાદ પર જ દેશનું કૃષિ ભવિષ્ય નિર્ભર હોય અને દાયકામાં બે ચાર વર્ષે અતિવૃષ્ટિ અથવા તો અનાવૃષ્ટિના કારણે કૃષિ ઉત્પાદન અને મોલાતો માટે વર્ષ નિષ્ફળ નીવડતા હોય છે.ખેડૂતોને નુકસાનીનું વળતર આપવાની વ્યવસ્થા છે હવે તેમાં સુધારો કરવાના ચક્રો ગતિમાન કર્યા છે. કૃષિ વળતરમાં હવે અત્યાર સુધીની વ્યવસ્થા મુજબ માત્ર પાણીપત્ર નહીં પરંતુ હવે ડિજિટલ ક્રોપના સર્વે દ્વારા નુકસાની નો અંદાજ લગાવવામાં આવશે. આ પ્રક્રિયાથી નુકસાનીના સર્વે અને વિમાની ચુકવણીમાં પારદર્શકતા આવશે, સરકાર દ્વારા ખેડૂતોએ કરાવેલી નોંધણીમાં દર્શાવેલા પાક અને સર્વે નંબર નું સેટેલાઈટ ઈમેજ આધારિત વેરિફિકેશન અને ડિજિટલ ક્રોપના સર્વે કરવાનું નક્કી કરાયું છે.આઆગવી વ્યવસ્થામાં ખેડૂતોને વળતર મેળવવા ની પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક બનશે અને

ગેરરીતી પર લગામ આવશે, અને જે ખેડૂતોને ખરા અર્થમાં નુકસાન થયું હોય તેવા ખેડૂતોને પૂરતું વળતર આપવાનો માર્ગ મોકળો બનશે આમ પાણી પત્રક આધારિત નહીં પરંતુ ડીજીટલ ક્રોપના સર્વે દ્વારા કૃષિ પાકના નુકસાનીના અંદાજ આપવાથી ખેડૂતો અને ખેતી વધુ સધ્ધર બનશે.

ભારતને આર્થિક મહાસત્તા બનાવવાના લક્ષ્યને પાર પાડવા અર્થતંત્રનું કદ પાંચ ટ્રીલીયન અમેરિકન ડોલર સુધીનું લઈ જવાના લક્ષ્યાંક માં કૃષિ અને કૃષિની આવક હાથીનો પગ સાબિત થશે ત્યારે ખેડૂતોની આવક બમણી કરવા કૃષિને સધ્ધર બનાવવા ટેકાના ભાવમાં વધારાથી લઈ કૃષિને ટેકનોલોજી સાથે વધુમાં વધુ સાંકળવાના પ્રયાસો આવનાર દિવસોમાં ભારત માટે આશીર્વાદરૂપ અને વિશ્વના અનેક વિકસિત અને અવિક્ષિત દેશ માટે પ્રેરણા બનશે પાણી પત્રક નહીં પરંતુ ડિજિટલ ક્રોપના સર્વે દ્વારા પાક નુકસાનના અંદાજ આપવાના સરકારના પ્રયત્નો અને તેનો અમલ ખૂબ જ સારા પરિણામ આપશે તેમાં બે મત નથી.

# બીલખા: બ્રહ્મલીન ગોપાલનંદબાપુની ૭મી પૂણ્યતિથિની ભકિતભાવ સાથે ઉજવણી

## મુકતાનંદબાપુના સાનિધ્યમાં ભજન, ભોજન, પુજન સાથે અનેક સંતો ઉપસ્થિત રહ્યા





**અબતક,ગીજુભાઈ વિકમા, બિલખા**

બીલખા રાવતેશ્વર ધર્માલય ખાતે બ્રહ્મલીન ગોપાલનંદબાપુની ૭મી પૂણ્યતિથિ રવિવારના રોજ બીલખા ખાતે મુકતાનંદજી બાપુની નિશ્રામાં સવારે દાદાગુરૂ ગોપાલનંદજી બાપુની ચરણ પાદુકાનું પૂજન કરવામાં આવેલ બાદમાં ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા નિકળેલ ત્યાંથી પૂ. બાપુની પ્રતિમાનું પૂજન અર્ચન કરવામાં આવેલ ભકતો તેમજ ગ્રામજનો બહોળી સંખ્યામાં જોડાયેલ.

જ્યાં ધર્મસભાનું આયોજન કરવામાં આવેલ, શંભુ પંચ અગ્નિ અખાડાના સંતો તેમજ ગૌરક્ષ આશ્રમ જૂનાગઢથી શેરનાથબાપુ તેમજ સતાધશર જગ્યાના મહંત વિજયબાપુ તથા ખાખીમઢી મેંદરડા સુખરામદાસ બાપુ, જગજીવનબાપુ ઉપસ્થિત રહેલ.

મુકતાનંદજી બાપુએ તેમના વકતવ્યમાં જણાવેલ કે શંભુ પંચ અગ્નિ અખાડો બ્રહ્મચારીઓનો છે અને તેના વિકાસ અને ઉન્નતી માટે કાર્ય કરતા રહેવા અને અખાડાની ગરીમાં જળવાઈ રહે તેવી રીતે અખાડાના સંતો રહેવું. બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહીને ભજન ભોજન ભકિતનો આનંદ માણેલ.

તદ ઉપરાંત બ્રહ્માનંદ ધામના અગ્રણીઓ રાઠોડભાઈ, રતીભાઈ જેઠવા, કમલેશભાઈ ધાધલ, ચીરાગભાઈ લેષભાઈ સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ.

# પાલિતાણા: હસ્તગીરી તીર્થમાં નવા આરોગ્ય કેન્દ્રનો પ્રારંભ: ગામમાં ૧૪૦ સ્ટ્રીટલાઈટો અર્પણ

## શત્રુંજય યુવક મંડળનું નિ:શુલ્ક દવાખાનું પાંચ ગામો માટે બનશે આશિર્વાદ



**અબતક, અંકુર મહેતા, પાલિતાણા**

પાલિતાણાના સુપ્રસિધ્ધ હસ્તગીરી તીર્થમાં શત્રુંજય યુવક મંડળ દ્વારા બનાવાયેલા નિ:શુલ્ક સેવા આપનાર દવાખાનાનો સામાજીક આગેવાનો, અધિકારી, પદાધિકારીઓની ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાં આવ્યો છે. ગામમાં નિ:શુલ્ક દવાખાનું અને ૧૪૦ સ્ટ્રીટલાઈટના શત્રુંજય યુવક મંડળના યોગદાનથી ગામમાં બે-બે સવલતોથી ગામમાં આગોતરી દિવાળી જેવો માહોલ ઉભો થયો છે. હસ્તગીરી તીર્થમાં નવા દવાખાના અને ૧૪૦ સ્ટ્રીટલાઈટોની અર્પણ વિધિમાં પાલિતાણા મામલતદાર અર્જુનસિંહ ડી. ડોડીયા અને રૂરલ પી.આઈ રબારીની ઉપસ્થિતિમાં સમસ્ત ગ્રામજનોની હાજરીમાં નવા દવાખાનાનો શુભારંભ થયો. હસ્તગિરી ગ્રામપંચાયતના પૂર્ણ સહયોગથી પાંચથી વધારે ગામોને આ વ્યવસ્થાનો લાભ મળશે. સાથે - સાથે શ્રી શત્રુંજય યુવક મંડળ દ્વારા ૧૪૦ જેટલી સ્ટ્રીટ લાઈટ આપી સમગ્ર ગામમાં દિવાળી પહેલા દિવાળીની ઉજવણી કરાઈ. આ સાથે ગ્રામજનો વન્ય પ્રાણીઓના ભયથી ભય મુક્ત થશે. ઉપસ્થિત ગ્રામજનો અને વિવિધ ગામના સરપંચો દ્વારા શત્રુંજય યુવક મંડળના કાર્યોની નોંધ લેવાઈ અને તેઓ એ ભવિષ્યમાં થતાં કાર્યોને સહકાર આપવા ભરોસો દીધો છે.

# અમરેલી અશાંતધારો લાગુ હોવા છતાં મકાનોના આડેધડ વેચાણ સામે સ્થાનિકોમાં ભારે રોષ

## રામેશ્વર મંદિર ખાતે સ્થાનિકો અને હિન્દુ સંગઠનો એકત્રિત થયા: નિયમોની કડક અમલવારીની માંગ

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**



અમરેલી શહેરમાં કેટલાક વિસ્તારોમાં અશાંતધારો લાગુ હોવા છતાં મિલકતોનું બિન કાયદેસર આપ-લે થઈ રહ્યું હોવાનું સ્થાનિકો દ્વારા જણાવવામાં આવ્યું છે ત્યારે આ બાબતે અનેક રજૂઆતો તંત્રને કરવામાં આવી હોવા છતાં કોઈ નક્કર પગલા નહીં લેવાયા હોવાના આક્ષેપો પણ સ્થાનિકોએ કર્યા છે, જે બાબતે ગઈ કાલે અમરેલી સરદાર ચોક ,રામેશ્વર મંદિર ખાતે સ્થાનિકો દ્વારા બેઠક બોલાવી જણાવ્યું હતું કે અમરેલીના બટારવાડી સહિત કેટલાક વિસ્તારોમાં ૨૦૨૨ માં અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે આમ છતાં આસપાસના રહીશોને જાણકારી કર્યા વિના મકાનોના દસ્તાવેજો થઈ રહ્યા છે,જે ખરેખર નિયમોનું સરેઆમ ઉલંઘન છે, વિશ્વ હિન્દુ પરિષદ જિલ્લા અધ્યક્ષ વિજય દેસાઈએ જણાવ્યું હતું કે બટારવાડી ,સરદાર નગર અને ગજેરાપરા સહિત કેટલાક વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરાયોછે તેની કડક અમલવારી કરવામાં આવે અને નિયમોનું ઉલંઘન ના થાય તેવી વ્યવસ્થાની માંગ કરી છે,તો સાથે સાથે આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદના મજબૂતસીહ બસિયા તેમજ સુરેશભાઈ સોલંકીએ પણ અશાંતધારો લાગુ છે તેવા વિસ્તારોમાં તંત્ર દ્વારા કડક અમલવારી કરવા માંગ ઉઠાવી છે.

# વઢવાણના મુળચંદ રોડ પર સોસાયટીમાં પ્રાથમિક સુવિધાનો અભાવ: મુખ્યમંત્રીને રજુઆત

**અબતક ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વઢવાણ મુળચંદ રોડ પર આવેલ મારૂતિનંદન સોસાયટી, રામદેવનગર તેમજ મોંઘીબેન છાત્રાલયની સામે આવેલ રહેણાંક વિસ્તારોમાં છેલ્લા ઘણા વર્ષોથી વરસાદી પાણીનો નિકાલ ન થતાં મુખ્ય માર્ગો ઘરોમાં પાણી ફરી વળતાં પીવાના પાણીમાં પણ ગટરનું ગંદુ પાણી મીશ્ર થઈ જતા ડેન્ગ્યુ, મેલેરીયા જેવા ગંભીર રોગચાળો ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે જે અંગે અનેક વખત અગાઉ વઢવાણ તેમજ સુરેન્દ્રનગર સંયુક્ત નગરપાલિકા અને હાલમાં સુરેન્દ્રનગર મહાનગરપાલિકા તંત્રને પણ રજુઆત કરવા છતાં કોઈ જ ઉકેલ આવ્યો નથી તેમજ આ વિસ્તાર અનુસુચિત જાતિનો હોવાના કારણે ભેદભાવ રાખી રોડ, રસ્તા, ગટર, પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓથી વંચીત રાખવામાં આવતા હોવાનો સ્થાનીકો દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યો છે આ વિસ્તારમાં રોડ, રસ્તા, ગટર અને પીવાનું પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓ અંગે અનેક વખત મનપા તંત્રને રજુઆતો કરવા છતાં કોઈ જ ઉકેલ ન આવતાં સ્થાનીક રહિશોએ મુખ્યમંત્રીને આ અંગે લેખીત રજુઆત કરી છે

# વિદ્યાર્થી જીવનમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રવૃત્તિ થકી નેતૃત્વ સેવાના ગુણો ખીલે: જશાભાઈ બારડ

## સુત્રાપાડામાં સુરક્ષા સેતુ સોસાયટીનો ત્રિ-દિવસીય કેમ્પ યોજાયો

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**



સુત્રાપાડામાં ડો. ભરતભાઈ બારડ શૈક્ષણીક સંકુલમાં સુરક્ષા સેતુ સોસાયટીના ઉપક્રમે સ્ટુડન્ટ પોલીસ કેડેટની ત્રણ દિવસનો કેમ્પ યોજાયો હતો.સુત્રાપાડા ખાતે ડૉ. ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકુલ માં સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા સ્ટુડન્ટ પોલીસ કેડેટની ત્રણ દિવસ માટે બિન નિવાસી કેમ્પ તા. ૧૨-૦૯ -૨૦૨૫ થી ૧૪ ૦૯-૨૦૨૫ (ત્રણ દિવસ ) ડૉ. ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકુલ સુત્રાપાડા માં યોજાયેલ જેના અંતિમ દિવસ આજ રોજ ગુજરાત રાજ્ય ના પૂર્વ કેબિનેટ મંત્રી અને ડૉ. ભરતભાઈ બારડ શૈક્ષણિક સંસ્થા ના આદ્યસ્થાપક જશાભાઈ બારડ હાજર રહી સિનિયર અને જુનિયર કેડેટ ના વિદ્યાર્થીઓં ભાઈઓં બહેનો ને ખાસ માર્ગદર્શન આપેલ, એસપીસીનું મહત્વ સમજાવેલ અને જીવન માં તેની ઉપયોગિતતા જણાવેલ, વિદ્યાર્થી જીવન માં સ્ટુડન્ટ પોલીસ કેડેટ એસપીજી ના માધ્યમ થી સમાજ માં કઈ રીતે ઉપયોગી થઈ શકો તેની માહિતી આપી હતી,આ યોજના થી માધ્યમિક ક્ક્ષા થી વિધાર્થી ભાઈઓં બહેનો ને કાયદા પ્રત્યે આદર .શિસ્ત ,આદર્શ નાગરિક ની ભાવના ,સમાજ ના નબળા વર્ગ પ્રત્યે સાહનુભૂતિ ,અને મજબૂત લોકશાહી સમાજ બનાવી મજબૂત ભારત બનાવવાની છે . આ યોજના બાળકોમાં રહેલ જન્મજાત ગુણો તથા સામર્થ્યને શોધી તેનો વિકાસ કરવામાં મદદ કરશે. સાથે સાથે તેમને તેમનાં કુટુંબ સમાજ તથા પર્યાવરણ પ્રત્યેની જવાબદારીઓ અવગત કરાવી મજબુત બનાવવાનો છે. ડૉ. ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકુલ સુત્રાપાડા માં આવા અનેક પ્રકાર ની પ્રવૃતિઓ ક્વવામાં આવે છે , રમત ગમત હોય કે ,ખેલ મહાકુંભ ,કલા મહાકુંભ ,અનેક પ્રવુતિઓ દ્વારા વિધાર્થીઓં માં રહેલા જન્મજાત ગુણો તથા સામર્થ્યને શોધી તેનો વિકાસ માં ખૂજ ઉપયોગી છે .જેના પરિણામ સ્વરૂપ ડૉ. ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકુલ સુત્રાપાડા ના વિધ્યાર્થી ઓં ભાઈઓં -બહેનો -જિલ્લા ક્ક્ષા -રાજ્ય ક્ક્ષા અને રાષ્ટ્રીય ક્ક્ષા યે ભાગ લઈ અને પ્રથમ આવેલ છે .

સિનિયર કેડેટ તેમજ જુનિયર કેડેટ દ્વારા હાજર તમામ અતિથિ વિશેસ નું સન્માન કરવામાં આવિયું હતું ,સાથે આ ત્રણ દિવસ કરેલ પ્રવૃતિઓ ના અનુભવો જણાવેલ

આ તકે પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ ની સાથે સુત્રાપાડા મામલતદાર ગોવડા, તાલુકા વિકાસ અધિકારી ચાવડા , સુત્રાપાડા પોલિસ પી.એસ.આઈ .લોહ ,સુત્રાપાડા નગરપાલિકા ઉપ પ્રમુખ નરેશભાઈ કામલીયા , શહેર ભાજપા મહામંત્રી સિદ્ધરાજસિંહ રાઠોડ , ગીર સોમનાથ માધ્યમિક શિક્ષણ સંઘ ના પ્રમુખ હરેશભાઈ મોરી, આચાર્ય જોશી ,સુત્રાપાડા ટાઉન બીટ ના જમાદાર બાબુભાઈ રામ, સી. પી. ઓં. પિયુષભાઈ કાછેલા, અને સિનિજુનિયર કેડેટ ભાઈ ઓં અને બહેનો હાજર રહ્યા, કાર્યક્રમ નું સંચાલન પિયુષભાઈ કાછેલા દ્વારા કરવા માં આવ્યુ હતું.

# ધોરાજી: સૌરાષ્ટ્ર ઝોન જીલ્લા માહીતી અધિકારીઓની કાર્ય શિબિરનો ઓસમની તળેટીમાં પ્રારંભ

## સરકારી જનકલ્યાણ યોજનાઓના અસરકારક પ્રચાર માટે કરાશે ચિંતન

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**



સરકારી યોજનાઓના પ્રચાર પ્રસાર ની વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવા શું શું કરવું જોઈએ તે અંગે વિચાર વિમર્શથ માટે

સૌરાષ્ટ્ર ઝોન (રાજકોટ અને જૂનાગઢ)ની સંયુક્ત કાર્ય શિબિરનો આજે રાજકોટ જિલ્લાના ધોરાજી ખાતે સંયુક્ત માહિતી નિયામક શ્રી મિતેશ મોડાસિયાના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ પ્રારંભ થયો હતો.

ચોમાસામાં પ્રકૃતિ જ્યારે સોળે કળાએ ખીલી છે, ત્યારે ધોરાજી પાસે આવેલા પાટણવાવ ગામમાં ઓસમ ડુંગરની તળેટીમાં બે દિવસીય કાર્યશાળાનો આજે પ્રારંભ થયો હતો.

આ કાર્યશાળામાં સૌરાષ્ટ્ર ઝોનમાં સમાવિષ્ટ જિલ્લા કચેરીઓની કામગીરીની સમીક્ષા સાથે તેમજ સરકારની જનકલ્યાણકારી યોજનાઓની પ્રચાર પ્રસિદ્ધિ વધુ સારી કેવી રીતે કરી શકાય તે અંગેનું ચિંતન કરવામાં આવશે.

આપત્તિ વ્યવસ્થાપન સમયે સંપાદકીય કામગીરી, વહીવટી બાબતો અંગેની કુશળતા, મેદસ્વિતા મુક્ત અભિયાન સાથે ઓસમ પર્વતનું આરોહણ અને અવરોહણ, યોગ સહિતના આયામો સાથે સૌરાષ્ટ્ર ઝોનના અધિકારીઓની કાર્યક્ષમતા વધારવા માટેનું મનોમંથન આ બે દિવસીય કાર્યશાળામાં કરવામાં આવનાર છે.

# ચોટીલા-થાન રોડ પર ગેરકાયદે ખનીજ વહન કરનાર ત્રણ વાહનો ઝડપાયા

## ચોટીલા ડે. કલેકટર ટીમનો સપાટો ૨૪ લાખનો મુદામાલ જપ્ત



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી ભુમાફીયાઓ દ્વારા ગેરકાયદેસર ખનીજ સંપત્તિનું ખનન અને વહન થતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે જેને ધ્યાને લઈ ચોટીલા તાલુકામાં ડેપ્યુટી કલેકટર અને તેમની ટીમ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં ગેરકાયદેસર ખનીજ સંપત્તિનું વહન કરતા ત્રણ ટ્રેકટર સહિત લાખોનો મુદ્દામાલ ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

ચોટીલા ડેપ્યુટી કલેકટર એચ.ટી.મકવાણા અને ટીમે ચોટીલા થાન રોડ પર વાહન ચેકીંગ હાથધર્યું હતું જે દરમ્યાન ગેરકાયદેસર તેમજ ઓવરલોડ સાદી રેતી અને બેલાનું વહન કરતા ત્રણ ટ્રેકટરો ટ્રોલી સાથે ઝડપી પાડ્યા હતા અને કુલ રૂ. ૨૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચોટીલા મામલતદાર કચેરી ખાતે સીઝ કરવામાં આવ્યો હતો. જ્યારે ઝડપાયેલ ત્રણેય ટ્રેકટરોના માલીક (૧) વિહાભાઈ ઘુસાભાઈ ધરજીયા મોરસલ (૨) કિશોરભાઈ જાદવભાઈ સારલા રહે.જામવાળી અને (૩) કરશનભાઈ મેરાભાઈ બોહકીયા રહે. વાવડી સામે કાર્યવાહી હાથ ધરી છે ચોટીલા ડેપ્યટી કલેકટરની રેઈડથી ભુમાફીયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# ગાંધીધામ: ઈન્ડિયન રાઈસ એક્સપોર્ટ ફેડરેશનના ઉપપ્રમુખ પદે નરેન્દ્ર રામાણીની વરણી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ભારતના ચોખા નિકાસ ક્ષેત્રના અગ્રણી સંગઠન, ‘‘ઈન્ડિયન રાઈસ એક્સપોર્ટર્સ ફેડરેશન દેશની કૃષિ અને નિકાસ અર્થવ્યવસ્થામાં કેન્દ્રસ્થાન ધરાવે છે.

નવી દિલ્હીમાં સ્થિત વ્યૂહાત્મક મુખ્ય મથક અને દેશભરના અગત્યના રાજ્યોમાં કાર્યરત પ્રાદેશિક કચેરીઓ સાથે ‘‘એક રાષ્ટ્ર, એક વેપાર, એક નીતિ‘‘ના સૂત્ર હેઠળ ચોખા નિકાસ ક્ષેત્રમાં સુસંગતતા અને વિકાસ માટે પ્રતિબદ્ધ છે. ૭,૫૦૦થી વધુ સભ્ય કંપનીઓ, ૯ જેટલા વેપાર સંગઠનો અને અનેક ચેમ્બર ઓફ કોમર્સ સાથે જોડાયેલી આ સંસ્થા નિકાસકારો, મિલરો, કસ્ટમ હાઉસ એજન્ટ્સ, પેકેજિંગ ઉત્પાદકો સહિત ચોખાના વેપાર સાથે સંકળાયેલા તમામ હિતધારકો માટે માર્ગદર્શક તરીકે સેવા આપે છે. આ પ્રતિષ્ઠિત સંસ્થાના વર્ષ ૨૦૨૫-૨૬ માટેના નવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં રાષ્ટ્રીય પ્રમુખ પ્રેમ ગર્ગ દ્વારા, ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ખજાનચી તથા પોર્ટ-શીપીંગ અને વેપાર ક્ષેત્રમાં ચાર દાયકાથી વિશેષ અનુભવી નરેન્દ્ર મોહનભાઈ રામાણીને ઉપપ્રમુખ પદે નિયુક્ત કરવામાં આવ્યા છે. કંડલા મહાબંદર અને કચ્છના ઉધોગ-વ્યાપાર વિકાસમાં આગેવાની આપનાર રામાણીની આ નિમણૂક ભારતના ચોખા નિકાસ ક્ષેત્રમાં પ્રદેશની સક્રિય ભૂમિકા વધુ મજબૂત બનાવશે તેવી અપેક્ષા છે.

તેવું અખબારી યાદીના માધ્યમથી ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું.

# જસદણમાં સરધારા ઓર્થોપેડિક હોસ્પિટલનો સેવાયજ્ઞમાં ૧૩મા વર્ષમાં મંગલ પ્રવેશ

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**



જસદણ વીંછીયા અને બાબરા આ ત્રણેય પંથકના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને હાડકાના દર્દોની અત્યાધુનિક સારવાર મળી રહે એવા એક માત્ર ધ્યેયની વરેલી સરધારા ઓર્થોપેડિક હોસ્પિટલ તેની સફરના આજે ૧૨ વર્ષ પૂર્ણ કરી ૧૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે ત્યારે આ હોસ્પિટલના વડા ડો. વિજયભાઈ સરધારાને (મો.૯૪૦૯૪૦૫૩૭૦) ઉપર તેની પૂર્વ સંધ્યાએ જ ઠેરઠેરથી શુભકામનાઓ વરસી હતી. જસદણની આ હોસ્પિટલ સંપૂર્ણતઃ હાડકાની હોસ્પિટલ છે અહીં તમામ સારવાર એક છત્ર નીચે પ્રાપ્ય છે જેથી દર્દીઓને અન્યત્ર જવાની જરૂર રહેતી નથી હોસ્પિટલમાં સ્પેશ્યલ રૂમ તેમજ સેકન્ડ કલાસ જનરલ વોર્ડ વગેરે ઉપલબ્ધ છે સમાજના દરેક વર્ગને પોસાય તે માટે આ તમામ રૂમનું ભાડું અને સારવાર પણ રાહતરૂપ છે.

ખાસ કરીને સર્વ જન હિતાય, સર્વ જન સુખાયના ચોક્કસ ધ્યેયને વરેલી આ હોસ્પિટલના ડો. વિજયભાઈ એક ઉમદા માનવી છે હસમુખો, મળતાવડો સ્વભાવ ધરાવતાં હોવાથી દર્દીઓને પણ દર્દમાં માનસિક રાહત થાય છે.

# વઢવાણઃ યુવતી સાથે મોબાઈલમાં વાત કરવા બાબતે યુવકને માર પડયો

## મહિલા સહિત પાંચ શખ્સોએ લોખંડના ધોકા, કુહાડી, પાઈપ, ધારીયા સહિતના હથિયારો વડે મારમારી ઈજાઓ પહોંચાડી

**અબતક ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

વઢવાણ શહેરના નવા દરવાજા બહાર આવેલ કોળીપરા વિસ્તારમાં યુવતીઓ સાથે મોબાઈલ પર વાત કરવા બાબતનું મનદુઃખ રાખી એક મહિલા સહિત પાંચ શખ્સોએ એકસંપ થઈ મરચાનો ભુક્કો નાંખી લાકડાના ધોકા અને કુહાડી, પાઈપ, ધારીયું સહિતના હથિયારો વડે મારમારી જાનથી મારી નાંખવાની મકી આપી હતી.

વઢવાણના કોળીપરા વિસ્તારમાં રહેતા ફરિયાદી જયાબેન કાંતિભાઈ દેથરીયાના નણંદની બંન્ને દિકરીઓ સાથે ગામમાં જ રહેતા બે શખ્સો ફોનમાં વાતો કરતા હતા જે બાબતે ફરિયાદીના જેઠ શંકરભાઈએ તેઓને સમજાવવા માટે ફોન કર્યો હતો તે બાબતનું મનદુઃખ રાખી મહિલા સહિત પાંચ શખ્સોએ એકસંપ થઈ ગાળો આપી લોખંડનું ધારીયું, પાઈપ, છરી, કુહાડી સહિતના હથિયારો વડેફરિયાદીના ઘરે આવી ગાળો આપતા ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા ફરિયાદી પર મરચાનો ભુક્કો નાંખી ફરિયાદી તેમજ તેમના ભત્રીજા કલ્પેશભાઈ સહિતનાઓને મારમારી ઈજાઓ પહોંચાડી હતી જે અંગે ભોગ બનનાર ફરિયાદીએ વઢવાણ પોલીસ મથકે પાંચ શખ્સો (૧) કૃણાલ રીતેશભાઈ દેથરીયા (૨) વીસુ ઉર્ફે ટકો જીતેન્દ્રભાઈ શિહોરા (૩) ચંદ્રીકાબેન રીતેશભાઈ દેથરીયા (૪) રીતેશભાઈ ગોરધનભાઈ દેથરીયા અને (૫) કિશનભાઈ જીતેન્દ્રભાઈ શિહોરા તમામ રહે.વઢવાણવાળા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.

# જેતપુરની ચોકીધાર ચેક પોસ્ટ નજીકથી બોલેરોમાંથી ૯૫૦ લીટર દેશી દારૂ ઝડપાયો

## રૂ.૫.૫૦ લાખના મુદ્દામાલ ઠઠે બે શખ્સોની ધરપકડ, બેલડીની શોધખોળઃ રૂરલ એલસીબી ટીમની કાર્યવાહી

**અબતક,રાજકોટ**



જેતપુર નજીક ચોકીધાર ચેક પોસ્ટ પાસે એલસીબીની ટીમે શંકાસ્પદ બોલેરો પીકઅપ વાહન અટકાવી તેમાં તપાસ કરતા અંદરથી ૯૫૦ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂના આ જથ્થા સાથે બે શખસોને ઝડપી લીધા હતાં. જયારે બે શખસોના નામ ખુલ્યા છે. દારૂનો આ જથ્થો બોલેરો સહિત કુલ રૂ.૫.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં દારૂ અને જુગારના કેસ શોધી કાઢવા માટે સૂચના આપવામાં આવી હોય જે અંતર્ગત ગ્રામ્ય એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાની રાહબરી હેઠળ પીએસઆઈ એચ.સી. ગોહિલના માર્ગદર્શનમાં પીએસઆઈ આર.વી. ભીમાણી તથા ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા, નિલેશભાઈ ડાંગર, રાજુભાઈ સાંબડા, હરેશભાઈ પરમાર અને કોન્સ્ટેબલ મીરલભાઈ ચંદ્રવાડીયાને બાતમી મળી હતી કે, જેતપુરના પાસે બોલેરોમાં દેશી દારૂના મોટા જથ્થાની હેરફેર થઈ રહી છે. જેથી એલસીબીની ટીમે વોચ ગોઠવી ચોકીધાર ચેકપોસ્ટ પાસેથી શંકાસ્પદ બોલેરો પીકઅપ વાહનને અટકાવી હતી. પોલીસે તેમાં તપાસ કરતા અંદરથી રૂપિયા ૧.૯૦ લાખની કિંમતનો ૯૫૦ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. એલસીબીની ટીમે દેશી દારૂના આ જથ્થા સાથે અનિલ હમીરભાઈ ચૌહાણ (રહે. વડ વાજડી સહજાનંદ પાર્ક સોસાયટી બ્લોક નંબર-૧, રાજકોટ), વનરાજ પ્રતાપભાઈ ગોહિલ (રહે શાપર પાટીયે પરફેક્ટ હોટલની બાજુમાં તા. ગોંડલ મૂળ ભુવાટીંબી તા. સુત્રાપાડા)ને ઝડપી લીધા હતા. જ્યારે વંથલીમાં રહેતા કાસમ અને વસીમના નામ ખુલ્યા હતા. પોલીસે દેશી દારૂનો આ જથ્થો બોલેરો પીકપ વાહન અને બે મોબાઈલ સહિત કુલ રૂપિયા ૫.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂના જથ્થા સાથે ઝડપાયેલ અનિલ ચૌહાણ સામે અગાઉ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન અને રાજકોટના ડીસીબી પોલીસ સ્ટેશનમાં મળી દારૂના ચાર ગુના નોંધાય ચૂક્યા છે. દરોડાની આ કામગીરીમાં એલસીબીના એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અનિલભાઈ બડકોદિયા, હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા, નિલેશભાઈ ડાંગર, રાજુભાઈ સાંબડા, હરેશભાઈ પરમાર અને કોન્સ્ટેબલ મીરલભાઈ ચંદ્રવાડીયા તથા અબ્દુલ શેખ સાથે રહ્યા હતા.

# જેતપુરના ચાંપરાજપુરથી ૧૩૦૦ લીટર બાયોડીઝલ સાથે કારખાનેદાર સહિત બે ઝબ્બે

## બેલડી છેલ્લા દસેક દી' થી બાયોડીઝલનો વેંપલો કરતી'તીઃ રૂ.૬.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

જેતપુરના ચાંપરાજપુર ગામેથી બાયોડિઝલનો મોટો જથ્થો જેતપુર તાલુકા પોલીસે પકડી પાડી કારખાનેદાર સહિત બે શખ્સોની ધરપકડ કરી હતી.

૧૩૦૦ લિટર બાયોડિઝલ, વાહનો, ટાંકી મળી રૂ.૬.૫૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી સપ્લાયર કેશોદના સલીમની શોધખોળ હાથ ધરી હતી.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી વિજયસિંહ ગુર્જર અને જેતપુર ડીવાયએસપી આર.એ.ડોડીયા દ્વારા જીલ્લામાં ભેળસેળ યુકત જ્વલનશીલ પેટ્રોલીયમ પ્રવાહી કેમિકલની હેરફેર કરતા શખ્સો વિરૂધ્ધ કડક કાર્યવાહિ કરવાનિ આપેલ સુચનાથી જેતપુર તાલુકા પોલીસ મથકના પીઆઈ એ.એમ.હેરમાની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સ્ટાફને ચાંપરાજપુર ગામે કેનાલ પાસે શ્રીરામ હેન્ડ ફિનીશીંગ નામના કારખાનામાં ગેરકાયદેસર રીતે ડીઝલના ભળતા ભેળસેળ યુક્ત જ્વલનશીલ પેટ્રોલીયમ પ્રવાહી કેમિકલનું અલગ અલગ વાહનોમાં બજાર ભાવ કરતાં ઓછા ભાવમાં વેંચાણ થઈ રહ્યું છે વેંચાણ થઈ રહ્યું છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી ત્યાં હાજર આરોપી રાજેશ મગન અમીપરા (ઉ.વ.૪૫, રહે. જેતપુર, જેતપુર), જૈનિશ મનસુખ વડાલીયા (ઉ.વ.૩૬, રહે. જેતપુર)ની ધરપકડ કરી ગેરકાયદેસર જ્વલનશીલ પેટ્રોલીયમ પ્રવાહી લીટર ૧૩૦૦ રૂા. ૮૮૪૦૦, લોખંડની ટાંકી, ડીસ્પેન્સર મશીન, બોલેરો પીકઅપ વાહન, ટાટા પીકઅપ વાહન, મોબાઈલ ફોન ૦૨ અને પ્લાસ્ટિકના બેરલ નંગ ૧૧ મળી કુલ રૂ. ૬,૫૫,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓની પૂછતાછ હાથ ધરી હતી. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, જે કારખાનામાંથી ગેરકાયદેસર બાયોડીઝલ મળી આવ્યું તે કારખાનું રાજેશ અમીપરાના માલિકીનું છે અને તે જેનીશ વડાલીયા સાથે મળીને ગેરકાયદેસર રીતે બાયોડીઝલનો છેલ્લા દસ દિવસથી ધંધો કરતો હતો. ઉપરાંત તે બાયોડીઝલ કેશોદના સલીમ નામના શખ્સ પાસેથી મેળવતો હતો. બજારમાં ૯૪ રૂપિયે મળતું ડીઝલ ને બદલે આરોપીઓ બાયો ડીઝલ રૂ.૬૮ માં વેચાણ કરતા હોવાનો ઘટસ્ફોટ થયો છે. પોલીસે સપ્લાયર સલીમની શોધખોળ હાથ ધરી છે. બાયોડિઝલનો પર્દાફાશ કરવામાં જેતપુર તાલુકા પીઆઈ એ.એમ. હેરમા, એએસઆઈ લાલજીભાઈ, ભૂરાભાઈ માલિવડ, હેડ કોન્સ્ટેબલ મનેશભાઈ અને કોન્સ્ટ પ્રદ્યુમનસિંહ વાઘેલા સહિતની ટીમે કામગીરી કરેલ હતી.

**કેશોદના સલીમનું નામ સપ્લાયર તરીકે ખુલતા શોધખોળઃ જેતપુર તાલુકા પોલીસની કાર્યવાહી**

# ભચાઉઃ જમીન પચાવી પાડવાના ગુનામાં મુખ્ય આરોપી પકડાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ખોટા દસ્તાવેજો બનાવી જમીન હડપ કરવાના ગુનામાં ખડીર પોલીસે ગણતરીના કલાકોમાં મુખ્ય આરોપીને ઝડપી પાડ્યો છે. પૂર્વ કચ્છ ગાંધીધામના પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ ખડીર પોલીસે આ કાર્યવાહી કરી. ભચાઉના કલ્યાણપર ગામમાં ફરિયાદી જૈતમાલભાઈ સિસોદિયાની માલિકીની જમીન ખોટા દસ્તાવેજો બનાવીને આરોપી મહેશ કરસનભાઈ કોલીએ પચાવી પાડવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની મદદથી મુખ્ય આરોપી મહેશ કોલીને ઝડપી પાડયો છે. આ કેસમાં પોલીસ વધુ તપાસ કરી રહી છે. આ કામગીરી ખડીર પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એમ.એન.દવે તથા પોલીસ હેડ કોન્સ. અજયસિંહ ઋક્ષેન્દ્રસિંહ ઝાલા તથા ધર્મેન્દ્રસિંહ હકમસિંહ સોઢા તથા પોલીસ પગી મનુભાઈ આચારભાઈ પરમાર દ્વારા આ સફળ કરવામા આવેલ છે.

# વઢવાણ નજીવી બાબતે બે જુથ વચ્ચે મારામારી

## બંને પક્ષે મળી ચાર શખ્સો સામે નોંધાતો ગુનો

**અબતક ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

વઢવાણ શહેરી વિસ્તારમાં નજીવી બાબતે મારામારીનો બનાવ બન્યો હતો જે અંગે બન્ને પક્ષો દ્વારા સામસામે ચાર વ્યકિત સામે વઢવાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે. આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વઢવાણના હાડીમા રોડ પર ખવાસની ડેલી વિસ્તારમાં રહેતા ફરિયાદી મયુરસિંહ કનુભા ચુડાસમા કામ પરથી ઘરે ગયા હતા અને ઘરે રૂપિયા લઈ જવાનું ભુલી જતા માતા દેવકુવરબા સાથે બોલાચાલી કરી રહ્યાં હતાં તે દરમ્યાન તેમના ઘરની બાજુમાં રહેતા સોનલબેન વાઘેલાએ આવી બોલાચાલી કરવા બાબતે ઉશ્કેરાઈ જઈ ફરિયાદી અને તેમના માતાના માથામાં લાકડીનો ઘા ઝીંકી ઈજાઓ પહોંચાડી હતી. તેમજ સતુભા અને તીર્થ સહિતનાઓએ ફિરયાદીને પકડી રાખ્યા હતા તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે મામલે ભોગ બનનાર ફરિયાદીએ ત્રણ શખ્સો (૧) સોનલબેન દિનેશભાઈ વાઘેલા (૨) સતુભા પ્રવિણસિંહ પરમાર અને (૩) તિર્થ દિનેશભાઈ વાઘેલા તમામ રહે.વઢવાણવાળા સામે ફરિયાદ નોંધાવી છે. જ્યારે સામાપક્ષે પણ સોનલબેન વાઘેલાએ મયુરસિંહ ચુડાસમા સામે ગાળો આપી લાકડી વડે મારમારી ઈજાઓ પહોંચાડ્યાની તેમજ જાનથી મારી નાંખવાની ધમકી અંગે ફરિયાદ નોંધાવતા વઢવાણ પોલીસે વધુ તપાસ હાથધરી છે.

# ધોરાજીના ઝાંઝમેર ગામે રિલ્સ જોવા મામલે યુવાનને માથામાં સોડા બોટલ ઝીંકાઈ

## યુવકના ઘરે સ્કોર્પિયો કાર લઈ ધસી ગયેલી બેલડીએ માર મારતા ધોરાજી તાલુકા પોલીસ મથકમાં ગુનો

**અબતક, રાજકોટ**

ધોરાજી તાલુકાના ઝાંઝમેર ગામે રહેતા યુવાનને મોબાઈલમાં રિલ્સ જોવા બાબતે કારમાં આવેલા બે શખસોએ માથામાં સોડાની બોટલ અને ઢીકાપાટુનો માર મારી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે યુવાને ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ધોરાજીના ઝાંઝમેર ગામે રહેતા ભાવેશભાઈ ઉર્ફે જીગો નથુભાઈ બારૈયા (ઉ.વ ૪૨) નામના યુવાને ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ઝાંઝમેરના કેવિન રતિલાલ હાંસલીયા અને સુપેડીમાં રહેતા કરણ ઘેટીયાના નામ આપ્યા છે.

યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તારીખ ૧૩/૯ ના રાત્રીના ૧૦:૩૦ વાગ્યા આસપાસ તે તથા તેના મિત્રો જયદીપ, ચિરાગ, રોહિત, બસ સ્ટેન્ડે પટેલ પાનના બાંકડે બેઠા હતા. ત્યારે ગામમાં જ રહેતો કેવીન કાર લઈને આવ્યો હતો. આ દરમિયાન યુવાન તથા તેના મિત્ર મોબાઈલમાં રિલ્સ જોતા હોય જેનો અવાજ આવતો હોય જેથી આ કેવીને યુવાન પાસે આવી કહ્યું હતું કે, મોબાઈલ બંધ કર મને અવાજ પસંદ નથી જેથી બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. થોડીવાર બાદ તે કાર લઈને ચાલ્યો ગયો હતો. બાદમાં રાત્રિના ૧૧ વાગ્યા આસપાસ યુવાન તથા તેના મિત્રો ઘરે ચાલ્યા ગયા હતા અને યુવાન પણ ઘરે જઈ સૂઈ ગયો હતો. રાત્રિના એકાદ વાગ્યા આસપાસ કેવિનનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, બહાર આવ હું બહાર ઉભો છું. જેથી યુવાન ઘરની બહાર જતાં ત્યાં કેવીન તથા તેનો મિત્ર કરણ સ્કોર્પિયો કાર લઈને ઊભા હતા. કેવિને તેના મિત્રને મારવાનું કહેતા યુવાન કરણ સામે જોવા જાય તે પૂર્વે જ કેવીને તેને માથામાં સોડાની બોટલ મારી દીધી હતી જેથી તેને લોહી નીકળવા લાગ્યું હતું. બાદમાં કરણે માર માર્યો હતો. બાદમાં યુવાનને તેના પાડોશી ગામમાં રહેતા ડોક્ટર રાજ ગઢિયા પાસે લઈ ગયા હતા. જ્યાં પ્રાથમિક સારવાર અપાયા બાદ ૧૦૮ મારફત વધુ સારવાર માટે ધોરાજી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

બાદમાં આ અંગે યુવાને બંને વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી છે.

# તલોદઃ પૂર્વ કોર્પોરેટર વિરૂધ્ધની દુષ્કર્મની ફરિયાદ રદ કરવાની અરજી નકારી

## ડીએનએ રિપોર્ટમાં મહિલાના બાળકનો પિતા આરોપી હોવાથી માંગ ફગાવી ડિસ્ચાર્જ અરજી કરી શકેઃ કોર્ટ

**અબતક સંજય દિક્ષિત, સાબરકાંઠા**

વર્ષ ૨૦૨૦ માં તલોદના પૂર્વ કોર્પોરેટર સામે મહિલાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ મહિલાના લગ્ન ૧૪ વર્ષ પહેલા થયા હતા જેનાથી તેને ત્રણ સંતાનો થયા હતા તે સાત વર્ષ પહેલા આરોપીના સંપર્કમાં આવી હતી આરોપીએ તેની સાથે જબરદસ્તી શારીરિક સંબંધો બાંધ્યા હતા આરોપીએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી મહિલાના પતિને તેના સંબંધોની ખબર પડતા તેને મહિલા સાથે સંબંધો તોડી નાખીને તરછોડી દીધી હતી મહિલાના આક્ષેપ મુજબ આરોપી મહિલાને જબરદસ્તી મંદિરમાં લઈ ગયો હતો અને હિન્દુ રીત રિવાજ મુજબ તેની સાથે લગ્ન કર્યા હતા. આરોપી સાથેના સંબંધોથી મહિલા ગર્ભવતી થઈ હતી અને તેને પુત્રને જન્મ આપ્યો હતો તે ફરી ગર્ભવતી થતા આરોપીએ તેને બાળક પડાવી દેવા માટે દબાણ કર્યું હતું હાઈકોર્ટમાં અરજદારના વકીલે રજૂઆત કરી હતી કે ફરિયાદી મહિલા અને અરજદાર વચ્ચે લાંબા ગાળાના સંબંધો રહ્યા છે બંને પુખ્ત ઉંમરના છે વળી મહિલા પરણીત છે આ સમગ્ર ફરિયાદ પૈસા પડાવવા માટે કરવામાં આવી છે આ સહમતિના સંબંધો હતા મહિલા જ્યારે પરણીત હોય તો તે બીજા લગ્ન કેવી રીતે કરી શકે ? અગાઉ પણ મહિલાએ અરજદાર સામે ફરિયાદ નોંધાવી હતી પરંતુ પૈસા આપતા તેણે ફરિયાદ પરત ખેંચી હતી. મહિલા પહેલા કહે છે કે દુષ્કર્મ કર્યું અને ત્યારબાદ કહે છે લગ્ન કર્યા ! અરજદાર પૂર્વ કોર્પોરેટર હોવાથી તેની વિરોધી પાર્ટીએ તેને નિશાન બનાવીને આ સમગ્ર મામલો ઊભો કર્યો છે. સામે મહિલાના વકીલે જણાવ્યું હતું કે અરજદારે આરોપીએ ગાડી લીધી હતી તેનો લોનનો હપ્તો ભરવા મહિલાના ઘરેણા લઈ લીધા હતા જેના ૧.૪૬ લાખ ચૂકવવાના હતા જેથી મહિલાએ પહેલી ફરિયાદ કરી હતી આરોપીએ પૈસા પરત આપતા ફરિયાદ પાછી ખેંચી લેવામાં આવી હતી તેને દુષ્કર્મની ફરિયાદ સાથે કોઈ લેવાદેવા નથી સરકારી વકીલે જણાવ્યું હતું કે આ કેસમાં તપાસ પૂર્ણ થઈ ચૂકી છે અને ચાર્જશીટ ફાઈલ થઈ ચૂકી છે પરંતુ આરોપીને હાઈકોર્ટનું વચગાળાનું સંરક્ષણ છે જેથી તેની પર ચાર્જ ફ્રેમ થઈ શક્યો નથી કે કોર્ટ ટ્રાયલ થઈ શકી નથી એફ.એસ.એલ ના ડી.એન.એ રીપોર્ટ મુજબ મહિલાએ જે બાળકને જન્મ આપ્યો છે તેનો પિતા અરજદાર આરોપી છે કોર્ટે અરજદારની અરજી ફગાવતા નોંધ્યું હતું કે ડી.એન.એ રીપોર્ટ મુજબ આરોપી મહિલાના બાળકનો પિતા છે મેજિસ્ટ્રેટ સમક્ષ અપાયેલા નિવેદનમાં મહિલાએ પ્રોસિક્યુશનના કેસને સપોર્ટ આપ્યો છે આરોપી સેશન્સ કોર્ટમાં ડિસ્ચાર્જ અરજી ફાઈલ કરી શકે છે ફરિયાદ રદ કરવાની અરજી નકારવામાં આવે છે અને તેને અપાયેલી રાહત પણ રદ કરવામાં આવે છે.

**બગસરાની દુષ્કર્મ પીડીતાએ કરેલી રિટમાં**

# ભાજપ પ્રમુખ પ્રદીપ ભાખર વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરવાની અરજી હાઈકોર્ટે રદ્ કરી

## સ્થાનિક પોલીસ દ્વારા ગુનો દાખલ ન કરતા હાઈકોર્ટમાં મહિલાએ દાદ માંગી'તી

**અબતક, સમીર વિરાણી, બગસરા**

બે માસ પૂર્વે ધારાસભ્યના પુત્ર તથા બગસરા તાલુકા ભાજપ પ્રમુખ વિરૂદ્ધ મહિલાએ દુષ્કર્મના બનાવની ફરિયાદ દાખલ કરવા માટે પોલીસને અરજી કરવા છતાં ફરિયાદ દાખલ કરી ન હતી. જેને લીધે તેણે હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટ દ્વારા પ્રથમ સુનવણીમાં જ આ અરજીને રદ કરી દેતા સમગ્ર બનાવમાં નવો વળાંક આવ્યો છે.



બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપ ભાખર તથા ધારાસભ્યના પુત્ર પર મહિલા દ્વારા દુષ્કર્મ, વિદેશી ગાંજાની દાણચોરી, તેમજ ધાક ધમકી આપવાના આક્ષેપો કરેલા હતા તેમજ તેની સાથે થયેલ અન્યાય બાબતે એસ.પી. જૂનાગઢ તેમજ તાલાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવા માટે અરજી કરવામાં આવેલ હતી. પોલીસને પ્રથમ તપાસમાં કોઈ પુરાવા ન મળતા એફ. આર. આઈ. દાખલ કરવામાં આવી ન હતી જેને પગલે મહિલા દ્વારા આરોપી વિરોધ ગુનો દાખલ ન કરવા બદલ ગુજરાત સરકાર, જિલ્લા પોલીસ વડા જુનાગઢ, પી.આઈ. તાલાળા તથા ભાજપ પ્રમુખ પ્રદીપ ભાખર વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે હાઈકોર્ટમાં રીટ કરવામાં આવી હતી. હાઈકોર્ટ દ્વારા પ્રથમ સુનાવણીમાં જ આ કરવામાં આવેલી રિટ ને સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકા તેમજ કાયદા સાથે સુસંગત ન હોવાથી રદ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જૂન માસમાં આ મહિલા દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને કારણે સમગ્ર અમરેલી જિલ્લાનું રાજકારણ ગરમાઈ ગયું હતું. હવે હાઈકોર્ટ એ આ રિટ ખારિજ કરી દેતા આ ઘટનામાં નવો વળાંક આવ્યો છે.

# પીપલાણાના કારખાનામાંથી રૂ.૬.૫૦ લાખની મત્તા ઉઠાવી જનાર મહિલા તસ્કર ઝડપાઈ

## ચોરીને અંજામ આપી છેલ્લા છ માસથી ભૂગર્ભમાં ઉતરી ગયેલી મહિલા નારણકા ચોકડીથી દબોચાઈઃ રૂરલ એલસીબી ટીમની કામગીરી

**અબતક, રાજકોટ**

કોટડાસાંગાણીના પીપલાણા ગામે કારખાનામાંથી રૂ. ૬.૫૦ લાખની મત્તા ઉઠાવી જઈ ભૂગર્ભમાં ઉતરી ગયેલી મહિલા તસ્કરને રાજકોટ રૂરલ એલસીબી ટીમે ઝડપી પાડી છે.

સમગ્ર બનાવની વિગત પર નજર કરવામાં આવે તો ગત તારીખ ઝીરો એક બાર ૨૦૨૪ ના રોજ કોટડા સાંગાણી તાલુકાના પીપલાણા ગામે આવેલ ટેકનો કાસ્ટ કારખાના માંથી રાત્રિના સમયગાળા દરમિયાન જૈન ગ્રાઈન્ડર મશીન એલ્યુમિનિયમ પેટન મળી કુલ રૂપિયા ૬.૫૦ લાખની ચોરીની ફરિયાદ કારખાનેદાર કેયુરભાઈ સગપરિયાએ કોટડા સાંગાણી પોલીસ મથકમાં નોંધાવી હતી

બનાવને પગલે રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા ગંભીર પ્રકારના ગુનામાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને રાજકોટ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ એચ સી ગોહિલ, આર વી ભીમાણીની ટીમો કોટડા સાંગાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓની તપાસમાં હતી. દરમિયાન હ્યુમન સોર્સથી મળેલી ખાનગી માહિતીના આધારે કોટડા સાંગાણી પોલીસમાં મથકમાં નોંધાયેલ ઘરફોડ ચોરીના બનાવવામાં છેલ્લા છ માસથી વધુ સમયથી નાસતી ફરતી મહિલા વિરુદ્ધ કોર્ટ દ્વારા ધરપકડ કરવા બીએનએસની કલમ ૭૨ મુજબનું વોરંટ ઇસ્યુ કરવામાં આવ્યું હતું. જે મહિલા આરોપી રજનીબેન કિશનભાઈ કાવઠીયા (ઉવ ૩૦ રહે. નાડોદાનગર, ખોખળદડ નદીને કાંઠે, રાજકોટ)ને કોટડા સાંગાણી તાલુકાના નારણકા ચોકડી પાસેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા કોટડા સાંગાણી પોલીસ મથકના હવાલે કરવામાં આવી હતી.

આ કામગીરીમાં એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ એચ સી ગોહિલ, આર વી ભીમાણી, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, ઈન્દ્રસિંહ જાડેજા, જયવીરસિંહ રાણા, અનિલભાઈ ગુજરાતી, હેડ કોન્સ્ટેબલ મનોજભાઈ બાયલ, ભગીરથસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ સોલંકી, હિતેશભાઈ હમીરપરા, ભારતીબા સરવૈયા, કોન્સ્ટેબલ મહિપાલસિંહ ચુડાસમા અને અબ્બાસભાઈ ભારમલ રોકાયા હતા.

# અંજારઃ અપહૃત મહિલાને શોધી કાઢી આરોપીને દબોચી લીધો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર. ગોહિલે તેમની ટીમ સાથે ગુમ થયેલા વ્યક્તિઓને શોધવાની કામગીરી હાથ ધરી. અંજાર પોલીસ સ્ટેશનમા તા. ૦૧/૦૯/૨૦૨૫ના રોજ નોંધાયેલા ગુનામાં ભોગબનનાર મહિલાનું અપહરણ કરનાર આરોપી જીતુ હજારીલાલ કુડેચા રાજસ્થાન હતો. પોલીસ ટીમે સતત તપાસ કરીને આરોપી જીતુ કુડેચાને ભોગબનનાર સાથે રાજસ્થાનના પિણ્ડવારા ખાતેથી શોધી કાઢ્યો. આ સફળ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર. ગોહિલ અને અંજાર પોલીસ સ્ટેશનના સ્ટાફના અન્ય સભ્યોનો સમાવેશ થાય છે.

# જામજોધપુરઃ જુગાર રમતી છ મહિલા પકડાઈ

**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

જામજોધપુરમાં ગંજીવાડા વિસ્તારમાં ગંજી પાના વડે જુગાર રમી રહેલી ૬ મહિલાઓની ૬ અટકાયત કરી લીધી છે.

જામજોધપુર પોલીસે ગંજીવાડા વિસ્તારમાં પૂર્વ બાતમીના આધારે દરોડો પાડી જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા લાભુબેન ભગવાનજીભાઈ વરાણીયા, મંગળાબેન ચંદુભાઈ નનેરા, પન્નાબેન રાજેશભાઈ કાનાબાર, ગીતાબેન વજુભાઈ કવૈયા, જયાબેન ચીમનભાઈ કડેચા, શારદાબેન અરવિંદભાઈ ગામી વગેરેની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૬,૨૫૦ની રોકડ રકમ કબ્જે કરી છે.

# ધ્રાંગધ્રામાં ચેક રિર્ટન કેસમાં આરોપીને એક વર્ષની સજા

## રૂ.૧.૮૦ લાખનું ફરિયાદીને વળતર ચુકવવા હુકમ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રામાં એક વ્યક્તિને લેવાના નીકળતા પૈસા ચુકવવા આરોપી દ્વારા ચેક આપવામાં આવ્યો હતો આ ચેક બેંકમાં રીટન થતા નોટીસ આપવા છતા નાણા પરત નહી કરતા કોર્ટ ફરીયાદ કરવામાં આવી હતી ત્યારે એડીશનલ સિનિયર જજ દ્વારા ચેક રીટનના કેસમાં આરોપીને એક વર્ષની સજા ફટકારી રૂપિયા ૧.૮૦ લાખ ફરીયાદીને આપવાનો હુકમ કર્યો હતો.

ધ્રાંગધ્રામાં રહેતા ફરીયાદી નરેન્દ્રસિંહ બનેસીંગ પરમારને અમદાવાદ રહેતા જીગરકુમાર ચંદુલાલ સુથાર પાસે ૩ લાખ રૂપિયા લેવાના હતા. જેમા ૧.૨૦ લાખ આપ્યા અને ૧.૮૦ લાખનો ચેક આપવામાં આવ્યો હતો ત્યારે ચેક બેંકમાં ભરતા બેલેન્સના અભાવે પરત ફરતા અવારનવાર ઉઘરાણી કરાઈ હતી તેમ છતા નાણા નહી આપતા નરેન્દ્રસિંહ બનેસીંગ પરમાર દ્વારા જીગરકુમાર ચંદુલાલ સુથારને વકીલ સહદેવસિંહ જે.જાડેજા દ્વારા નોટીસ આપવામાં આવેલી ત્યાર બાદ ધ્રાંગધ્રા એડીશનલ સિનિયર સિવિલ કોર્ટમાં ફરીયાદ કરવામાં આવી હતી આ કેસ ચાલી જતા બેંક કાગળ, સ્ટેસ્ટમેન્ટ, ચેક અને ફરીયાદીના વકીલ સહદેવસિંહ જે.જાડેજાની દલીલોને ધ્યાનમાં લઈને આરોપી જીગરકુમાર ચંદુલાલ સુથારને કસુરવાર ઠેરવી ચેક રીટન કેસમાં એક વર્ષની સજા ફટકારી હતી આ ઉપરાંત ફરીયાદીને રૂપિયા ૧.૮૦ લાખનુ વળતર ચુકવવા માટે એડીશનલ સિનિયર સિવિલ કોર્ટના જજ આશીષકુમાર હસમુખલાલ દવે દ્વારા આદેશ કરાયો હતો.

# વાંકાનેરના ચિત્રાખડા ગામે જુગાર રમતા ૬ પકડાયા

## રોકડા રૂ. ૫.૮૫ લાખ મોટર સાયકલ, મોબાઈલ તથા બોલેરો મળી રૂા. ૧૩.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો



વાંકાનેર તાલુકા પોલીસ મથકની સર્વેલન્સ ટીમ દ્વારા પૂર્વ બતમીને આધારે ચિત્રાખડા ગામની ખાડા નામે ઓળખાતી સીમમા વાડીમાં આવેલ રહેણાક મકાનમાં જુગાર અંગે રેઈડ કરવામાં આવી હતી, રેઈડ દરમિયાન, જુગાર રમતા ૬ જેટલા જુગારીઓને રોકડા રૂપીયા સહિત કુલ રૂ.૧૩,૨૬,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લેવામાં આવ્યા હતા.

વાંકાનેર તાલુકા પોલીસની સર્વેલન્સ ટીમ ચિત્રાખડા ગામ બાજુ પેટ્રોલીંગમા હોય દરમ્યાન પીઆઈ બી.વી.પટેલને બાતમી મળેલ કે, ચીત્રાખડા ગામની ખાડા નામે ઓળખાતી સીમમા ભગવાનજીભાઈ ઉર્ફે હરેશભાઈ જેજરીયા પોતાના કબ્જા ભોગવટા વાળી વાડીના જુગાર રમતા આરોપી ભગવાનજીભાઈ ઉર્ફે હરેશભાઈ સવશીભાઈ જેજરીયા રહે. ચીત્રાખડા તા.વાંકાનેર, ચાપરાજભાઈ કાનભાઈ માલા રહે.વેલાળા (સા) હનુમાન ડેરી પાસે તા.થાન જી.સુ.નગર, રાજેશભાઈ શાંતીદાસ દેસાણી રહે.વગડીયા ગામ તા. મુળી જી.સુ.નગર, સુરેશભાઈ કેશુભાઈ સાબરીયા રહે.નવાગામ હનુમાન મંદિર પાસે તા. થાનગઢ જી.સુ.નગર, શામજીભાઈ કાળુભાઈ દેથરીયા રહે.રામપરા ગામ ચોકમા લાખામાચી પાસે તા.થાન જી.સુ.નગર તથા ઉદયભાઈ સોમલાભાઈ ખાચર રહે.વેલાળા ગામ તા.થાનગઢ વાળાને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. રેઈડ દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂપીયા ૫,૮૫,૫૦૦/-, મોબાઈલ ફોન- કિ.રૂ.૯૫,૫૦૦/-, મોટર સાયકલ કિ.રૂ.૩,૪૫,૦૦૦/- તથા બોલેરો કિ.રૂ.૩,૦૦,૦૦૦/- -સહિત રૂ.૧૩,૨૬,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# દિવ્યાંગ પરીક્ષાર્થીઓને પરીક્ષા કેન્દ્રએ સમયસર પહોંચાડતી મોરબી પોલીસ



મોરબી જીલ્લામાં તાજેતરમાં રોજ મહેસૂલ તલાટીની પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષામાં પરીક્ષા આપનાર દિવ્યાંગ પરીક્ષાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તે હેતુસર મોરબી જીલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ ખાસ વ્યવસ્થા ગોઠવાઈ હતી. જેમાં ટ્રાફિક શાખાના પી.આઈ. એચ.વી. ઘેલા ના માર્ગદર્શનમાં ટીમવર્ક દ્વારા નવા બસ સ્ટેશનથી સાર્થક સ્કૂલ સુધી દિવ્યાંગ પરીક્ષાર્થીઓને સમયસર પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચાડવામાં આવ્યા હતા. આ સરાહનીય કાર્યમાં પી.એસ.આઈ. ડી.બી. ઠક્કર, એ.એસ.આઈ. નાગદાનભાઈ, કોન્સ્ટેબલ દેવાયતભાઈ તેમજ ડ્રાઈવર દિગ્વિજયભાઈ જોડાયા હતા.

# વાંકાનેર ગર્લ્સ હાઈસ્કૂલને પીએમ શ્રી શાળા જાહેર કરવા ધારાસભ્ય જીતુભાઈ સોમાણીની રજૂઆત

## હોલમઢ-વસુંધરાને સૌની યોજનામાં સામેલ કરવા અને હોલમાતા મંદિરના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવવાની માંગણી

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**



વાંકાનેર પંથકના વિકાસ માટે સતત જાગૃત્ત ધારાસભ્ય જીતુભાઈ સોમાણીએ સરકારમાં વાંકાનેર પંથકના વિકાસ માટે જરૂરી રજૂઆતો કરી છે.

વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણીએ વાંકાનેર શહેરમાં આવેલી ગર્લ્સ સ્કુલને પીએમ શ્રી શાળા જાહેર કરવાની ભલામણ કરી છે. આ ગર્લ્સ સ્કુલમાં ધો.૯ થી ૧૨માં શહેર અને તાલુકાની ૫૫૧ જેટલી દીકરીઓ અભ્યાસ કરે છે. જો આ શાળા પીએમ શ્રી શાળા તરીકે જાહેર થાય તો તમામ દીકરીઓને લાભ મળશે.

સૌની યોજના અંતર્ગત મચ્છુ-૧થી ત્રિવણી ઠાંગા યોજના થકી ખેડુતોને સીંચાઈ યોજનાના પાણીનો લાભ મળી રહે તે માટે વાંકાનેર તાલુકાના મેસરીયા, ઠીકરીયાળા, જાલીડા, ભલગામ, સમઢીયાળા, રાતડીયા તથા મહીકા ગામનો સમાવેશ કરવામાં આવેલ છે. મચ્છુ-૧ પાસે આવેલ ગામો (૧) હોલમઢ (૨) વસુંધરા જે ભરતી ભેણીના ગામો હોય જે ગામો હોલમઢ ગામે લીંબળીયા વાળું તળાવ તથા વસુંધરા ગામે ખારી વાળું તળાવનો આ યોજનામાં સમાવિષ્ટ કરવામાં આવે તો ગામોના ખેડુતોને સીંચાઈ યોજનાનો લાભ મળી રહે જેથી બન્ને ગામોનો આ યોજનામાં આવરી લેવા ધારાસભ્ય જીતુભાઈ સોમાણીએ જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને રજૂઆત કરી છે.

વાંકાનેર તાલુકાનાં હોલમઢ ગામ ખાતે શ્રી હોલ માતાજીનું મંદિર હોલમાતાજી ટ્રસ્ટ દ્વારા સંચાલન કરવામાં આવે છે. આ મંદિરનાં વિકાસ માટે મોરબી જિલ્લા કલેક્ટર દ્વારા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને દરખાસ્ત કરવામાં આવેલ છે. હોલમાતાજીનાં મંદિરની આજુ-બાજુમાં મચ્છુ ડેમ-૧, રામપરા અભ્યારણ હોવાથી ટુરીસ્ટ સર્કિટ બની શકે તેમ છે. જેથી હોલમાતાજીનાં મંદિરને પ્રવાસન સ્થળ બનાવવા માટે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાંથી ગ્રાન્ટની ફાળવણી કરવા ધારાસભ્યએ અંગત ભલામણ કરી છે.

# પાટીદાર કર્મયોગી પરિવાર આયોજિત વેલકમ નવરાત્રિમાં ખેલૈયાઓ ઝુમી ઉઠ્યાં

## પાટીદાર કર્મયોગી પરિવાર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા સહિતના મહાનુભાવો રહ્યા ઉપસ્થિત






મોરબી જીલ્લામાં પાટીદાર કર્મયોગી પરિવાર દ્વારા સ્નેહમિલન અને વેલકમ નવરાત્રિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજ નિર્માણ થકી રાષ્ટ્ર નિર્માણના સંદેશ સાથે યોજાયેલા

આ કાર્યક્રમમાં સમાજના આગેવાનો અને મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ ગ્રુપમાં ક્લાસ વનથી ટુ અધિકારીઓ, શિક્ષકો, કર્મચારીઓ અને પોલીસ જવાનો સહિત અનેક સભ્યો જોડાયેલા છે.

કેશવ પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલા આ સ્નેહમિલન સમારોહમાં ગોવિંદભાઈ વરમોરા, બેચરભાઈ હોથી, એ.કે. પટેલ, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, પ્રકાશભાઈ વરમોરા, કાંતિભાઈ અમૃતિયા, અશોકભાઈ દેસાઈ, સુશિલાબેન બાવરવા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સ્ટેજ કાર્યક્રમ બાદ ઉપસ્થિત સૌએ માઁ ઉમા-ખોડલનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

ભોજન પ્રસાદ બાદ કેશવ પાર્ટી પ્લોટ ખાતે મધુરમ ઈવેન્ટના સંગાથે રાસ-ગરબાનું આયોજન કરાયું હતું. જેમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# મનપા દ્વારા ૫ સ્થળોએ સી.સી. રોડના શરૂ કરાયા

મોરબી મહાનગરપાલિકાએ શહેરના રસ્તાઓને મજબૂત અને સુવિધાસભર બનાવવા માટે જુદા-જુદા વિસ્તારોમાં સી.સી. રોડના કામો હાથ ધર્યા છે.

તા.૦૮ ઓગસ્ટ ૨૦૨૫ની યાદી અનુસાર શરૂ થયેલા આ કામો અંગેની વિગતો મુજબ, કેસર બાગ થી એલ.ઈ. કોલેજ સુધી ૩૫૦ મીટર સીસી રોડ વર્ક પૂર્ણ, ક્રિષ્ના સ્કૂલ થી એસ.પી. રોડ સુધી શરૂ કરેલ સીસી રોડમાં ૧૦૦ મીટર વર્ક પૂર્ણ. આ ઉપરાંત ચિત્રકૂટ સોસાયટી શેરી નં.૧,૨,૩માં શેરી નં.૨ અને ૩નું કામ પૂર્ણ, શેરી નં.૧નું કામ હાલ ચાલુ છે. આ સિવાય કેદારીયા હનુમાન થી સેન્ટ મેરી ફાટક સુધીના કાર્યમાં ૩૦૦ મીટર પીસીસી વર્ક પૂર્ણ. જ્યારે ચામુંડાનગર વિસ્તારમાં ૧૦૦ મીટર પીસીસી વર્ક પૂર્ણ થયું છે. વધુમાં મહાનગરપાલિકાએ જણાવ્યું છે કે, ઉપરોક્ત તમામ કામો ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. આ રોડવર્કના પૂર્ણ થવાથી શહેરવાસીઓને ટ્રાફિકની સમસ્યામાં રાહત મળશે

# ટંકારા: હડમતીયા ગામે પાલનપીર મેળાને અનુલક્ષી ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ

ટંકારા તાલુકાના હડમતીયા ગામે ભાદરવી વદ નોમથી અગીયારસ (તા.૧૬ થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫) દરમિયાન મેઘવાળ સમાજ દ્વારા દર વર્ષની જેમ પાલનપીર મંદિર ખાતે પૌરાણીક મેળાનું આયોજન થવાનું છે. આ મેળામાં દરરોજ અંદાજે ૫,૦૦૦ લોકો ભેગા થાય છે અને સાડા ત્રણ દિવસ સુધી ધાર્મિક જાતરનું આયોજન કરવામાં આવે છે. મેળા સ્થળે લજાઈ ચોકડીથી વાંકાનેર જતો મુખ્ય સ્ટેટ રોડ પસાર થતો હોવાથી તેમજ નજીકમાં જી.આઈ.ડી.સી. વિસ્તાર હોવાથી ભારે વાહનોની અવરજવર વધે છે, જેના કારણે ટ્રાફિક સમસ્યા સર્જાય છે.મોરબી જીલ્લા પોલીસ અધિક્ષકની દરખાસ્તને આધારે જીલ્લા મેજીસ્ટ્રેટ કે.બી. ઝવેરીએ ૧૬ સપ્ટેમ્બર સવારે ૮ વાગ્યાથી ૧૯ સપ્ટેમ્બર બપોરે ૨ વાગ્યા સુધી ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવા જાહેરનામું બહાર પાડ્યું છે.

જેમાં લજાઈ ચોકડીથી હડમતીયા ગામમાં આવતા ભારે વાહનો તથા વાંકાનેરથી જડેશ્વર મારફતે હડમતીયા આવતા ભારે વાહનો ઉપર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. આ સાથે વૈકલ્પિક રૂટ મુજબ, લજાઈ ચોકડી તરફથી આવતા ભારે વાહનો મિતાણા ચોકડી-વાલાસણ-પીપળીયા રાજ, અમરસર, વાંકાનેર શહેર તરફ જઈ શકશે. લજાઈ ચોકડીથી આવતા ભારે વાહનો શકત શનાળા, રાજપર ચોકડી, ધુનડા(સ), સજજનપર, જડેશ્વર, રાતીદેવડી, વાંકાનેર શહેર મારફતે જઈ શકશે. જ્યારે બીજીબાજુ વાંકાનેર તરફથી લજાઈ આવતા ભારે વાહનો અમરસર,પીપળીયા રાજ, વાલાસણ, મિતાણા ચોકડી તરફ જઈ શકશે. તેમજ વાંકાનેર તરફથી લજાઈ આવતા ભારે વાહનો રાતીદેવડી, જડેશ્વર, સજજનપ, ધુનડા(સ), શકત શનાળા, રાજપર ચોકડી મારફતે જઈ શકશે.

પ્રસિદ્ધ કરેલ આ જાહેરનામા માંથી જી.એસ.આર.ટી.સી. બસો, સરકારી વાહનો, નગરપાલિકાના વાહનો, વીજ કંપનીના વાહનો, શબવાહિની, એમ્બ્યુલન્સ, ફાયર ફાઈટર, શાળા-કોલેજ વાહનો, સામાજિક/ધાર્મિક પ્રસંગો માટેના ખાસ વાહનો તેમજ આવશ્યક ચીજવસ્તુઓ વહન કરનારા વાહનોને પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ હુકમનો ભંગ કરનાર સામે પોલીસ કાર્યવાહી હાથ ધરાશે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# એબીવીપી દ્વારા માતાના મઢ જતા પદયાત્રીઓ માટે સેવા કેમ્પ શરૂ

મોરબીમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા માતાના મઢ જતા પદયાત્રીઓની સુવિધા માટે સેવા કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

કંડલા બાયપાસ હાઈવે પર મનહર મીરર નજીક ૧૩ સપ્ટેમ્બરથી શરૂ કરાયેલા આ સેવા કેમ્પમાં પદયાત્રીઓ માટે અનેક વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

આ કેમ્પમાં ચા-પાણી, નાસ્તો, શરબત, આરામ માટે સુવિધા, મેડિકલ સેવા તથા મોબાઈલ ચાર્જર જેવી સહાયક સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. પદયાત્રીઓની તકલીફોને ધ્યાનમાં રાખીને તેમને આરામદાયક સેવા મળી રહે તેવા હેતુથી મોરબી એબીવીપી દ્વારા છેલ્લા બે વર્ષથી આ સેવા-કેમ્પનું આયોજન કરે છે. આ વર્ષે પણ પદયાત્રીઓને સેવાઓનો લાભ મળે તે માટે મોરબી એબીવીપીના યુવા કાર્યકરોની ટીમ સેવા-કેમ્પમાં સેવા આપી રહ્યા છે. આ સાથે મોરબી એબીવીપી દ્વારા પદયાત્રીઓને આ સેવા કેમ્પનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સામા કાઠાં વિસ્તારમાં પાણી લાઈન શિફટીંગના કારણે ગુરૂવારથી ત્રણ દિવસ પાણી વિતરણ બંધ

મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં મહારાણા પ્રતાપ સર્કલ પાસે નવા બ્રિજનું બાંધકામ હાલ ચાલુ છે. બ્રિજના પિલર ઉભા કરવાના કામ દરમિયાન પાણીની મુખ્ય લાઈન વચ્ચે નડતરરૂપ બનતાં તેને ખસેડવાની જરૂરિયાત ઉભી થઈ છે. આ માટે મહાનગરપાલિકા વોટર શાખા દ્વારા તા. ૧૮ સપ્ટેમ્બરથી તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી પાણીની લાઈન સીફટીંગ કામગીરી હાથ ધરાશે. આ કામગીરીને કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી વિતરણ ખોરવાશે, જેમાં ખાસ કરીને સામાકાઠે કેશરબાગ અને નઝરબાગ હેડવર્કસમાંથી બે દિવસ સુધી પાણી વિતરણ બંધ રહેશે. જ્યારે ઉમા ટાઉનશીપ હેડવર્કસમાંથી ત્રણ દિવસ પાણીની સપ્લાય બંધ રહેશે. મોરબી મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતાને આ બાબતે નોંધ લેવા અપીલ કરી છે.

## રહેણાંકમાંથી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો, આરોપી ફરાર

મોરબી સીટી પોલીસ ટીમને બાતમી મળી કે, સ્ટેશન રોડ કુંભાર શેરીમાં રાકેશભાઈ પાદરેશા પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂ તથા બિયરનો જથ્થો રાખી તેનું વેચાણ કરતો હોય, જે મળેલ બાતમીને આધારે પોલીસે ઉપરોક્ત મકાનમાં રેઈડ કરતા જ્યાંથી ઈંગ્લીશ દારૂ મેકડોવેલ્સ વ્હિસ્કીની ૧ નંગ બોટલ તથા કિંગફિશર સ્ટ્રોંગ બિયરના ૮ ટીન જેની કુલ કિ.રૂ.૧,૧૭૫/-નો મુદ્દામાલ મળી આવ્યો હતો. રેઈડ દરમિયાન આરોપી રાકેશભાઈ દામજીભાઈ પાદરેશા હાજર મળી નહિ આવતા તેને વોન્ટેડ જાહેર કરી આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાંકાનેરના અમરસર ગામે દેશી દારૂ તથા ઠંડા આથાના જથ્થા સાથે બે પકડાયા

વાંકાનેર સીટી પોલીસે પૂર્વ બાતમીને આધારે અનારસર ગામની સીમમાં રેઈડ કરી હતી, રેઈડ દરમિયાન ૩૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો ઠંડો આથો કિ.રૂ. ૭,૫૦૦/-તથા ૩૫ લીટર દેશી દારૂ કિ.રૂ.૭,૦૦૦/- સાથે આરોપી વિશાલભાઈ નાનજીભાઈ સીતાપરા ઉવ-૨૫ રહે. અમરસર ગામ તા.વાંકાનેર તથા મુરાદભાઈ ઉર્ફે જીવણભાઈ મનોજભાઈ વિકાણી ઉવ.૨૪ રહે.નવી રાતીદેવળી રામાપીરના મંદીર સામે તા.વાંકાનેર વાળાની અટકાયત કરવામાં આવી હતી. આ સાથે વાંકાનેર સીટી પોલીસે બન્ને આરોપીઓ પાસેથી રૂ.૧૪,૫૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી પરોહિમાએક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# હળવદના રણમલપુર ગામે પોલીસને જોઈ બુટલેગર દેશી દારૂ અને બાઈક મૂકી રફુચક્કર

હળવદના રણમલપુર ગામે તળાવની પાળ નજીક આરોપી અનિલભાઈ રાઠોડ મોટર સાયકલ ઉપર દેશી દારૂ લઈને પોતાના વાડા તરફ જવાનો હોય, જે મળેલ બાતમીને આધારે હળવદ પોલીસ રણમલપુર ગામે રેઈડ કરતા, જ્યાં મોટર સાયકલ સુપર સ્પ્લેન્ડર રજી.નં. જીજે-૩૬-એએ-૧૦૨૪ ઉપર દેશી દારૂ લઈને આવતા આરોપી અનિલભાઈ નાનજીભાઈ રાઠોડ રહે. રણમલપુર ગામ તા.હળવદ વાળો પોલીસને દૂરથી આવતા જોઈ બાઈક અને દેશી દારૂ મૂકીને બાવળની કાંટમાં નાસી ભાગી ગયો હોય ત્યારે પોલીસે મોટર સાયકલ કિ.રૂ.૨૦,૦૦૦/- તથા દેશી દારૂ સહિત રૂ.૨૩,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રફાળેશ્વર સ્કૂલમાં ત્રીજા માળેથી પટકાયેલ આધેડનું મોત

વાંકાનેર ટાઉનમાં રહેતા આદમભાઈ યશુખભાઈ શેખ ઉવ.૪૦ ગઈકાલ તા.૧૩/૦૯ ના રોજ સાંજના સમયે કોઈ કારણોસર રફાળેશ્વર સરકારી સ્કૂલના ત્રીજા માળેથી નીચે પડી જતા આદમભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તેઓને મરણ ગયેલ હાલતમાં મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા, જ્યાં હાજર ડોક્ટરે જોઈ તપાસી આદમભાઈને મૃત જાહેર કર્યા હતા, જે બાદ પોલીસને જાણ કરતા તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# ચારીત્રની શંકાએ પતિએ પત્નીને મોતને ઘાટ ઉતારી

## ઘુંટુ રોડ આઈકોન સિરામિકના લેબર ક્વાર્ટરમાં ખેલાયો ખૂની ખેલ

મોરબી શહેરના જુના ઘુંટુ રોડ ઉપર આઈકોન સીરામીકના લેબર ક્વાર્ટરમાં રહેતા મધ્યપ્રદેશના દંપતી વચ્ચે અવારનવાર બોલાચાલી ઝઘડા થતા હતા, જેમાં પતિ દ્વારા પત્ની ઉપર ચારિત્ર્ય અંગે શંકા-કુશંકા રાખતો હોય જેના પરિણામ સ્વરૂપે ગઈકાલ પતિ-પત્ની વચ્ચે ફરી એકવાર વિવાદ સર્જાયો હતો, ત્યારે પતિએ પત્નીના માથામાં તથા ચહેરા ઉપર કોઈ હથિયાર વડે ઘા મારી તેનું ઢીમ ઢાળી દીધું હતું. હાલ મૃતકના પિતરાઈ ભાઈની ફરિયાદને આદગારે બી ડિવિઝન પોલીસે હત્યારા પતિ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે. મોરબીના જૂના ઘુંટુ રોડ નજીક આવેલી આઈકોન સીરામિક ફેક્ટરીમાં પોલીસિંગ વિભાગમાં કામ કરતા કાનાભાઈ ઉર્ફે પ્યારસિંગ કુકરીયાભાઈ બારેલા મૂળ મધ્યપ્રદેશના ગુના જીલ્લાના સખતપુર ગામના વતનીએ ચારિત્ર્ય અંગેની શંકા રાખી તેમની પત્ની બિંદાબેનની કરપીણ હત્યા કરી નાખવામાં આવી હતી. ત્યારે સમગ્ર હત્યાના બનાવ અંગે મૃતક બિંદાબેનના મામાના દીકરા પહેલવાનભાઈ ટનટયાભાઈ બારેલા રહે.હાલ ઊંચી માંડલ મેગાસીટી સીરામીકના લેબર ક્વાર્ટરમાં મૂળ રહે. મધ્યપ્રદેશના અશોકનગર જીલ્લાના સાડોરા ગામના રહેવાસીએ બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી કાનાભાઈ ઉર્ફે પ્યારસિંગ બારેલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં જણાવ્યા અનુસાર, ફરીયાદીના ફઈના દિકરી બિંદાબેનને તેના પતિએ ચારીત્ર બાબતે ખોટી શંકા કુંશકા કરી કોઈ હથીયારના માથામા તથા મોઢા પર ઘા મારી મોત નિપજાવ્યું હતું. હાલ બી ડિવિઝન પોલીસે હત્યાના બનાવ અંગે આરોપી મૃતકના પતિ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ક્રિકેટ મેચ ઉપર ઑનલાઈન જુગાર રમતા એક પકડાયો, એક ફરાર

મોરબી તાલુકા પોલીસને મળેલી બાતમીના આધારે અમરેલી ગામ નજીક નેક્શસ સિનેમા પાસે રેઈડ કરવામાં આવી હતી, તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે આરોપી કલ્પેશભાઈ કનૈયાલાલ ચાવડા ઉવ.૪૨ રહે. રણછોડનગર નવલખી રોડ મોરબી વાળાએ આરોપી જલાભાઈ રહે. રવાપર રોડ મોરબી વાળા પાસેથી ઑનલાઈન જુગાર માટે આઈ.ડી મેળવી હતી.

આરોપી કલ્પેશભાઈએ પોતાના ફોનમાં BETFALSH૨૪૭ એપ મારફતે GTPL6૭ આઈ.ડી. નો ઉપયોગ કરીને ભારત-ઓસ્ટ્રેલિયા મહિલા વનડે ક્રિકેટ મેચમાં રનફેર ઉપર પૈસાની હારજીતનો જુગાર રમતા તાલુકા પોલીસના હાથે ઝડપાયા ગયો હતો. જ્યારે આઈડી આપનાર આરોપી હાજર મળી આવ્યો ન હોય જેથી તેને ફરાર જાહેર કરી પોલીસે રોકડા રૂ.૨,૦૦૦/- તથા મોબાઈલ સહિત રૂ.૭,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી બન્ને વિરુદ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# માધાપરવાડી કન્યા શાળાના વિજ્ઞાન પ્રદર્શનમાં છાત્રાઓએ ૨૫થી વધુ કૃતિઓ કરી રજુ



મોરબી શહેરની પીએમશ્રી માધાપરવાડી કન્યા શાળામાં બેગલેસ ડે નિમિત્તે અનોખી પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસ અને પ્રેક્ટિકલ જ્ઞાન મેળવવાના હેતુથી ગણિત-વિજ્ઞાન પ્રદર્શન તથા આનંદ મેળો યોજાયો હતો. પ્રદર્શન દરમ્યાન વિદ્યાર્થીનીઓએ પોતાની કુશળતાથી ૨૫ જેટલી વૈજ્ઞાનિક કૃતિઓ તૈયાર કરી અને પ્રદર્શનમાં રજૂ કરી હતી. તેમ જ વ્યવસાયિક શિક્ષણ મળે તે હેતુસર મિક્સ કઠોળ, પાણી-પુરી, ભુંગરા-બટેટા, સિંગ-ભેળ, ચણા મસાલા, સેન્ડવીચ, દાબેલી, સરબત પાન વગેરેના સ્ટોલ ઉભા કરી વેપાર કર્યો હતો.

આ પ્રવૃત્તિથી વિદ્યાર્થીનીઓએ રોકાણ, ખર્ચ, આવક, જાવક અને નફાની ગણતરી કેવી રીતે થાય તેની પ્રેક્ટિકલ સમજ મેળવી હતી. આ વિજ્ઞાન પ્રદર્શન અને આનંદ મેળાને નિહાળવા માધાપરવાડી કુમાર અને કન્યા શાળાના આશરે ૭૦૦ વિદ્યાર્થીઓ તથા દોશી એન્ડ ડાભી માધ્યમિક શાળાની ૩૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

# બેડી ગામ નજીક બે યુવાનો પર છરી, ધારિયા સહિતના હથિયારો વડે હુમલો કરી લૂંટ

## અમારે અલ્ફાઝ સાથે માથાકૂટ ચાલે છે, તું તેની સાથે કેમ ફરે છે કહી મોહસીન શાહમદાર, સદામ કુરેશી સહિતના ચાર શખ્સો તૂટી પડ્યા

## છરી અને ધારિયા વડે આડેધડ ઘા ઝીંકી દઈ પેન્ટના ખિસ્સામાંથી રૂ. ૪૭૦૦ લૂંટી લીધા : માસીયાઈ ભાઈને પાઈપ વડે ફટકાર્યો

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ બેડી ગામ પાસે યુવક પર ધારીયા અને છરીથી જીવલેણ હુમલો કરી લૂંટ ચલાવી આરોપી ફરાર થઈ જતાં પોલીસ દોડતી થઈ હતી. બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે લૂંટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી હતી. રાજકોટના દુધસાગર રોડ પર રહેતાં મોહસીન ચૌહાણને મોહસીનશાહ શામમદાર અને તેના સાળા સદામ કુરેશી સહિતના શખ્સોએ અમારે અને અલ્ફાજને માથાકુટ ચાલે છે, તું તેની સાથે રહી અને તેનુ કામ શું કામ કરે છે કહિ હથીયાર સાથે તૂટી પડ્યા હતાં.

બનાવ અંગે રાજકોટમાં દુધસાગર રોડ પર લખાજીરાજ શેરી નં.૦૪, ફારૂકી મસ્જીદ પાસે રહેતાં

મોહસીનભાઈ આરીફભાઈ ચૌહાણ (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મોસીનશાહ હબીબશાહ શાહમદાર (રહે. દૂધસાગર રોડ લાખાજીરાજ ૩/૪ કોર્નર), સદામ સીદીક કુરેશી (રહે.ભગવતીપરા) અને બે અજાણ્યા શખ્સોના નામ આપતાં કુવાડવા રોડ પોલીસે લૂંટ, મારામારી, ધમકી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે દુધસાગર રોડ ચુનારાવાડ ચોકથી આગળ અમુલ ડેરીમા નોકરી કરે છે. ગઈકાલે તે ઘરે હાજર હતો ત્યારે બપોરના આશરે બે અઢી વાગ્યાની આસપાસ તેના મિત્ર અલ્ફાઝ કુરેશીનો ફોન આવેલ કે, હું આજીડેમ-૨ ઉપર હાજર છુ, મારે ગાડીમા ડીઝલ પુરાવાનુ છે, તુ મારા ઘરે જઈ પૈસા લઈ આજીડેમ-૨ ખાતે મને આપી જા તેમ કહેતા યુવાન અલ્ફાઝના ઘરે જઈ તેનુ એક્સેસ લઈ યુવાન તેના માસીનો દિકરો મોઈન યુસુફી સાથે રૂ. ૪૭૦૦ લઈ અલ્ફાઝને રૂપીયા આપવા નીકળેલ હતાં.

બપોરના આશરે ત્રણેક વાગ્યે ગૌરીદડથી બેડીગામ તરફ જતા રોડ પર હડમતીયા ગામના પાટીયે પસાર થતો હતો. ત્યા થોડે દુર જઈ અલ્ફાઝને ફોન કરી પુછેલ કે, તુ ક્યા ઉભેલ છે તેમ જણાવતા તેણે જણાવેલ કે, હું બેડી ચોકડી તરફ જાવ છુ, જેથી યુવાને એક્સેસ પાછુ વાળીને બેડી ચોકડી તરફ આવતો હતો. ત્યારે મૌસીનશાહ શાહમદાર અને તેનો સાળો સદામ કુરેશી ભારત પાનથી આગળ તેમની રીક્ષા અને બાઈક સાથે અન્ય બે અજાણ્યાં શખ્સો સાથે ઊભાં હતા.

તે ચારેય શખ્સોએ યુવાનને બુમ પાડી કહેવા લાગેલ કે, ઉભો રહે તેમ જણાવતા યુવાને એક્સેસ ઉભું રાખેલ તો તે ગાળો બોલી કહેવા લાગેલ કે, અમારે તથા અલ્ફાજને માથાકુટ ચાલે છે અને તું તેની સાથે કેમ રહે છે અને તેનુ કામ શું કામ કરે છે તેવુ કહિ ઉશ્કેરાય જઈ અને મોહસીનશાહ શાહમદારે તેમના હાથમાં રહેલ ધારીયુ માથાના ભાગે ઝીંકી દિધેલ હતું. તે દરમિયાન સદામ કુરેશીએ તેના પેન્ટના કમરના ભાગેથી છરી કાઢી હાથમાં ઘા ઝીંકી દેતાં માથામાંથી અને હાથમાંથી લોહી નિકળવા લાગતાં તે લોહીલુહાણ થઈ ગયો હતો.

ઉપરાંત તેની સાથેના બે અજાણ્યા શખ્સોએ તેની પાસેની લોખંડની પાઈપ વડે હુમલો કરી દિધો હતો. તેમજ તેમની સાથેના માસીના દિકરા નોઈનખાન નઝીરખાનને પણ માર માર્યો હતો. દરમિયાન ફરીયાદી યુવાન નીચે રોડ ઉપર પડી જતા મોહસીનશાહે ગળું પકડી રાખેલ અને સદામ કુરેશીએ યુવાને પહેરેલ પેન્ટના પાછળના ખિસ્સામાં રાખેલ રોકડ રકમ રૂ.૪૭૦૦ કાઢી લિધેલ હતા. મોહસીનશાહ શાહમદારએ તેના હાથમા રહેલ ધારીયા વડે માથામાં ઈજા કરેલ તેમજ સદામ કુરેશીએ પેટના ભાગે છરી મારવા જતા હાથ આડો કરતા હાથમાં ઈજા પહોંચી હતી. તેમજ બે અજાણ્યા શખ્સોએ તેમના માસીના દિકરા નોઈનખાનને લોખંડની પાઈપથી માર મારતા ઈજા થયેલ હતી. ત્યારબાદ મૌસીનશાહ શાહમદારએ ધમકી આપેલ કે, હવે પછી જો તું અલ્ફાજ ભેગો જોવા મળીશ તો તને જાનથી મારી નાખીશ. દરમિયાન ઘટનાસ્થળે માણસોનુ ટોળું ભેગુ થતાં આરોપીઓ હથીયાર સાથે નાસી છૂટ્યા હતાં. બાદમાં ઈજાગ્રસ્ત યુવાનને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

## હવે અલ્ફાઝ સાથે દેખાયો તો જાનથી મારી નાખીશું કહી ખૂનની ધમકી : કુવાડવા રોડ પોલીસે લૂંટ, હુમલો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી

# ધ્રાંગધ્રા ગ્રામ્યમાં તસ્કરોનો તરખાટ કોંઢ મકાનમાંથી રૂ.૧.૦૮ લાખની ચોરી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથક વિસ્તાર તસ્કરો માટે જાણે રેઢુ પડ બની ગયો હોય તેમ છાશવારે ચોરીની ઘટનાઓ બની રહી છે ત્યારે કોંઢ ગામે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યુ હતુ જેમાં રોકડ અને સોના-ચાંદીના આભુષણો મળી રૂપિયા ૧,૦૮ લાખની મત્તા ચોરાયાની તાલુકા પોલીસ ફરિયાદ નોંધાઈ છે

ધ્રાંગધ્રા તાલુકાના કોંઢ ગામના વતની ગંગાસ્વરૂપા કનુબેન હરેશભાઈ પંડયા હાલ અમદાવાદમાં રહે છે તેઓને રેશનકાર્ડમાં કેવાયસી કરાવવાનું હોય અને નવરાત્રી સુધી રોકાણ કરવાનું હોઈ તેઓ વતન કોંઢ ગામે આવ્યા હતા અને સાથે લાવેલ રોકડ, દાગીનાનો થેલો કબાટમાં મુકયો હતો રાતના સમયે તેઓને કાકાજી સસરાના ઘરે જમવા જવાનું હોઈ તેઓ ત્યાં ગયા હતા અને રાત્રે ત્યાં જ સુતા હતા વહેલી સવારે તેઓ ઘરે આવીને જોતા દરવાજાના તાળા તુટેલા હતા અને ઘરમાં સામાન અસ્તવ્યસ્ત હતો આથી ચોરી થયાની જાણ થતા તેઓએ અમદાવાદ રહેતા બન્ને દિકરાઓને જાણ કરતા તેઓ તુરંત કોંઢ દોડી આવ્યા હતા અને તપાસ કરતા તસ્કરો રૂપીયા ૨૦ હજાર રોકડા, સોનાની ૩ વીંટી, ૨ બંગડી, ચેન, ચાંદીના છડા સહિત રૂપિયા ૧.૦૮૦૦૦ની મત્તા ચોરી કરીને લઈ ગયા હતા આ અંગે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે કનુબેને અજાણ્ય શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે

# વંથલી નજીક પાણી પુરવઠાની જીપની અડફેટે પદયાત્રીનું મોત

## નાબર ઈજનેર અને ડ્રાઈવર નશાની હાલતમાં નાશી છુટતા ગ્રામજનોએ ઝડપી પાડી પોલીસને સોંપ્યા

**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

વંથલીના અણીયારા નજીક કુતિયાણાના પાણી પુરવઠા વિભાગના ડેપ્યુટી એન્જિનિયર અને ડ્રાઈવર એ નશામાં ચુર બની, સરકારી વાહન દ્વારા અકસ્માત સર્જતા લુશાળાના એક આશાસ્પદ યુવાનનું કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે એક વ્યકિતને ઈજા થતા પરંતુ ગ્રામજનો એ ખોરાસા પાસે આ જીપને દબોચી લઈ, પોલીસને સોંપી હતી અને પોલીસે તપાસ કરતા ગાડીમાંથી બિયર અને ટીન મળી આવ્યા હતા.

જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના લુશાળા ગામના સુભાષ કનુભાઈ ડાંગર (ઉ.વ. ૨૪) પોતાના ચારેક મિત્રો સાથે સતાધાર જવા માટે પગપાળા ચાલીને ઘરેથી નીકળ્યા હતા. અને અણીયારા ગામ નજીક પહોંચતા ગવર્મેન્ટ ઓફ ગુજરાત લખેલી સફેદ કલરની જીપ નંબર જીજે -૨૫ -યુ -૮૨૨૯ પૂરપાટ ઝડપે તાલાળા મેંદરડા તરફથી આવી હતી અને પગપાળા જઈ રહેલી યુવાનોને અડફેટે લઈ જીપ ચાલક નાસી છૂટ્યો હતો. ત્યારે આ અકસ્માતની ગ્રામજનોને જાણ થતા, ગ્રામજનો એ લુશાળા નજીક જીપને પકડી પાડી પોલીસને જાણ કરી હતી. ગાડીમાંથી બિયરના પાંચ ટીન મળી આવ્યા હતા. તે સાથે કુતિયાણા પાણી પુરવઠાના ડેપ્યુટી એન્જિનિયર અને ડ્રાઈવર પણ નશાની હાલતમાં મળી આવતા બંનેને હસ્તગત કરવામાં આવ્યા હતા.દરમિયાન લુશાળાના ગ્રામજનો અકસ્માત સ્થળે પહોંચ્યા હતા અને અકસ્માતમાં સુભાષ કાનાભાઈ ડાંગર તથા અન્ય એક યુવક ગંભીર રીતે ઘવાતા જુનાગઢ સારવાર માટે લવાયા હતા, ત્યાં ફરજ પરના તબીબે સુભાષ કાનાભાઈ ડાંગરને મરણ ગયાનું જાહેર કર્યું હતું. નશામાં ચુર થઈ અકસ્માત સર્જનાર કુતિયાણા પાણી પુરવઠાના ડેપ્યુટી એન્જિનિયર ગોવિંદ લક્ષ્મણભાઈ પાતર અને ડ્રાઈવર રાહુલ ચંદુભાઈ પાદર સામે કડક કાર્યવાહીની માંગ કરતા,વંથલી પીઆઈ ચૌધરીએ આ ઘટનામાં કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

# ધાંગધ્રા કારે મોટરસાયકલને ટક્કર મારતા પ્રૌઢનું મોત

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રાના ચુલી પાસે પીપળા ગામ ના પાટિયા નજીક અજાણા કાર ચાલકે મોટરસાયકલને ટક્કર મારતા અકસ્માત સજાયો હતો જેમાં મોટરસાયકલ ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજતા અજાણ્યા કાર ચાલક સામે નોંધાયો ગુનો છે.

ધ્રાંગધ્રા તાલુકાના ગોપાલગઢ ગામે રહેતા ૩૦ વર્ષીય જયપાલભાઈ ધરમશીભાઈ લાદોરીયા ખેતી કરે છે ગત તા. ૧૧-૯ના રોજ તેમના મોટા બાપુજી રામજીભાઈ લાદોરીયાને આંખની દવા લેવાની હોઈ તેઓ બાઈક લઈને ધ્રાંગધ્રા ગયા હતા જયાંથી સાંજના સમયે બન્ને બાઈક પર ગોપાલગઢ પરત ફરતા હતા જેમાં ધ્રાંગધ્રા-હળવદ રોડ પર પીપળા પાસે રસ્તો ક્રોસ કરતા સમયે પાછળથી પુરઝડપે આવેલ એક કારના ચાલકે બાઈકને ઠોકર મારી હતી જેમાં જયપાલભાઈ અને રામજીભાઈ બન્ને નીચે પટકાયા હતા આ બનાવમાં જયપાલભાઈને કોઈ ઈજા થઈ ન હતી પરંતુ રામજીભાઈને ઈજા પહોંચી હતી આથી તેઓને સારવાર માટે ૧૦૮ દ્વારા ધ્રાંગધ્રા દવાખાને લઈ જવાયા હતા જેમાં તેઓનું સારવાર દરમીયાન મોત થયુ હતુ બનાવની જયપાલભાઈએ અજાણ્યા કાર ચાલક સામે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા વધુ તપાસ ધાંગધ્રા તાલુકા પોલીસ ચલાવી રહી છે

# ગાંધીધામ-આદિપુર વચ્ચેના ફાટક ૪ દિવસ સુધી રાત્રે બંધ રહેશે

## રેલવેના કામને કારણે રાજવી, જુમાપીર, ગળપાદર ફાટક બંધ રખાશે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ-આદિપુર રેલવે લાઈન પર ચાલી રહેલા કામકાજને કારણે આગામી ચાર દિવસ સુધી રાત્રે ૮ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી અમુક રેલવે ફાટક બંધ રહેશે. રેલવે વિભાગે સત્તાવાર જાહેરાત કરતા જણાવ્યું છે કે આ કામગીરી હેઠળ તા.૧૫ના રોજ આદિપુર તરફનો રાજવી ફાટક, તા.૧૬ના રોજ ગાંધીધામ તરફનો રાજવી ફાટક, તા.૧૭ના રોજ જુમાપીર ફાટક અને તા.૧૮ના રોજ ગળપાદર ફાટક વાહનવ્યવહાર માટે બંધ રાખવામાં આવશે. આ કામગીરી દરમિયાન વાહનચાલકોને અગવડતા ન પડે તે માટે વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે.

# ધ્રાંગધ્રાઃ વિજય દેવીપૂજક છરી સાથે ઝડપાયો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા સીટી પોલીસ પેટ્રોલિંગમાં હોય તેવા સમયે હેડ કોસ્ટેબલ એન પી વાણોલ, ગેલેશભાઈ સ્ટાફ એ શખ્સ શંકાસ્પદ હાલતમાં મોચીવાડ ત્રણ રસ્તા નજીકથી નીકળતા તેને અટકાવી અંગ ઝડતી કરતા તેની પાસેથી છરી મળી આવી હતી જેથી પોલીસે તુરંત શખ્સની અટકાયત કરી પૂછપરછ કરતાં પોતે વિજયભાઈ હેમુભાઈ દેવીપુજક રહે ધ્રાંગધ્રા વાળો હોવાનું જણાવતા શખ્સને ઝડપી પાડી તેના વિરૂધ્ધ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# નખત્રાણાના નાના કાદિયા ગામે પુત્રોએ માતાને મોતને ઘાટ ઉતારી

## આડા સંબંધોના વહેમમાં પુત્રોએ આ ઘાતકી હત્યાને અંજામ આપ્યો

**અબતક, ભુજ**

કચ્છના નખત્રાણા તાલુકાના નાના કાદિયા ગામની વાડી વિસ્તારમાં પુત્રોએ જ તેમની માતા હેમલતાબેન ડાયાલાલ પારાધી (જાગરિયા) (ઉ.વ. ૪૦)ની હત્યા નીપજાવી હોવાનો બનાવ બહાર આવતાં ભારે ચકચાર પ્રસરી છે. આડા સંબંધોના વહેમમાં પુત્રોએ આ ઘાતકી હત્યાને અંજામ આપ્યો હતો. પોલીસ પ્રાપ્ત વિગત મુજબ પુત્રો અશોક ડાયાલાલ પારાધી જાગરિયા અને કાયદાના સંઘર્ષમાં આવેલા સગીર પુત્ર સહિત બે શખ્સ નીતુભા માધુભા જાડેજાની વાડીમાં ગત મધરાત્રિના ૧૨.૩૦ વાગ્યાના અરસામાં હત્યાના આ બનાવને અંજામ આપ્યો હતો. ભોગ બનનાર હેમલતાબેનના પિતા દાનાભાઈ ખીમાભાઈ જાગરિયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે તેણી રાત્રિના ૧૨.૩૦ વાગ્યે કોઈ સાથે ફોન ઉપર વાત કરતાં હતાં. આ દરમ્યાન બંને આરોપીની માતાને કોઈ સાથે આડા સંબંધ હોવાની શંકા ગઈ હતી અને આક્રોશમાં આવી ગયા હતા. આરોપીઓએ પણ માતાની પાછળ-પાછળ જઈને તેણીને પકડી હતી અને ગળું દબાવી દઈ મોતને ઘાટ ઉતારી દીધી હતી. પુત્રોએ ગળું દબાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે નાકના ભાગે પણ તેણીને ઈજાઓ પહોંચી હતી. બનાવ બહાર આવતાં ગામમાં ભારે ચકચાર પ્રસરી હતી. વાડીના માલિક નીતુભા જાડેજા સવારે છ વાગ્યે વાડીએ આવ્યા ત્યારે બંને આરોપીઓએ માતાની હત્યા નીપજાવી હોવાની કબૂલાત આપી હતી. વાડી માલિકે ભોગ બનનારના પિતાને જડોદર ને બનાવ અંગે જાણ કરી હતી. બંને આરોપીએ કુટુંબીજનો સામે આપેલી કેફિયત મુજબ ભોગ બનનારા હેમલતાબેન છેલ્લા કેટલાક સમયથી તેમને અને તેમના પિતા સાથે વાતચીત પણ ન કરતા હતા અને જમવાનું પણ બનાવતા ન હતા. અવાર નવાર કોઈની સાથે મોબાઈલ ફોન ઉપર વાત કરતા હતા. આરોપી પુત્રોએ સમજાવવા છતાંય માન્યા ન હોવાની કેફિયત પુત્રોએ આપી હતી. આ મામલે નખત્રાણા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની જાણ થતાં પી.આઈ. મકવાણા અને અન્ય પોલીસ સ્ટાફે ઘટનાસ્થળે જઈને તપાસ આદરી હતી. પુત્રોના હાથે માતાની હત્યા નીપજાવાઈ હોવાની ઘટનાથી અરેરાટી ફેલાઈ

# આદિપુર પોલીસે પોલીસ સ્ટેશન ખાતે ૩.૦૮ લાખના મોબાઈલ મૂળ માલિકને પરત કર્યા




તેરા તુજકો અર્પણની લોકોમાં સરાહના

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

આદિપુર પોલીસે ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત ગુમ થયેલા કુલ ૧૩ મોબાઈલ ફોન શોધી તેમની કિંમત ૩,૦૮,૯૮૭/-ના મુદ્દામાલ મૂળ માલિકને પરત કર્યા. આ કામગીરી પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા તથા પૂર્વ કચ્છના પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરી અને પો.ઈન્સ. એમ.સી. વાળા તેમજ સેકન્ડ પો.ઈન્સ. આર.સી. રામાનુજના નેતૃત્વમાં આદિપુર પોલીસ સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી. પોલીસની આ કામગીરીથી નાગરિકોમાં વિશ્વાસ અને સંતોષનો માહોલ જોવા મળ્યો હતો.

# જેસરના વીરપુર ગામે જુગાર રમતા ચાર શકુની ઝડપાયા



**અબતક, આનંદ રાણા, સિહોર**

ભાવનગર જિલ્લામા દારૂ જુગારની બદી ડામી દેવા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા આપેલી સુચના ને પગલે સ્થાનિક પોલીસ મથક દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે જેસર તાલુકાના વીરપુર ગામે જાહેરમાં જુગાર રમતા નરવણ ભાણાભાઈ ચાવડા ,દેવા દાદુભાઈ ગોહિલ ,મનસુખ મહરિભાઈ ગોહિલ અને હિંમત ગીગુભાઈ ગોહિલ નામના શખ્સોની ધરપકડ કરી, રૂ.૧૬.૩૮૦ની રોકડ કબજે કરે છે. જેસર પી.એસ.આઈ એચ બી મુસાર એ.એસ.આઈ બીએ વેગડ સહિતના સ્ટાફે ઝડપી લીધા છે

# ગોંડલ: ગંગોત્રી સ્કૂલના વિદ્યાર્થીઓએ અદાણી પોર્ટની લીધી મુલાકાત

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલની ગંગોત્રી સ્કૂલ દ્વારા તાજેતરમાં કોમર્સ વિભાગના વિદ્યાર્થીઓ માટે એક અનોખા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રવાસ અંતર્ગત વિદ્યાર્થીઓએ મુન્દ્રા ખાતે આવેલા અદાણી ગ્રુપના ઉદ્યોગોની મુલાકાત લીધી હતી.

વિદ્યાર્થીઓએ આ પ્રવાસ દરમિયાન અદાણી ગ્રુપની અનેક મહત્વપૂર્ણ કંપનીઓ જેવી કે અદાણી પોર્ટ, અદાણી વિલમર, અદાણી સોલાર, અદાણી પાવર પ્લાન્ટ, અદાણી વેસ્ટ પોર્ટ પર જહાજોનું સંચાલન, સોલાર પેનલનું નિર્માણ, પાવર પ્લાન્ટનું કાર્ય અને કોલસાના વ્યવસ્થાપન જેવી વિવિધ પ્રક્રિયાઓનું નિરીક્ષણ કરીને વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહિત થયા. તેવું યાદીમાં જણાવ્યું હતું.

# જૂનાગઢ રેવન્યુ તલાટીની પરીક્ષામાં ૨૫ ટકા ઉમેદવારો ગેરહાજર

## જિલ્લાના ૪૩ કેન્દ્રો પર શાંતિ પૂર્ણ વાતાવરણમાં યોજાય પરિક્ષા

**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ ખાતે રવિવારે યોજાયેલ રેવન્યુ તલાટી વર્ગ ત્રણ ની ૨૫ % થી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી ન હતી. જિલ્લામાં ૪૩ કેન્દ્ર ઉપર ગઈકાલે યોજાયેલ આ પરીક્ષા ખૂબ જ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થવા પામી હતી.

ગઈકાલે રવિવારે જુનાગઢ ખાતે રેવન્યુ તલાટી વર્ગ ત્રણ ની પરીક્ષા યોજાઈ હતી જૂનાગઢના ૪૩ કેન્દ્રો ઉપર ૪૦૭ પરીક્ષા ખંડમાં આ પરીક્ષા યોજાય હતી. જેમાં કુલ ૧૨,૨૦૬ ઉમેદવારો પરીક્ષા આપવાના હતા, જેમાંથી ૯૦૩૬ ઉમેદવારોએ જ પરીક્ષા આપી હતી જ્યારે ૩૧૭૦ એટલે કે ૨૫ % થી વધુ ઉમેદવારો એ આ પરીક્ષા આપી ન હતી.

જુનાગઢ જિલ્લા કલેકટર અનિલ રાણાવાસીયા અને તંત્ર દ્વારા પરીક્ષા સમયે ખૂબ સુંદર વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. આ સાથે અનેક જાહેરનામાં પ્રસિધ્ધ કરાયા હતા અને બહારના જિલ્લામાંથી પરીક્ષા આપવા આવેલા ઉમેદવારો માટે વધારાની એસટી બસની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હતી. જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પરીક્ષા કેન્દ્ર ઉપર કડક પોલીસે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, જેના કારણે આ પરીક્ષા દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના બનવા પામી ન હતી.

# જૂનાગઢમાં નેશનલ લોક અદાલતમાં એક જ દિવસમાં ૨૯૪૯ કેસોના નિકાલ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ દ્વારા જિલ્લા ન્યાયાધીશ બી જી દવેના માર્ગદર્શન હેઠળ સમગ્ર જુનાગઢ જિલ્લામાં શનિવારના રોજ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ હતું.

આ લોક અદાલતમાં મોટર અકસ્માત, બેંક લેણા, ચેક રિટર્ન, લગ્ન સંબંધી વિગેરે કેસો મૂકવા માં આવેલ હતા. સવારથી જ વકીલો, પક્ષકારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

લોક અદાલત, સ્પેશિયલ સેટિંગ, pre litigation ના કેસો મળીને કુલ ૨૯૪૯ કેસોના નિકાલ કરવામાં આવ્યો હતો.

લોક અદાલતને સફળ બનાવવા માટે વકીલોના સહકારને જિલ્લા જજ બી.જી. દવે તેમજ સચિવ ચંદનાની દ્વારા બિરદાવવામાં આવેલ હતો.

# ભાવનગરમા ત્રણ મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલાયો, ત્રિપુટીની ધરપકડ

**અબતક, આનંદ રાણા, શિહોર**

ભાવનગર જિલ્લામાં વધતા જતા ચોરીના બનાવો અટકાવવા અને વણઉકેલ ગુનાઓનો ભેદ ઉકેલવા જીલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા આપેલી સુચનાને પગલે એલસીબી ના પી.આઈ.એ આર વાળા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ કર્યું હતું ત્યારે ભાવનગર શહેરના રહેતો અસલમ મોહમ્મદ પઠાણ અને ચેતન ધનશ્યામ પરમાર અને રોહિત દિલીપ તેજાણી સહિત ત્રણ શખ્સ ની એલસીબી એ અટકાયત કરી તેના કબજા માંથી ત્રણ મોબાઈલ મળી આવતા પોલીસે એલસીબીએ બોર તળાવ નીલમબાગ અને ધોધા રોડ પોલીસ મથકમાં મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલ રૂપિયા ૩૯,૦૦૦ નો મુદ્દામાં કબજે કર્યો છે

# તરઘડી ગામે રાજકોટના યુવાન પર બે ભાઈએ કર્યો હુમલો

**અબતક રાજકોટ**

પડધરી તાલુકાના તરઘડી ગામે આવેલી રાધે કાઠીયાવાડી હોટલ પાસે રાજકોટમાં થોરાળા શેરી નંબર ૪માં રહેતો ઈમરાન કદમભાઈ ભટ્ટી કોઈ કામ સબબ ગયો હતો, તે દરમિયાન તરઘડી ગામે રહેતા હયાન રફિકભાઈ અને ફરાન રફિકભાઈ નામના બંધુએ ઈમરાન પર પાઈપ વડે હુમલો કર્યો હતો. ત્યારબાદ ઈમરાનને સારવાર અર્થે તાત્કાલિક પડધરી હોસ્પિટલ અને ત્યારબાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો. ઈમરાન પર બે શખ્સોએ શા માટે હુમલો કર્યાની તપાસ પોલીસે હાથ ધરી છે.

# ખંભાળીયા નગરપાલિકામાં મેનેજમેન્ટનો અભાવ લાખોની ગ્રાન્ટ વાપરવા છતાં રસ્તાઓ જેસે થે !

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

ખંભાળીયા નગરપાલિકામાં વિજય સિનેમા, બસસ્ટેન્ડ, મામલતદાર, વિસ્તારમાં પેવર બ્લોક નાખવામાં આવ્યા હતા. જે કોઈ કારણ વગર તેને કાઢીને સી.સી. રોડ બનાવવામાં આવ્યો હતો. તેમ જ દરેક રોડ સમય મર્યાદ પહેલા હટી જાય છે અને હલકી ગુણવતા અને ભ્રષ્ટાચાર થયા હોવાનો આક્ષેપ થયો હતો.

રાજયસભા સાંસદ પરિમલ નથવાણી અને રાજય મંત્રી મુળુભાઈ બૈરા દ્વારા રજુઆત ધ્યાને લઈ સરકાર દ્વારા લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે ખર્ચા કર્યા પછી પણ રસ્તા ખરાબ થતા હોઈ છે. લાખો રૂપિયા વાપરવા છતાં રસ્તાઓ જે સે થે તેવી પરિસ્થિતિ નિમાર્ણ થતું હોય તેવું જોવા મળ્યું હતું.

# જામનગર ક્રાઈમ ડાયરી

## સિક્કામાં મકાનમાંથી દારૂની ૨૧૬ બોટલ સાથે એક આરોપી ઝડપાયો

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના સિક્કા ગામમાં એક મકાન ઉપર પોલીસે દરોડો પાડીને ૨૧૬ નંગ દારૂની બોટલનો જથ્થો કબજે કરી ને એક આરોપી ને ઝડપી લીધો હતો.

સિક્કા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. જે.જે.ચાવડાની સુચનાથી સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા, ત્યારે ખાનગી રાહે બાતમી મળેલ કે સિક્કા ભગવતી સોસાયટી, રામાપીરના મંદીર ની બાજુમા રહેતો ભીખાભાઈ નાગશીભાઈ ગઢ પોતાના રહેણાક મકાને ઈંગ્લીશ દારૂનો જથ્થો વેચાણ અર્થે રાખેલ છે. તેથી પોલીસે દરોડો પાડ્યો હતો અને ભારતીય બનાવટની અલગ-અલગ વિદેશી દારૂની કુલ કુલ બોટલો નંગ-૨૧૬ કુલ કિ.રૂ.૨,૭૮,૪૦૦ નો દારૂ કબજે કરી આરોપી વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો અને તેની ધરપકડ કરી હતી .



આરોપી ભીખાભાઈ નાગશીભાઈ ગઢની પૂછપરછમાં દારૂનો જથ્થો રાજુ કોડીયાતર (રહે.રાણપર તા.ભાણવડ જી.દેવભુમી દ્વારકા) એ સપ્લાય કર્યો હોવાનું ખુલતાં પોલીસે રાજુ કોડીયાતર ને ની ફરારી જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે.

## કનસુમરાના પાટીયા પાસેથી દારૂના ૨૯૦ નંગ ચપલા સાથે શખ્સ ઝડપાયો

**અબતક, જામનગર**

જામનગર નજીકના કનસુમરા ગામના પાટીયા પાસેથી એલસીબી પોલીસે એક શખ્સને ૨૯૦ નંગ દારૂના ચપલા સાથે ઝડપી પાડ્યો છે.



જામનગરની એલ.સી.બી.પોલીસના સ્ટાફએ પૂર્વ બાતમી ના આધારે જામનગર તાલુકાના કનસુમરા ગામના પાટીપા પાસે આવેલ આશાપુરા પાર્ટીની બાજુમાં ધનશ્યામસિંહ હનુભા ચાવડા ( રહે.નવાગામ ઘેડ માસ્તર સોસાયટી જામનગર) ને ઈંગ્લીશ દારૂના ચપટા નંગ-૨૯૦ કિ.રૂ.૨૯,૦૦૦ સાથે ઝડપી લીધો હતો. આરોપી ધનશ્યામસિંહ ચાવડાની પૂછપરછમાં દારૂનો જથ્થો સુરતના રાજુ પાસેથી લઈ આવેલનુ જણાવેલ છે. આથી પોલીસે રાજુનું પગેરું પણ દબાવ્યું છે.

## કાલાવડ પંથકમાં બાર પવનચક્કીમાં તસ્કરો ત્રાટક્યા

### ૮૬,૪૦૦ રૂપિયાની કિંમતના કોપર વાયરની ચોરી કરી

**અબતક,જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં આવેલ એકીસાથે ૧૨ પવનચક્કીઓને તસ્કરોએ નિશાન બનાવી હોવાનો ચોંકાવનારી ઘટના સામે આવી છે. તસ્કરોએ ૮૬,૪૦૦ રૂપિયાની કિંમતના કીમતી કોપર વાયરની ચોરી કરી જતા સિક્યુરિટી સાઈડ ઈન્ચાર્જ દ્વારા સ્થાનિક પોલીસમાં જાણ કરાઈ હતી.. વિગત અનુસાર કાલાવડ તાલુકાના મૂળીલા ગામે રહેતા અને ગણેશ સિકયુરીટી એજન્સીમાં સાઈટ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા જયેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજાએ પવન ચક્કી માંથી કોપર વાયર ની ચોરી મામલે પોલીસ ફરિયાદ કરી છે. જેમાં જણાવાયા અનુસાર વીંડ વર્લ્ડ કલીન એનર્જી ફોરેવેર પ્રા.લીમીટેડ કંપની હસ્તકની અપોલો ટાયર્સ લીમીટેડ કંપનીની કાલાવડ તાલુકાના છતર ગામે અરલા રોડ પર સાજન ડાડાની દરગાહ સામેના ડુંગર સીમ વિસ્તારમા પવનચક્કી આવેલ છે.

જેના લોકેશન નંબર ૫૦ થી ૫૬ તથા ૫૮ થી ૬૧ પવનચક્કીઓમા ચોરી થઈ છે અને મોટી વાવડી ગામની સીમમા પટનાયક મીનરલ્સ કંપનીની પવનચક્કી લોકેશન નંબર ૮૫ એમ કુલ ૧૨ પવનચક્કીના ટ્રાન્સફોર્મરના બહારના ભાગે લગાવેલ કોપર વાયર તસ્કરો કાપી ગયા છે.

આરોપીઓ તમામ પવનચક્કીઓમાંથી કોપર અર્થિંગ વાયરના કેબલ મળી ૧૪૪ મીટર અર્થિંગ કોપર વાયર ચોરી ગયા હતા. આમ એક મીટરની કી.રૂ.૬૦૦ રૂપિયા કિંમત લેખે કુલ કિ.રૂ.૮૬,૪૦૦ ની કોપર વાયરની ચોરી થતા પોલીસ પણ ચોંકી ઉઠી છે અને આ મામલે અજાણ્યા શખ્સો સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# જોડીયા નજીક ૨.૬૪ લાખની વિદેશી દારૂ સાથે બે શખ્સ પકડાયા

## એલસીબીએ દરોડો પાડી ૨૪૦૦ બોટલ શરાબ, કાર અને બે મોબાઈલ મળી ૭.૭૪ લાખનું મુદ્દામાલ કર્યો કબજે

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

જામનગર કચ્છ હાઈવે પર આવેલા જોડિયા તાલુકાના તારાણા ગામ નજીક એલસીબી એ દરોડો પાડી ટોલનાકા પાસેથી બ્રેઝા કારમાંથી રૂપિયા ૨.૬૪ લાખની કિંમતના ૨૪૦૦ બોટલ વિદેશી દારૂ સાથે જામનગર પંથકના બે શખ્સની ધાર પકડ કરી દારૂ મોબાઈલ અને વાહન મળી રૂપિયા ૭.૭૪ લાખનો મુદ્દા માલ કબજે કરી કાર્યવાહી હાથ છે. વધુ વિગત મુજબ જામનગર જિલ્લામાં દારૂબંધીનો કડક અમલ કરવા જિલ્લા પોલીસ વડા ડોક્ટર રવિ મોહન સૈની દ્વારા આપેલી સુચના ને પગલે એલસીબીના પી.આઈ વી એમ લગારીયા ના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે જામનગર તાલુકાના ધુવાવ ગામનો મુસ્તાક ખમો સફિયા અને હાપા ગામે રહેતો સુનિલ જયસુખ મકવાણા સહિત બંને શખ્સ જીજે ૩૭ બી ૯૯ ૮૧ નંબરની બ્રેઝા કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને જામનગર તરફ આવી રહ્યા હોવાની મળેલી બાતમીના આધારે પીએસઆઈ પી એન મોરી, સીએમ કાંટેલીયા હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ સોઢા ભાઈપાલસિંહ જાડેજા અને ભરતભાઈ ડાંગર સહિતના સ્ટાફ દ્વારા જામનગર કચ્છ હાઈવે પર આવેલા તારાણા ગામ પાસે ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી ત્યારે પૂરપાટ ઝડપે આવતી ઉપરોક્ત નંબરની કારને અટકાવી તલાસી લેતા જેમાંથી રૂપિયા ૨.૬૪ લાખની કિંમત ની ૨૪૦૦ બોટલ વિદેશી દારૂ સાથે મુસ્તાક સફિયા અને સુનિલ મકવાણાની ધરપકડ કરી કરી છે વિદેશી દારૂ વાહન અને બે કાર મળી રૂપિયા ૭. ૭૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે ઝડપાયેલ શખ્સની પૂછપરછમાં આ દારૂનો જથ્થો ભાગીદારમાં વેચાણ કરવા માટે સોહિલ મોદી અને સદામ સફિયા દ્વારા કચ્છના કટારીયા ગામ પાસેથી લાવ્યા હોવાની કબુલાત આપતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.



## પ્રથમ પાનાનું ચાલુ

### તાપમાન ૧૦.૮૦ કરોડ ડીગ્રીએ

સુધી ટકી રહે છે અને આ લાઈન્સને વિકૃત કરે છે. સોલર ફ્લેર્સથી ઉપગ્રહો, અવકાશયાત્રીઓ અને વૈશ્વિક સંચાર વ્યવસ્થાઓને જોખમ હોવાથી, આ અભ્યાસ અવકાશ હવામાનના જોખમોને વધુ સારી રીતે આગાહી કરવા અને ઘટાડવા માટે સ્ટોર્મ મોડેલોને અપડેટ કરવાનું મહત્વ દર્શાવે છે.

સોલર ફ્લેર્સ એ સૂરજની સપાટી પરથી થતા વિશાળ ઊર્જા વિસ્ફોટો છે, જે તીવ્ર કિરણોત્સર્ગ અને ઉચ્ચ-ઊર્જાવાળા કણોના પ્રવાહને અવકાશમાં મુક્ત કરે છે. અગાઉ વૈજ્ઞાનિકો માનતા હતા કે આ ઘટનાઓ કણોને લગભગ ૧.૮ કરોડ ડિગ્રી ફેરનહીટ (૧ કરોડ ડિગ્રી સેલ્સિયસ) સુધી ગરમ કરે છે. જોકે, નવા અભ્યાસથી ખબર પડી છે કે આ ફ્લેર્સમાંના આયન્સ અગાઉ વિચારેલા કરતાં છ ગણા વધુ ગરમ થઈ શકે છે, જે સૌર પ્રવૃત્તિ, ચુંબકીય ક્ષેત્રની ક્રિયાપ્રતિક્રિયાઓ અને અવકાશ હવામાનને ચલાવતી પ્રક્રિયાઓ વિશેની અમારી સમજને બદલી નાખે છે, જે પૃથ્વીના ટેકનોલોજીકલ માળખા પર અસર કરી શકે છે.

યુનિવર્સિટી ઓફ સેન્ટ એન્ડ્રુઝના એલેકઝાન્ડર રસેલ અને તેમની ટીમ દ્વારા નેતૃત્વ લેવાયેલા આ અભ્યાસમાં જણાવાયું છે કે ફ્લેર્સ દરમિયાન આયન્સ અને ઈલેક્ટ્રોન્સ અલગ-અલગ વર્તન કરે છે. જ્યાં ઈલેક્ટ્રોન્સ ૧.૮-૨.૭ કરોડ ડિગ્રી ફેરનહીટ (૧-૧.૫ કરોડ ડિગ્રી સેલ્સિયસ) સુધી ગરમ થાય છે, ત્યાં આયન્સ ૧૦.૮ કરોડ ડિગ્રી ફેરનહીટ (૬ કરોડ ડિગ્રી સેલ્સિયસ)થી વધુ તાપમાને પહોંચે છે. આ આત્યંતિક તાપમાનનું અસંતુલન સૌર પ્લાઝમાના વિસ્ફોટક સ્થિતિમાં વર્તન વિશેની લાંબા સમયથી ચાલતી ધારણાઓને પડકારે છે.

અભ્યાસનું સૌથી મહત્વનું યોગદાન એ ફ્લેરના અવલોકનોમાં જોવા મળતી વિશાળ સ્પેક્ટ્રલ લાઈન્સના રહસ્યનું નિરાકરણ છે. જ્યારે વૈજ્ઞાનિકો ટેલિસ્કોપ દ્વારા સોલર ફ્લેર્સનો અભ્યાસ કરે છે, ત્યારે તેઓ તાપમાન અને વર્તન નક્કી કરવા માટે તત્વોના સ્પેક્ટ્રલ ફિંગરપ્રિન્ટ્સનું વિશ્લેષણ કરે છે. જોકે, આ લાઈન્સ હંમેશા અપેક્ષા કરતાં વધુ પહોળી દેખાતી હતી. નવા તારણો સૂચવે છે કે અતિશય ગરમ આયન્સ એટલી ઝડપથી ગતિ કરે છે કે તેઓ આ સ્પેક્ટ્રલ લાઈન્સને વિકૃત કરે છે. કારણ કે આયન્સ અને ઈલેક્ટ્રોન્સ ગરમીનું આદાન-પ્રદાન કરવામાં થોડી મિનિટો લે છે, આ ગરમ આયન્સ ફ્લેર ડેટામાં જોવા મળતી અસામાન્ય પહોળાઈ પેદા કરવા માટે પૂરતા સમય સુધી ટકી રહે છે. આ શોધ સૌર અવલોકનોને વધુ ચોક્કસ રીતે અર્થઘટન કરવાની અમારી ક્ષમતાને વધારે છે.

આ શોધ અવકાશ હવામાનની આગાહી માટે મહત્વની અસરો ધરાવે છે, જે આધુનિક ટેકનોલોજી અને અવકાશ સંશોધન માટે નિર્ણાયક ક્ષેત્ર છે. હાલના મોડેલો ઘણીવાર ફ્લેરમાંના તમામ કણો માટે એક જ તાપમાન ધારે છે, જે વાસ્તવિક ઊર્જાને ઓછો અંદાજી શકે છે. જો આયન્સ ખરેખર અપેક્ષા કરતાં વધુ ગરમી ધરાવે છે, તો મોડેલોએ બહુ-તાપમાન અભિગમ અપનાવવો જોઈએ, જેમાં આયન્સ અને ઈલેક્ટ્રોન્સને અલગ-અલગ ગણવામાં આવે. આ ફેરફાર આગાહીઓની ચોકસાઈને નોંધપાત્ર રીતે સુધારી શકે છે, જે ઉપગ્રહ સંચાલકો, એરલાઈન્સ અને અવકાશયાત્રીઓને ખતરનાક સૌર તોફાનોની વધુ વિશ્વસનીય ચેતવણીઓ આપી શકે છે.

### રિઝર્વ બેન્ક

કારણ કે કામચલાઉ પરિબળોની અસર ઘટશે અને ટેરિફની અસર વધુ સ્પષ્ટ થશે. તેમણે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ક્વાર્ટર ૩માં ૨૫ બેઝિઝ પોઈન્ટના એક વધુ દર ઘટાડાની અપેક્ષા વ્યક્ત કરી. એએનઝેડના અર્થશાસ્ત્રી ધિરજ નિમે જણાવ્યું કે, ફુગાવામાં ઘટાડાના જોખમોને કારણે ઓક્ટોબર-ડિસેમ્બરમાં રેપો રેટમાં ઘટાડાની શક્યતા છે, જોકે મજબૂત જીડીપી આંકડા બાદ બજારે આ શક્યતાને નકારી કાઢી હતી. આમ, ફુગાવો નીચો રહેવા છતાં, મજબૂત આર્થિક વૃદ્ધિ અને જીએસટી ઘટાડાની અસરને દયાનમાં રાખીને આરબીઆઈ નજીકના સમયમાં વ્યાજદર યથાવત રાખે તેવી શક્યતા વધુ લાગે છે.

### હાઈકોર્ટ

કારણે આ મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે.

ગુજરાત હાઈકોર્ટે આ મુદ્દે ગંભીરતાથી ધ્યાન આપ્યું છે અને રાજ્ય સરકાર તેમજ પ્રવેશ પ્રક્રિયા સાથે સંકળાયેલા અધિકારીઓને નોટિસ જારી કરીને આ રૂપાંતરણની પ્રક્રિયા અંગે સ્પષ્ટતા માંગી છે. કોર્ટે આ પ્રક્રિયા કયા નિયમો હેઠળ કરવામાં આવી છે અને તેની પાછળનું તર્કસંગત કારણ શું છે, તેની વિગતો માંગી છે. આ ઉપરાંત, કોર્ટે આ મામલે આગળની સુનાવણી માટે તારીખ નક્કી કરી છે, જેમાં તમામ પક્ષકારોને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવશે.

ગુજરાત હાઈકોર્ટની આ નોટિસ એક મહત્વપૂર્ણ પગલું છે, જે રાજ્યમાં મેડિકલ પ્રવેશ પ્રક્રિયાની પારદર્શિતા અને નિષ્પક્ષતા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યને દર્શાવે છે. આ મામલાની આગળની સુનાવણી પર તમામ હિતધારકોની નજર રહેશે, કારણ કે આ નિર્ણય ભવિષ્યમાં પીજી મેડિકલ પ્રવેશની નીતિઓને આકાર આપી શકે છે.

### પૂર્વ માહિતી કમિશનર

કરી છે. તેમણે જણાવ્યું કે તેમણે દિલ્હી પોલીસનો પણ સંપર્ક કરીને અગ્રણી એપ્લિકેશનો, ઓટીટી પ્લેટફોર્મ અને સોશિયલ મીડિયા સામે ફરિયાદ કરી હતી. જ્યારે પોલીસે તેમની ફરિયાદ નોંધી ન હતી, ત્યારે તેઓએ ન્યાયતંત્રનો સહારો લીધો હતો, જેના પરિણામે પોલીસ વિભાગને નોટિસ મોકલવામાં આવી હતી. માહુરકરે પોર્નોગ્રાફી દર્શાવતી ઓનલાઈન એપ્લિકેશનો પર પ્રતિબંધ મૂકવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પણ સમર્થન આપ્યું. આ પગલાં રાષ્ટ્રનિર્માણ માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

વધુમાં, માહુરકરે જણાવ્યું કે ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે તેમણે ગુજરાત સરકાર સાથે સહયોગ કર્યો છે, જેના અંતર્ગત યુવાનોને 'સંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર' એનાયત કરવામાં આવશે. આ પ્રકારના પ્રયાસો વિકસિત ભારત ૨૦૪૭ ના વડાપ્રધાન મોદીના વિઝનને સાકાર કરવા માટે જરૂરી છે. માહુરકર એક અનુભવી પત્રકાર અને રાજકીય વિશ્લેષક છે, જેમણે વડાપ્રધાન મોદી અને વિનાયક સાવરકર પર પુસ્તકો પણ લખ્યા છે, જે આ મુદ્દા પ્રત્યેની તેમની ગંભીરતા દર્શાવે છે. આ પહેલ સમાજમાં જાગૃતિ લાવવા અને ઓનલાઈન કન્ટેન્ટના દૂષણને રોકવામાં મદદરૂપ થશે.

### ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદકો

પીએલઆઈ યોજના ભારતના 'આત્મનિર્ભર ભારત' અભિયાનનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ યોજના દ્વારા સરકાર સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા અને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતનું સ્થાન મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે. ઉદ્યોગો માટે આ એક સુવર્ણ તક છે કે તેઓ આ યોજનાનો લાભ લઈને પોતાના વ્યવસાયને વિસ્તારે અને દેશના આર્થિક વિકાસમાં યોગદાન આપે.

### (છેલ્લા પાનાનું ચાલુ)

### અમિત શાહ...

ઓળંગીને ફ્રાન્સ પહોંચ્યા હતા. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, અહીં જે પણ ખેલાડી રમવા આવશે તે પોતાના માટે નહીં પરંતુ તેના દેશ માટે મેડલ જીતવાની આશા સાથે આવશે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, અમદાવાદ દેશની ખેલકૂદ રાજધાની, સ્પોર્ટ્સ કેપિટલ બનશે. અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ, વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જેવા આધુનિક સંકુલોથી રમત ગમતની પૂરતી સુવિધાઓ વિકસી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવ્યા પછી દેશના ખેલાડીઓનું ઓલમ્પિક, કોમનવેલ્થ અને વિન્ટર ગેમ્સમાં પર્ફોર્મન્સ વધુ ઉત્કૃષ્ટ બન્યું છે.

તેમણે ઉમેર્યું કે, ૨૦૨૯માં અમદાવાદમાં પોલીસ અને ફાયર વિભાગના જવાનોની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ થવાની છે. ૨૦30માં કોમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં રમાય તે માટેની મંજૂરી ટૂંક સમયમાં મળે તેવી સંભાવના છે. અને ૨૦૩૬ માં ઓલમ્પિક પણ અમદાવાદમાં રમાય તે માટે સરકાર કટિબધ્ધ છે.

મંત્રીએ પોતાના મતવિસ્તાર અને પોતાના વોર્ડમાં નિવાસસ્થાનથી નજીક જ અધ્યાધુનિક રમતગમત સંકુલ આકાર પામ્યું છે તેની ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીને અહીંની ૨૧ એકર જમીનમાં આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બને તેની મંજૂરી માટે વિનંતી કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વિસ્તારમાં વર્લ્ડ કલાસ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બને તેવા આગ્રહ સાથે મંજૂરી આપી હતી, જે આ અદ્યતન વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના નિર્માણથી પૂર્ણ થઈ છે.

વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે અમદાવાદ અને ગુજરાતને આજે વિશ્વ કક્ષાના સ્પોર્ટ્સ સંકુલની ભેટ મળી રહી છે. સંવિધાનનું ૭૫મું વર્ષ અને દેશમાં હિન્દી દિવસની ઉજવણીના અવસરે અમદાવાદમાં રૂ.૮૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલું સંકુલ ગુજરાતને રમતગમત ક્ષેત્રે નવી દિશા આપશે એમ તેમણે ઉમેર્યું હતું.

રમતગમત રાજયમંત્રી હર્ષ સંઘવીએ સૌને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે રમતગમત ક્ષેત્રે એક અનમોલ ભેટ સ્વરૂપ આ ભવ્ય અને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે ગુજરાત અને દેશને આપ્યું છે.

હર્ષભાઈ સંઘવીએ ઉમેર્યું હતું કે, દેશના ઈતિહાસમાં પહેલી જ વાર એવું બન્યું છે કે કોઈ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના સત્તાવાર લોકાર્પણ પહેલાં જ તેમાં આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ યોજાઈ છે. વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ સફળતાપૂર્વક આયોજિત થઈ હતી અને આવનારા સમયમાં અહીં એશિયન એકવેટિકસ કોમ્પિટિશનનું પણ આયોજન થવાનું છે, જેમાં વિવિધ દેશોના અંદાજે ૧૨૦૦ જેટલા ખેલાડીઓ ભાગ લેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં નારણપુરા ખાતે નિર્માણ પામેલું વિશ્વ કક્ષાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં એકવેટિક્સ સ્ટેડિયમ, સ્પોર્ટ્સ સેન્ટર ઓફ એક્સલેન્સ, ઈન્ડોર મલ્ટી સ્પોર્ટ્સ એરેના, કોમ્યુનિટી સ્પોર્ટ્સ સેન્ટર, આઉટડોર કોર્ટ અને ફિટ ઈન્ડિયા ઝોન જેવા વિવિધ વિભાગોમાં અનેકવિધ રમતો, તેના કોચિંગ, પ્રેક્ટિસ, સહિત નાગરિકો અને ખેલાડીઓ માટે સ્પોર્ટ્સ, યોગા અને ફિટનેસ એક્ટિવિટીઝ માટે અનેકવિધ સુવિધાઓ અને અત્યાધુનિક સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

### ક્રાઈમ કેપિટલ...

૧૧૦, મારામારીની ૧૪૮, ચોરીની ૩૮૩, જુગારના ૩૩૩ કિસ્સા સામે આવ્યા છે.

ગૃહ વિભાગએ ભ્રષ્ટાચારનું એપીસેન્ટર છે. રાજ્યમાં નશીલા પદાર્થોનો કાળો કારોબાર બેફામ ચાલી રહ્યો છે. ગુંડા અને ગુન્હેગારોને બદલે તંત્ર વિપક્ષના નેતાઓ આગેવાનો પાછળ નજર રાખવામાં વ્યસ્ત છે. રાજ્યમાં હપ્તારાજ વ્યાપક બન્યું છે. બેફામ બનેલા ગુંડા-અસામાજિક તત્વોને કાબુમાં લેવામાં સદંતર નિષ્ફળ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું કે રાજ્યમાં ગુનેગારોમાં પોલીસ તથા શાસન તંત્રનો હવે કોઈ ભય રહ્યો નથી. ખુલ્લેઆમ થઈ રહેલી આવી હિંસક ઘટનાઓ સાબિત કરે છે કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવામાં સરકાર નિષ્ફળ સાબિત થઈ રહી છે. નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ કોઈપણ સરકારની સર્વોચ્ચ જવાબદારી હોય છે. સામાન્ય નાગરિકોમાં ભયનો માહોલ છે અને ગુનેગારો નિર્ભય બનીને કાયદાની ધજાગરા ઉડાવી રહ્યા છે. બંને હત્યાઓની તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. આરોપીઓને ઝડપથી પકડી કડકમાં કડક સજા આપવામાં આવે, રાજ્યભરમાં કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા કરીને જરૂરી સુધારા કરવામાં આવે, પોલીસની સક્રિયતા અને કડક કામગીરી દ્વારા નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

### વરસાદ...

પૂર્વ મધ્ય ગુજરાતમાં ૧૧૦.૧૮ ટકા વરસાદ વરસી ગયો છે. નૈઋત્યનું ચોમાસુ હવે વિદાય લેવા ભણી આગળ ધપી રહ્યું છે. રાજસ્થાનથી ચોમાસાની વિદાયનો આરંભ થઈ ચૂકયો છે. આગામી દિવસોમાં હવે ગુજરાત સહિતના રાજયમાંથી ચોમાસુ વિદાય લેશે તે પૂર્વ રાજયમાં આજથી ત્રણ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી છે.

ઉપલેટામાં ભાદરવામાં ભરપુર વરસાદ વરસતા ત્રણ કલાકમાં બે ઈંચ જેવો વરસાદ વરસતા મોટાભાગના પાકોને ફાયદો થશે.

ગઈકાલે બપોર સુધી ગરમી રહ્યા બાદ બપોરે ત્રણ વાગ્યા બાદ વાતાવરણમાં પલ્ટો આવતા પવન સાથે બોરે ૩.30 કલાકે વરસાદનું મંડાણ થયેલ હતું. તે સાંજના ૬.30 કલાક સુધી વરસતા બે ઈંચ જેવા વરસાદ વરસી ગયો હતો તેમજ ગ્રામ્ય વિસ્તારના મેખાટીંબી, વરજાગ જાળીયા, નાગવદર સહીત ગામોમાં પાણ એક થી બે ઈંચ જેવા વરસાદ વરસતા ખેતમાં ઉભેલા મગફળી, એરંડા, સોયાબીન સહિતના પાકોને ભરપુર ફાયદો મળશે. શાંતિથી પડેલા વરસાદથી ઉપલેટા પંથકમાં કોઈ જાન હાની નહી થયાનું મામલતદાર નીખીલ મહેતાએ જણાવેલ છે.

રાજુલા બાદ ગઈકાલે બપોરબાદ જાફરાબાદ અને અમરેલી તાલુકામાં મેઘરાજાએ અમી વરસાવી ખેડૂતોને રાજી કર્યા છે, અમરેલીના મોટા ગોખરવાળા, નાના ગોખરવાળા, રાજસ્થળી, લાપાળીયા,દેવળીયા સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો જેના પગલે ગામડાઓની મુખ્ય બજારોમાં નદીઓની માફક પાણી વહેતા થયા હતા, વરસાદના ચોથા રાઉન્ડની ખેડૂતો કાગડોળે રાહ જોઈ રહ્યા હતા એવા સમયે વરસાદ આવવાથી કપાસ, મગફળી, બાજરી,જુવાર, મકાઈ,માગ,અડદ જેવા પાકોને ભારે ફાયદો થયો છે.

## લાઈફ બ્લડ સેન્ટર'ના સ્થાપક ચંદ્રકાન્તભાઈ કોટિચા અરિહંત શરણ પામ્યા



રાજકોટ નિવાસી, સૌરાષ્ટ્રની સૌપ્રથમ બ્લડ બેન્ક 'લાઈફ બ્લડ સેન્ટર'ના સ્થાપક ચંદ્રકાન્તભાઈ હરસુખલાલ કોટિચા (ઉંમર ૮૧) ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫, શનિવારના રોજ અરિહંત શરણ પામેલ છે. તેમનું જીવન સાદગી, સેવાભાવ અને સ્નેહથી ભરપૂર હતું. સમાજસેવા, ખાસ કરીને રક્તદાનના ક્ષેત્રે તેમનું યોગદાન અમૂલ્ય છે. તેઓ તેમના પરિવાર, મિત્રો અને શુભચિંતકો માટે એક વટવૃક્ષ સમાન હતા, જેમણે અનેક લોકોના જીવનમાં ઉજાસ પાથર્યો હતો. સૌરાષ્ટ્રમાં રક્તદાન ક્ષેત્રે તેમનો ફાળો અમૂલ્ય હતો. રાજકોટ વોલિન્ટરી બ્લડ બેન્કથી તેમના જન જાગૃતિ અભિયાનની શરૂઆત કરી હતી. લોકોને રક્તદાન કરવા પ્રેરણા મળે એ માટે તેઓ ગામે ગામ જઈને રક્તદાન જાગૃતિ કેમ્પો કરતા. આ સાથે અધ્યતન સાધનો સાથે સેવા આપવાનો હમેશા તેમનો પ્રયાસ હતો. તેમના હસમુખા અને મળતાવડા સ્વભાવને કારણે તેઓ સીકિ ના હુલામણા નામ થી ઓળખાતા.

## દુઃખદ અવસાન

**સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

### ઉપાસના ટ્રાવેલ્સવાળા ભરતભાઈ વાળાનું અવસાન



**રાજકોટઃ** મૂળ ગામ બાબરા હાલ રાજકોટ નિવૃત્ત સ્વ. પીએસઆઈ જે.આર. વાળા ના જયેષ્ઠ પુત્રનું ભરતભાઈ વાળાનું આજે અવશાન થયેલ છે. સ્વ.ભરતભાઈ વાળા ઉપાસના ટ્રાવેલ્સ વાળા દશરથભાઈ વાળા અને સ્વ. ગૌતમભાઈ વાળા મોટાભાઈ અને નિવૃત્ત મામલતદાર એમ.ડી.માંજરીયાના સાળા તેમજ અમરીશરાજ વાળાના પિતાજી થાય છે. સ્વર્ગસ્થનું બેસણું તા.૧૯ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ મોહનભાઈ હોલ કસ્તુર બા રોડ ચૌધરી હાઈસ્કુલ પાસે રાજકોટ ખાતે રાખેલ છે.

### જૈન આગેવાન મનહરભાઈ ગોડાનું અવસાન

**રાજકોટઃ** રાજકોટ નિવાસી સ્વ. કિશોરકાંત ગીરધરલાલ ગોડાના પુત્ર મનહરભાઈ તે નિશાબેનના પતિ, તેજશભાઈ, દિપેશના પિતા, ક્રિશ, મીતના દાદા, સ્વ. પ્રફુલભાઈ, રશ્મિનભાઈ, સ્વ. હર્ષદરાય, સ્વ. રજનીભાઈ, સ્વ. જીતેન્દ્રભાઈ, યોગેશભાઈ, સુશીલભાઈના ભાઈ, સ્વ. ધીરજલાલ લાલજી મહેતા વડીયાવાળાના જમાઈ, રીનાબેન, કીંજલબેનના સસરા, હરેશભાઈ મગનલાલ કોઠારી (જુનાગઢવાળા), ભરતભાઈ મડીયા (બગસરાવાળા)ના વેવાઈનું તા. ૧૪ ના રોજ અવસાન થયેલ (ચક્ષુદાન કરેલ છે.

**રાજકોટઃ** અમૃતલાલ શાંતિલાલ સીમરીયા (જામદેવળીયા વાળા)ના પત્ની સ્વ. લતાબેન અમૃતલાલ સીમરીયા તે મેહુલભાઈ, અંજુબેન, મયુરકુમાર ચોટાઈ, વૈશાલીબેન રાજેશકુમાર વિઠલાણીના માતાનું તા. ૧૪ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું અને પીયર પક્ષની સાદડી તા. ૧૫ ને સોમવારે સાંજે ૪ થી ૫ દરમિયાન પિતૃમોક્ષ મંદિર શેરી નં.૭, ગૌમતનગર, ગાંધીગ્રામ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ગુર્જર સુતાર જેતપુરવાળા હાલ રાજકોટ નિવાસી સ્વ. કાંતિભાઈ ઓધવજીભાઈ કરગથરાના પત્ની મંજુલાબેન કાંતિભાઈ કરગથરા (ઉ.વ.૮૨) તે પ્રદીપભાઈ કાંતિભાઈ કરગથરા (ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટના મંત્રી, ગુર્જર સુતાર સમસ્ત કરગથરા પરિવારના પ્રમુખ), (પી.સી. ઈન્ડસ્ટ્રીઝ રાજકોટ), ચેતનભાઈ કાંતિભાઈ કરગથરા (પી.સી. એન્ટરપ્રાઈઝ)ના માતા, સ્વ. વાઘજીભાઈ સુંદરજીભાઈ ભાલારાના દિકરી, સ્વ. કાશીબેન રણછોડભાઈ જોલાપરા, સ્વ. બેચરભાઈ, ગોપાલભાઈના બહેન, ડો. અમી, ડો. કૃપાલી, હર્ષિત, દીપના દાદીમાંનું તા. ૧૩ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું પ્રાર્થના સભા તા. ૧૫ ને સોમવારે સાંજે ૪ થી ૬ દરમિયાન મેઘાણી રંગભવન, ભકિતનગર સર્કલ, રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. પ્રિતિબેન અશ્વીનભાઈ અદવર્યુ તે અશ્વીનભાઈ રવિશંકર અદવર્યુ (ગોંડલ) ના પત્નિ, પૂર્વી ભૌમિકભાઈ ભટ્ટ, શ્રુતિ રક્ષીતભાઈ બક્ષીના માતાનું તા. ૧૧ ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૧૫ ને સોમવારે સાંજે ૫ થી ૬ તેમના નિવાસ સ્થાને પંચરત્ન ૧૫ મનહર પ્લોટ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મચ્છુ કડિયા સઈ સુતાર જ્ઞાતિના કોઠારીયાવાળા મહેશભાઈ રમણીકભાઈ પરમારના પુત્રવધુ અમીબેન (ઉ.વ.30) તે જીગરભાઈના પત્ની, હિયાનના માતા, ચિંતનભાઈના ભાભી, ધીરુભાઈ જસમતભાઈ મેરના દીકરીનું તા. ૧૪ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૫ ને સોમવારે સાંજે ૪ થી ૬ દરમિયાન નિવાસ સ્થાને બજરંગવાડી શેરી નં. ૬ ખાતે રાખેલ છે. તથા પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**જસદણ :** દશા મોઢ માંડલીયા વણિક જ્યોતિબેન રસિકલાલ દિવાન (ઉં.વ.૭૬), તે બીપીનભાઈ દિવાનના ભાભી, હિતેનભાઈ, નિલેશભાઈ, દીપેશભાઈ, મિતેશભાઈના માતા, રામુ, શ્યામુના ભાભુનું તા. ૧૪ ના રોજ અવસાન થયું છે. સદગતનું ઉઠમણું તથા પ્રાર્થના સભા તા. ૧૫-૯ ને સોમવારે સાંજે ૫ થી ૬ ગાયત્રી મંદિર જસદણ ખાતે રાખવામાં આવ્યું છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# 'અબતક'ના ધ્રાંગધ્રાના પત્રકાર સલીમ ઘાંચી દ્વારા ૨૪ કલાક રક્તની ઉપલબ્ધી માટે સોશિયલ મીડીયા ગ્રુપની રચના

## સોશ્યલ મીડિયાના માધ્યમથી માનવ સેવાનો વ્યાપ વધાર્યો છેઃ સલીમ ઘાંચી

**અબતક, ધ્રાંગધ્રા**

રક્તદાનએ મહાદાનમાં પણ ગણવામાં આવે છે ત્યારે સુરેન્દ્રનગર જીલ્લાનાં ધ્રાંગધ્રા શહેરમાં રહેતા સલીમભાઈ ઈસ્માઈલભાઈ ઘાંચી લક્કી અત્તર વાળા જેઓ ઘણા લાંબા સમયથી રક્તદાન દાતાઓના પેરિત કાર્યોમાં સાથ સહકાર આપી રહ્યા છે જે સરકાર દ્વારા ૧૦૮ ની સગવડ તાત્કલીક સારવાર માટે કરવામાં આવી છે એવી જ રીતે ધ્રાંગધ્રા બ્લડ ડોનેટ ગ્રુપની ટીમ ૨૪ કલાક રક્તદાતાના સંપર્કમાં રહે છે હાલ જે સોશિયલ મીડિયાના માધ્યમથી ગુપ ની રચના કરવામા આવી છે જ્યારે પણ કોઈ અકસ્માત સારવાર કે કોઈ પ્રસ્તુતિ સારવાર હોય જેમાં રક્તદાન ની જરૂર ઉભી થાય ત્યારે ધ્રાંગધ્રા બ્લડ ડોનેટ ગ્રુપ માં મેસેજ ફોર્વડ કરવાથી રકતદાતાઓ રક્ત આપવા તૈયાર થઈ જાય છે શિયાળો ઉનાળો જે ચોમાસુ કોઈપણ સમય હોય રક્તદાન આપવાનો પ્રવાહ ચાલુ રહે છે રોજની ૫ બોટલની આસપાસ બ્લડ બોટલની વ્યવસ્થા કરવી અને સારવાર દર્દીઓને જીવનનો બચાવ કરવો એ અમૂલ્ય પ્રદાન દાખવે છે..જ્યારે સલીમભાઈ અને એમની ટીમને આ કાર્યને ધ્રાંગધ્રાના લોકો દ્વારા ખૂબ સારો પ્રતિસાદ અને અભિનંદન પણ આપવામાં આવે છે

### માનવતા એજ માનવ ધર્મ

માનવતા એજ માનવધર્મ છે લોહી લાલ જ હોય છે હું હમેશા લોકો ને સેવા કરવા ની ભાવના થી કાર્ય કરું છું અને કરતો રહીશ ધ્રાંગધ્રા ના સેવાકીય પ્રવૃત્તિ કરતા યુવાન સલીમભાઈ સાથે વાત કરતા જણાવ્યું હતું કે હું એકલો નહિ પણ સમગ્ર ધ્રાંગધ્રા ના યુવાનો આ કાર્યમાં જોડાયેલ છે જેઓ ની મદદ થી રક્તદાન થઈ શકે છે લોકો સામે થી પોતાના જન્મ દિવસ નિમિતે તેમજ મેરેજ એનીવરસી અન્ય પણ પોતાના યાદગાર સારા દિવસો માં રક્તદાન કરી ને ઉજવણી કરતા હોય છે આથી શહેરી વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તાર ના લોકો નો હું અને અમારી ટીમ દ્વારા ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું...

# જૂનાગઢમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે મેદસ્વિતા મુક્ત યોગ કેમ્પ યોજાશે

## બુધવાર ઝાંઝરડા રોડ અને મધુરમ ગેટની બાજુમાં યોગ શિબિરનો થશે પ્રારંભ

**અબતક, દર્શન જોશી**
**જુનાગઢ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫ માં જન્મદિવસ નિમિત્તે સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાન અંતર્ગત મેદસ્વિતા મુકત યોગ શિબિર જુનાગઢમાં આગામી ૧૭ સપ્ટેમ્બરથી ૧૬ ઓકટોબર દરમિયાન યોજાશે. જેનો ઉદઘાટન સમારોહ તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ સવારે ૬-૩૦ કલાકે ઝાંઝરડા રોડ, સાઈબાબા મંદિર વાળી ગલી, જલારામ નગર, કોમન પ્લોટ ખાતે અને રાજરત્ન ભવન, મધુરમ ગેટની બાજુમાં યોજાશે.

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના નાગરિકોને સ્વસ્થ રાખવા અને મેદસ્વિતા થી મુક્ત રહે એ માટે સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાન શરૂ છે. જેને અનુલક્ષીને જૂનાગઢમાં પણ યોગ શીબિર યોજાશે. આ કેમ્પનો હેતુ લોકોને યોગ અને આહાર થકી મેદસ્વિતા કઈ રીતે દૂર કરી શકાય તે માટેના આસનો, પ્રાણાયામ, ડાયટ વગેરેથી માહિતગાર કરવામાં આવશે. આ કેમ્પ મર્યાદિત સંખ્યામાં કરવાનો હોવાથી લાભાર્થીઓએ વ્હેલાસર પોતાનું રજીસ્ટ્રેશન તથા નામ નોંધાવવા મો- ૯૦૯૯૦૨૯૫૬૧, ૯૯૨૫૬૯૫૧૭૮ નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે.

# ઉપલેટાઃ પોરબંદરથી ભાવનગર જતી ટ્રેનને રાજપરા સ્ટોપ અપાતા માઁઈ ભકતો દ્વારા ટ્રેનનું સ્વાગત

**અબતક, કીરીટ રાણપરીયા**
**ઉપલેટા**



પોરબંદરનં ભાવનગર જતી ટ્રેનને રાજપરા સ્ટોપ અપાતા માતાજીમાં આસ્થા ધરાવતા ભકતો દ્વારા ઉપલેટા રેલવે સ્ટેશને ટ્રેનનું સ્વાગત કરી ટ્રેનમાં મુસાફરી કરી રહેલા ભકતોને મોં મેઠા કરાવી સ્વાગત કરાયું હતું.

પોરબંદરથી સવારે ૭.૩૦ વાગે ઉપડતી પોરબંદર ભાવનગર ટ્રેન ઉપલેટા સવાર નવ વાગે પહોંચે છે. આ ટ્રેનને રાજપરા (ખોડીયાર માતાજી) રેલવે સ્ટેશન બપોરે ૧.૩૦ કલાકે સ્ટોપ આપતા લાઠ ગામના યુવા સરપંચ અને માતાજીના ઉપાસક પૃથ્વીસિંહ ચુડાસમા, નગર સેવક વિક્રમસિંહ સોલંકી, રઘુભા સરવૈયાએ ઉપલેટા રેલવે સ્ટેશનના અધિકારી એચ.વી. દેસાઈની હાજરીમાં ટ્રેનના ડ્રાઈવરને પુષ્પગુચ્છ આપી તેમજ ટ્રેનમાં મુસાફરી કરનાર ભકતોને પેંડા ખવરાવી સ્વાગત કરાયું હતું. આગામી નવરાત્રીના તહેવારને ધ્યાનમાં રાખતા હજારો ભકતો હવે રાજપરા ખોડીયાર માતાજીના દર્શનનો લાભ લઈ શકશે. જયારે રાજપરાથી બપોરે ૩.૧૫ કલાકે ઉપલેટા આવવા માટે આ ટ્રેન મળશે.

# ગાંધીધામઃ નો રોડ-નો ટોલ આંદોલનનું સુખરૂપ સમાધાન

## ગાંધીધામ ચેમ્બર દ્વારા સૌને સાથે રાખી પ્રશ્ન ઉકેલનાર સાંસદ-ધારાસભ્ય કલેકટર, ટ્રાન્સપોર્ટરોનો આભાર મનાયો

**અબતક, ભારતી માખીજાણી**
**ગાંધીધામ**



સમગ્ર કચ્છમાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને સીધી અસર કરનારા નો રોડ-નો ટોલ'' જેવા અગત્યના મુદ્દાને લઈને છેલ્લા કેટલાય દિવસોથી વિવિધ ટ્રાન્સપોર્ટ એસોસીએશન અને સંકળાયેલા ક્ષેત્રોએ લાંબી ચર્ચાઓ અને મેરેથોન બેઠકો યોજી હતી. તમામ પક્ષોના હિતોનું રક્ષણ થાય અને ઉદ્યોગ જગતમાં સુખદ વાતાવરણ નિર્માણ થાય તે હેતુસર અંતે આંદોલનનું શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ રીતે સમાધાન થવા પામ્યું છે. ત્યારે ગાંધીધામ ચેમ્બર દ્વારા આ મુદ્દે આભારની લાગણી વ્યક્ત કરાઈ હતી.

ચેમ્બર પ્રમુખ મહેશ પુજે જણાવ્યું હતું કે, કચ્છના વિકાસમાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગની ભૂમિકા અગત્યની છે. સમસ્યાનો સન્માનપૂર્ણ ઉકેલ માત્ર સંવાદથી જ શક્ય છે. સમગ્ર ટ્રાન્સપોર્ટ એસોસીએશનના અગ્રણી મિત્રો તથા સરકારના પ્રતિનિધિઓએ આપેલ સહકારને કારણે આજે આ મુદ્દો સુખરૂપે પૂર્ણ થયો હતો.

માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, આ શાંતિપૂર્ણ રજૂઆત કચ્છના વેપાર- ઉદ્યોગ જગતની એકતા અને પરિપકવતા દર્શાવે છે. ચેમ્બર હંમેશા ઉદ્યોગ અને સરકારી તંત્ર વચ્ચે પુલ બની કામ કરશે. આ સમગ્ર પ્રક્રિયામાં ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સર્વ પક્ષોને એક મંચે લાવી મધ્યસ્થીની ઐતિહાસિક ભૂમિકા ભજવી હતી. અને આ મહત્વના નિર્ણય પાછળ સરકારના પ્રતિનિધિઓનો પણ મહત્વનો ફાળો રહ્યો હતો. કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, કચ્છના તમામ ધારાસભ્યઓ, કચ્છ કલેકટર આનંદ પટેલ, કચ્છ પૂર્વ એસ.પી. સાગર બાગમાર, એન.એચ. સ્ટેટ હેડ એમ. પી. યાદવ, તથા પ્રોજેક્ટ ડાયરેકટર અજય સ્વામીએ ઉદ્યોગના પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલતા દાખવી ઝડપી પગલાં લીધા જેના કારણે આ સમસ્યાના ઉકેલ માટે મેરેથોન બેઠકોના અંતે સફળતા મળતાં સર્વે પ્રત્યે વિશેષ આભાર પ્રદર્શિત કરાયો હતો.

આંદોલન દરમિયાન એકતા અને શિસ્તનું ઉદાહરણ પૂરું પાડનાર ટ્રાન્સપોર્ટ એસોસીએશનના અગ્રણી હોદેદારો, કારોબારી સભ્યો, સહયોગી સભ્યો તથા દરેક એસોસીએશનના નેતાઓએ પોતાના પ્રયાસોથી આ રજૂઆતને સફળતા સુધી પહોંચાડી. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદેદારો અને કાર્યકારિણી સમિતિના સભ્યોના માર્ગદર્શન હેઠળ સમગ્ર વ્યવસાયિક સમાજે પ્રજાસત્તાક મૂલ્યો જાળવીને પોતાની માંગણીઓ રજૂ કરી હતી જે ઉડીને આંખે વળગે તેવી શિસ્તબદ્ધ રીતે સફળ થતાં તેની પણ ખાસ નોંધ લેવાઈ હતી.

ગાંધીધામ ચેમ્બર વતી દરેક સરકારી અધિકારી, કચ્છ જિલ્લા પ્રશાસન, પોલીસ વિભાગ, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા તથા તમામ સંકળાયેલા વિભાગોનો આ તબક્કે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. ચેમ્બરે જણાવ્યું છે.

# પ્રાંતિજના સલાલ ગામ તરફ જવાના રસ્તા પર દબાણથી વાહન ચાલકોને અકસ્માતની ભીતી

**અબતક, સંજય દિક્ષિત**
**સાબરકાંઠા**



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ગામમાં અને યાત્રાધામ સાંપડ પહોંચવા નેશનલ હાઈવે નંબર-૪૮ પર આવેલ સલાલ ચાર રસ્તાથી સલાલ ગામમાં જવાનો ત્રીસેક ફૂટનો રસ્તો ઠામઠેકાણા વગરનો અને અકસ્માતી ઝોન જેવો બની ગયો છે. આસપાસ જમીન માલિકો સહિતના લોકોએ દબાણો કરી આ રસ્તા પરથી મોટા માલ વાહક વાહનો ખનીજના ડમ્પર, ટ્રક, ટ્રેક્ટર સહિતના નાના મોટા વાહનો અને યાત્રાધામ સાંપડ જતા યાત્રિકો, ગામમાં આવતા જતા વાહનો અને લોકો માટે આ રસ્તો સાંકડો બની જવાના કારણે સલાલ ગામમાં જવા અને સાંપડ જવું જોખમી બન્યું છે. જેથી આ સાંકડો રસ્તો વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ રહ્યો છે. તમામ દબાણો સલાલ ચોકડીથી છેક મોયદ સાંપડ જતા ત્રિસ્તરીય સુધી દબાણો હટાવાય અને રસ્તો પહોળો બનાવવા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે.

# અમરેલીઃ આરટીઓ કચેરી દ્વારા ડ્રાઈવરો-કંડકટરોને રોડ સેફ્ટી અંગે માર્ગદર્શન અપાયું

**અબતક, પ્રદિપ ઠાકર**
**અમરેલી**

અમરેલી જી.એસ.આર.ટી.સી વિભાગના અમરેલી, જુનાગઢ તેમજ ભાવનગર જિલ્લાના ૧૦૦ જેટલા ડ્રાઈવર અને કંડકટરોને વીડિયોના માધ્યમથી આર.ટી.ઓ કચેરી અમરેલી અને જી.એસ.આર.ટી.સી વિભાગ દ્વારા સંયુક્ત સહયોગથી રોડ સેફ્ટીનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગાડી બંધ પડ્યેથી સાઈડમાં આવે તેમ ન હોય તો રીફલેક્ટીવ ટ્રાફિક વોર્નિંગ ટ્રાયેંગલનો ઉપયોગ કરવો, વાહન બંધ પડ્યેથી ૫૦ મીટર દૂર રાખવું, જેથી બીજા વાહનને સંકેત મળે, લેનમાં વાહન ચલાવવું, ટુ વ્હીકલ વાહન ચલાવતી વખતે ખાસ કરીને સ્ટેટ હાઈવેમાં ૫-૧૦ કિમીની મુસાફરી હોય ત્યારે હેલ્મેટ અવશ્ય પહેરવું. સલામત સવારી, એસ.ટી હમારી સૂત્રને ખરા અર્થમાં સાર્થક કરવું એ માટે પ્રયત્ન કરવા સહિતની બાબતો અનુસરવા માહિતી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# સિહોરની સંસ્કૃતિ સ્કુલના વિદ્યાર્થીઓએ જીલ્લાકક્ષાના રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ સેમિનારમાં લીધો ભાગ

**અબતક, આનંદ રાણા**
**સિહોર**




સંસ્કૃતિ સ્કૂલ,વિદ્યામંજરી , સિહોરના વિદ્યાર્થીઓએ ભાવનગર સ્થિત રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે આયોજિત જીલ્લા કક્ષાના રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસના સેમિનારમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.આ સેમિનારમાં આ વરસે વિશેષ વિષય તરીકે Quantum Age : તેની સંભાવનાઓ તથા પડકારો પર ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ આ નવા યુગના વૈજ્ઞાનિક ક્ષેત્ર સંબંધિત રજૂઆતો કરીને તેની વૈશ્વિક અસર, ભવિષ્યના અવસરો તથા સામાજિક-આર્થિક પડકારો અંગે પોતાના વિચારો રજૂ કર્યા.

સેમિનારમાં ભાગ લઈને વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિક વિચારસરણી, તર્કશક્તિ તેમજ આધુનિક ટેક્નોલોજી વિષયોમાં ઊંડાણપૂર્ણ સમજ મેળવવાનો અવસર પ્રાપ્ત કર્યો.

# કોટડા સાંગાણીમાં સ્ટેના આધારે ઉપસરપંચ પદેથી ધવલ વઘાસીયાને હટાવવા રજૂઆત

## ભ્રષ્ટ્રાચારના આક્ષેપો સામે વહીવટી તપાસની માંગ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય**
**ગોંડલ**

કોટડા સાંગાણી નાં ઉપસરપંચ ધવલભાઈ ચંદુભાઈ વઘાશીયા સામે કોટડા નાં એક્સ આર્મીમેન મનોજભાઈ દાફડા એ વિકાસ કાર્યો માં ઘરની ધોરાજી ચલાવી ભ્રષ્ટાચાર આચર્યા ની રજુઆત અધિક વિકાસ કમિશ્નર ને કરી ધવલ વઘાશીયાને પદભ્રષ્ટ કરવા માંગ કરીછે.મનોજભાઈ દાફડાએ રજૂઆત માં જણાવ્યું કે ધવલભાઈ વઘાશીયા એ પોતાનાં હોદાનો દુર ઉપયોગ કરી વિવિધ વિકાસ કાર્ય માં ગોલમાલ કરીછે.

તેમણે જણાવ્યું કે ગ્રામ્ય પંચાયત નાં કુલ ૨૮ કામ પૈકી ૧૧ કામ પુરા થયાનું પ્રમાણપત્ર પ્રાથમિક દ્રષ્ટિએ બોગસ હોવાનું જણાય છે.રોડ રસ્તાનાં છ જેટલા કામ માં સ્થળ તપાસ કરતા અંદાજપત્ર માં દર્શાવેલા માપ કરતા ઓછુ જણાય છે.આ કામો માં ચોરવાડી શેરી પેવરબ્લોક નું કામ,ગાયત્રીનગર માં સીસી રોડ નું અને આઠ ઘટતા સીસી રોડ નું કામ,દલીત વાસ માં કનુભાઈ નાં ઘર તરફનાં સીસી રોડ નુ તથા નવા વાસ માં સીસી રોડ તથા કન્યાશાળા નાં ગ્રાઉન્ડ માં પેવરબ્લોક નાં કામ માં ગોલમાલ કરાયાનું સ્પષ્ટ થાય છે.ઉપરોકત બાબતે હાલ ચાલતી અપીલ માં આ વિગતો ધ્યાને લઈ ૫૭(૧) અન્વયે કરાયેલા ધવલભાઈ વઘામીયાને ઉપસરપંચ તથા સદસ્ય પદે થી દુર કરવા કરાયેલા હુકમ ને કાયમ રાખવા રજૂઆત માં જણાવાયું છે. ધવલભાઈ વઘાશીયા ને ઉપસરપંચ પદેથી દુર કરાયા બાદ હાલ તેઓ સ્ટે ઉપર છે.

# ખંભાળીયાઃ કલા મહાકુંભ સ્પર્ધાનો કાલથી પ્રારંભ

**અબતક, મહેન્દ્ર કકકડ**
**દ્વારકા**

રાજ્ય સરકાના રમત ગમત, યુવા અને સાંસ્કતિક પ્રવત્તિ વિભાગ ગાંધીનગર હસ્તકની કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કતિક પ્રવત્તિઓ ગાંધીનગર દ્વારા આયોજિત તથા જિલ્લા યુવા અને સાંસ્કતિક પ્રવત્તિઓની કચેરી દેવભૂમિ દ્વારકા દ્વારા સંચાલિત તાલુકા કક્ષાની કલા મહાકુંભની સ્પર્ધાઓ સફળતાપૂર્વક સંપન્ન થઈ ગયેલ હોય તાલુકા કક્ષાએ લોકનત્ય, રાસ, ગરબા, ભરતનાટયમ, વકતત્વ, નિબંધ લેખન, ચિત્રકલા, એકપાત્રીય અભિનય, સુગમ સંગીત, લગ્ન ગીત, સમૂહ ગીત, તબલા, હાર્મોનીયમ (સોફટ), લોકગીત, ભજનમાં પ્રથમ ક્રમે વિજેતા થયેલ સ્પર્ધકો તથા સીધા જિલ્લા કક્ષાની કાવ્ય લેખન, ગઝલ, શાયરી લેખન, લોકવાર્તા, દુહા, છંદ, ચોપાઈ, સર્જનાત્મક કારીગરી, સ્કૂલ બેન્ડ, ઓર્ગન, કથ્થક, શાસ્ત્રીય કંઠય સંગીત (હિન્દુસ્તાની) સ્પર્ધાઓમાં રજિસ્ટ્રેશન કરાવેલ સ્પર્ધકો માટે આવતીકાલ તા.૧૩-૯-૨૦૨૫ થી તા.૧૪-૯-૨૦૨૫ એમ બે દિવસ સુધી જિલ્લાકક્ષાની સ્પર્ધાનું આયોજન ખંભાળીયાના ભગવતી મેરેજ હોલ ખાતે કરવામાં આવનાર છે. સ્પર્ધામાં ભાગ લેવા આવનાર સ્પર્ધકોએ સવારે ૮.૦૦ કલાકે રિપોર્ટીંગ કરવાનું રહેશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી દેવભૂમિ દ્વારકાની યાદીમાં જણાવાયું છે.

# લોધિકાઃ તાલુકા સરકારી કર્મચારી મંડળ દ્વારા કાલે મેગા રકતદાન કેમ્પનો સેવાયજ્ઞ

## વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી માનવસેવા દ્વારા કરાશે

**અબતક, બી.એમ. ગોસાઈ**
**મેટોડા**

લોધીકાના મેટોડાના જીઆઈડીસીમાં ડેકોરો ભવન ખાતે વડાપ્રધાનના જન્મ દિવસની ઉજવણીના ભાગ રુપે ૧૬-૯ ના રોજ સવારે ૮ કલાકે મેગા બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ જીલ્લાના સરકાર માન્ય કર્મચારી મંડળ મહામંડળ તાલુકાના સંયુક્ત મોરચા દ્વારા આ બ્લડ ડોનેશન કેમ્પનું આવેલ છે ઓપરેશન સિંદુર ની સફળતા અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગ રૂપે નમો કે નામ રક્તદાન કાર્યક્રમ અંતર્ગત ગુજરાત રાજ્યના તમામ કર્મચારી મહામંડળો તેમજ મહાસંઘોના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રના જરૂરિયાત મંદ દર્દીઓ જેવા કે સગર્ભા માતાઓ કેન્સરના દર્દીઓ, હિમોફીલિયાના દર્દીઓ, અકસ્માતમાં ઘાયલ થયેલ દર્દીઓ તાત્કાલિક ઓપરેશનના દર્દીઓ, થેલેસેમિયાના દર્દીઓ, વગેરેને લોહીની જરૂરિયાતમાં મદદરૂપ થવાની સેવા કરવાની ઉમદા ભાવનાથી તા. ૧૬/૦૯/૨૦૨૫ ના રોજ એક જ દિવસે રાજ્યભરના તમામ જિલ્લાઓમાં ૩૩૦ જેટલા સેન્ટરો ઉપર મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આલેવ છે. રાજ્યમાં કુલ બ્લડ ની એક લાખ બોટલ એકત્ર કરીને વિશ્વ વિક્રમ સ્થાપિત ગિનીશ બુકમાં સ્થાન મેળવવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે રાજકોટ જિલ્લાના કચેરીઓના કર્મચારીઓ અને જાહેર જનતાને આગ્રહભરી અપીલ દ્વારા મહા રકદાન કેમ્પમા દાતા તરીકે ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવે છે તા.૧૬/૯ સવાર ના ૮ કલાકે છે મેટોડા જીઆઈડીસી ગેઈટ નં ૩ ડેકોરા ભવન ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવેલ છે.

# ગાંધીધામઃ ચેમ્બર દ્વારા ''આઉટરીચ પ્રોગ્રામ-૨.૦''અંગે ઉદ્યોગકારોને માર્ગદર્શન અપાયું

**અબતક, ભારતી માખીજાણી**
**ગાંધીધામ**

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા કેન્દ્ર સરકારના રેવન્યુ અને ફાઈનાન્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે આઉટરીચ પ્રોગ્રામ ૨.૦ ઓન જીએસટી નામે ઐતિહાસિક અને માહિતીસભર કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ જીએસટીના સ્લેબમાં સને ૨૦૧૭ થી આઠ વર્ષ બાદ થયેલા મહત્વપૂર્ણ સુધારા અંગે ઉદ્યોગકારો, વેપારીઓ તેમજ વ્યવસાયિક વર્ગને સચોટ માહિતી પહોંચાડવાનો રહ્યો હતો.કાર્યક્રમની પ્રસ્તાવના કેન્દ્ર સરકારના રેવન્યુ અને ફાઈનાન્સ વિભાગના માર્ગદર્શન હેઠળ સીજીએસટી, ગાંધીધામના આસિસ્ટન્ટ કમિશ્નર રંજન રક્ષિત દ્વારા આપવામાં આવી હતી. બાદમાં કમિશ્નર અખીલેશ્કુમાર દ્વારા પ્રસ્તુતિ આપીને હાલના પરિસ્થિતિમાં થયેલા બદલાવ, તેની અમલવારી તથા વ્યાવસાયિક જગત પર થનારા પ્રભાવ વિશે વિસ્તૃત સમજણ કરાવવામાં આવી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સુધારા કયા સેકટરમાં સુધારા લાભદાયક સાબિત થશે અને કયા ક્ષેત્રમાં નાણાકીય જવાબદારી વધશે તેની સ્પષ્ટ અને સરળ સમજણ આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં, ગાંધીધામ ચેમ્બર તરફથી અનિમેષ મોદી, કૈલેશ ગોર, કમલેશ રામચંદાણી,નવનીત ગજ્જર, હેમચંદ્ર યાદવ, સીએ એસોસીએશનના મનીષ તનેજા, રાકેશ મહેતા, ગજેન્દ્ર બલિયા, તેમજ સભ્યો, સીજીએસટી કમિશ્નર અખીલેશકુમાર, એડીશનલ કમિશ્નર દેવપ્રકાશ બામ્નાવત, જોઈન્ટ કમીશ્નર અશોક કુમાર ઈન્ડાના, શિવ સાગર સહિત ઉદ્યોગપતિ અને આગેવાનો હાજર રહ્યા તેવું ચેમ્બરના મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું.

# સાબરકાંઠા જીલ્લામાં ત્રીજી રાષ્ટ્રીય લોક અદાલતમાં ૧૧૧૬૧ કેસોનો સમાધાનથી નિકાલ કરાયો

**અબતક, સંજય દિક્ષિત**
**સાબરકાંઠા**

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, (એન.એ.એલ.એસ.એ)ના આદેશ અનુસાર સમગ્ર ભારતમાં ત્રીજી રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ જેના ભાગરૂપે નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા જીલ્લાની તમામ અદાલતોમાં જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ અને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ કે.આર.રબારી તથા સચિવઓની અધ્યક્ષતામાં સાબરકાંઠા જીલ્લામાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સાબરકાંઠા જીલ્લામાં હિંમતનગર તથા તાલુકા કોર્ટના બાર એસોસિયેશનના પ્રમુખ તેમજ વકીલઓ, પક્ષકારો,અદાલતમાં ફરજ બજાવતા કર્મચારી મિત્રો સહભાગી થઈને લોકઅદાલતને સફળ બનાવવામાં પૂરતું યોગદાન આપ્યું હતું.

સાબરકાંઠા જીલ્લામાં મોટર અકસ્માત વળતળ ના કેસોમાં કુલ-૩૩ કેસોનો સમાધાનથી નિકાલ કરીને રૂ.૨,૮૬,૦૨,૦૦૦ નું વળતળ ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો હતો તેમજ જીલ્લામાં કાર્યરત મેજીસ્ટ્રેટઓ દ્વારા પેન્ડીંગ કેસો પૈકી લોક અદાલત અને સ્પેશિયલ સિટિંગ ના એમ કુલ-૭૯૩૮ કેસો,રકમ રૂ.૧૯, ૫૧, ૫૨, ૮૫૪.૫૦ ના કેસોનું સમાધાનથી નિકાલ થયેલ.કુલ મળી સમગ્ર જિલ્લામાં કુલ-૧૧૧૬૧ કેસોનો સમાધાનથી નિકાલ થયેલ છે.

# દ્વારકામાં સમસ્ત વિઠલાણી પરિવાર દ્વારા શાળાની છાત્રાઓને સમૂહ પ્રસાદ કરાવાયો

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**



દ્વારકામાં આજરોજ સમસ્ત વિલિંાણી પરિવાર દ્વારા સિકોતેર માતાજી તથા સુરાપુરા જગાદાદાના આશીર્વાદથી શહેરની તમામ શાળાની કુમારિકાઓના સમૂહ પ્રસાદી બ્રહમપુરી નં.૧ ખાતે યોજાઈ ગયેલ જેમાં શહેરની ૧૨ થી ૧૩ જેટલી શાળાઓની આશરે ૧૫૦૦ જેટલી કુમારિકાઓએ પ્રસાદીનો લાભ લીધેલ. સમસ્ત વિઠલાણી પરિવાર તથા યાત્રીકગણ દ્વારા કુમારિકાને લ્હાણીનું વિતરણ કરવામાં આવેલ. આ તકે સમસ્ત વિઠલાણી પરિવાર દ્વારા શહેરની તમામ શાળાના સંચાલકોનો સહકાર બદલ જાહેર આભાર વ્યક્ત કરવામાં આવેલ.

### પાકિસ્તાનની આવી નબળી ટીમ ક્યારેય નથી જોઈ!!!

# ભારતના દિગ્ગજ્જોએ પાકિસ્તાનના નવાણીયાઓને કચડી નાંખ્યા

## ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાનને ૭ વિકેટથી હરાવ્યું: બોલરોના શાનદાર પ્રદર્શન બાદ ભારતીય બેટ્સમેનોએ ઝડપી બેટિંગ કરી અને ૧૨૮ રનના ટાર્ગેટનો સરળતાથી પીછો કર્યો: કુલદીપ સતત બીજીવાર મેન ઓફ ધ મેચ બન્યો




**અબતક, દુબઈ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે એશિયા કપ ગ્રુપ સ્ટેજ મેચ દુબઈ [illegible] સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. જેમાં ભારતે પાકિસ્તાનને ૭ વિકેટથી હરાવીને એશિયા કપમાં સળંગ બીજો વિજય મેળવ્યો હતો. પાકિસ્તાનની આવી નબળી ટીમ ક્યારેય નથી જોઈ!!! કેમ કે બેટિંગ-બોલિંગમાં બન્નેમાં પાકિસ્તાનનું નિરાશાજનક પ્રદશન રહ્યું. ભારતના દિગ્ગજ્જોએ પાકિસ્તાનના નવાણીયાઓને કચડી નાંખ્યા પહેલા બેટિંગ કરતા પાકિસ્તાનના બેટ્સમેનોએ ભારતીય સ્પિનરો સામે સરળતાથી હાર માની લીધી અને ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવ્યા બાદ માત્ર ૧૨૭ રન જ બનાવી શકી.

ટીમ ઈન્ડિયાએ ફક્ત ૩ વિકેટ ગુમાવીને આ ટાર્ગેટ સરળતાથી પ્રાપ્ત કરી લીધો. અભિષેક શર્માએ વિસ્ફોટક બેટિંગ કરી અને ૧૩ બોલમાં ૩૧ રન બનાવ્યા, જ્યારે તિલક વર્મા અને કેપ્ટન સૂર્યકુમારે પણ ખૂબ જ સારી બેટિંગ કરી. ટુર્નામેન્ટમાં ભારતીય ટીમની આ સતત બીજી જીત છે.

ટીમ ઈન્ડિયાનો આગામી મેચ હવે ૧૯ સપ્ટેમ્બરે ઓમાન સામે થશે.




પાકિસ્તાન દ્વારા આપવામાં આવેલા ૧૨૮ રનના ટાર્ગેટનો પીછો કરતી વખતે ટીમ ઈન્ડિયાની શરૂઆત સારી રહી ન હતી. શુભમન ગિલ માત્ર ૧૦ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. પરંતુ બીજા છેડેથી અભિષેકે પોતાની વિસ્ફોટક બેટિંગથી ફેન્સનું ધ્યાન ખેંચી લીધું. અભિષેકે માત્ર ૧૩ બોલમાં ૩૧ રનની ઝડપી ઈનિંગ રમી. પોતાની ઈનિંગ દરમિયાન તેને ૪ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા. અભિષેક પેવેલિયન પરત ફર્યા બાદ કેપ્ટન સૂર્યા અને તિલક વર્માએ ત્રીજી વિકેટ માટે અડધી સદીની પાર્ટનરશીપ કરી.

તિલકએ સમજદારીપૂર્વક બેટિંગ કરતા ૩૧ બોલમાં ૩૧ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી. સૂર્યકુમાર યાદવે એક છેડે ઊભા રહીને સિક્સર ફટકારીને ટીમ ઈન્ડિયાને ૭ વિકેટથી જીત અપાવી. સૂર્યકુમારે ૩૭ બોલમાં ૪૭ રન બનાવ્યા, જ્યારે શિવમ દુબે ૧૦ રન બનાવ્યા બાદ અણનમ રહ્યો.

## દેશદાઝથી મોટું કઈ નહિ: ક્રિકેટની પરંપરા સમાન 'હેન્ડશેક' નકારતું ભારત



ભારતની જીત પછી ડ્રેસિંગ રૂમમાં બધા ખેલાડીઓએ તાળીઓ પાડી અને સૂર્યા અને શિવમ સાથે હાથ મિલાવ્યા. જોકે ભારતીય ટીમ જીત બાદ મેદાન પર પાછી ન ફેરી. મેચ પૂરી થયા બાદ ખેલદિલીના ભાગરૂપે, બંને ટીમના ખેલાડીઓ એકબીજા સાથે હાથ મિલાવતા હોય છે, પરંતુ ભારતીય ખેલાડીઓએ તેમ ન કર્યું. પાકિસ્તાની ખેલાડીઓ મેદાન પર તેમની રાહ જોતા રહ્યા, જ્યારે ભારતીય ખેલાડીઓએ ડ્રેસિંગ રૂમમાં જ અંદરોઅંદર હાથ મિલાવીને ડ્રેસિંગ રૂમનો દરવાજો બંધ કરી દીધો. મેચ પછી ગૌતમ ગંભીરે પહલગામ હુમલાનો ઉલ્લેખ કરીને 'ઓપરેશન સિંદૂર' માટે સશસ્ત્ર દળોનો આભાર માન્યો અને જણાવ્યું કે શા માટે અમે મેચમાં પાકિસ્તાની ખેલાડીઓ સાથે આવું વર્તન કર્યું. તેમણે કહ્યું, 'એક ટીમ તરીકે, અમે પહલગામ આતંકી હુમલામાં પીડિત તમામ પરિવારો પ્રત્યે અમારી એકતા બતાવવા માંગતા હતા. અમે સશસ્ત્ર દળોને તેમના સફળ ઓપરેશન માટે આભાર માનવા માંગીએ છીએ.

મેચ પછી યોજાયેલા ઈનામ વિતરણ સમારોહમાં ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે પહલગામમાં થયેલા આતંકી હુમલાનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, 'આ જીત દેશ માટે મહાન ભેટ છે. અમે પહેલગામ આતંકી હુમલાના પીડિતોના પરિવારો સાથે ઊભા છીએ, અમે અમારી એકતા વ્યક્ત કરીએ છીએ અને આજની જીત સેનાને સમર્પિત કરવા માંગીએ છીએ.

## ભારતને દીપાવતો કુલ''દીપ''

એશિયા કપ ૨૦૨૫માં કુલદીપ યાદવનું પર્ફોર્મન્સ અદભૂત રહ્યું છે! યુએઈ વિરુદ્ધની પહેલી મેચમાં તેમણે ૪/૭ના આંકડા સાથે માત્ર ૪.૧ ઓવરમાં યુએઈને ૫૭ રનમાં ઓલઆઉટ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી. ભારત વિરુદ્ધ પાકિસ્તાન મેચમાં કુલદીપે ૩/૧૮ના આંકડા સાથે પાકિસ્તાનના મિડલ ઓર્ડરને તોડી નાખ્યું, જેના કારણે પાકિસ્તાન ૧૨૭/૯ પર અટકી ગયું. તેમની રિસ્ટ-સ્પિનની જાદુગરીએ ફરી એકવાર બેક-ટુ-બેક પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ અપાવ્યો છે.બે મેચમાં ૭ વિકેટ્સ સાથે કુલદીપે ભારતને એશિયા કપમાં મજબૂત સ્થિતિમાં મૂક્યું છે. તેમની ફિટનેસ અને નવી બોલિંગ ટેકનિક, જેમ તેમણે પોસ્ટ-મેચમાં જણાવ્યું, બધું એકદમ પરફેક્ટ ચાલી રહ્યું છે, તેમના ફોર્મનું રહસ્ય છે. આ ફોર્મ ચાલુ રહે તો ભારત માટે ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની તૈયારીઓને મોટો બૂસ્ટ મળશે!

## આફ્રિદીને ટપો પાડવાનું ભુલાવી દેતો અભિષેક

અભિષેક શર્માએ ક્રીઝ પર આવતાની સાથે જ આક્રમક બેટિંગ કરી અને પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો.

પાકિસ્તાન તરફથી શાહીન શાહ આફ્રિદીએ પહેલી ઓવર નાખી અને અભિષેકે તેની ઓવરના પહેલા બોલ પર ફોર ફટકારી.

આ પછી અભિષેકે તેના બીજા બોલ પર સિક્સર ફટકારીને તેનો બધો ઘમંડ દૂર કર્યો. શાહીનની આ ઓવરમાં કુલ ૧૨ રન બન્યા.

અભિષેક શર્મા અહીં જ અટક્યો નહીં. આ પછી જ્યારે શાહીન આફ્રિદી બીજી ઓવર નાખવા આવ્યો, ત્યારે અભિષેકે ફરીથી પહેલા બોલ પર ચોગ્ગો અને આ ઓવરના ત્રીજા બોલ પર છગ્ગો ફટકાર્યો. શાહીનને સમજાયું નહીં કે ક્યાં બોલિંગ કરવી. તે પોતાની લાઈન અને લેન્થથી સંપૂર્ણપણે ખોવાઈ ગયો હતો. પાકિસ્તાન સામેની મેચમાં અભિષેકે ૧૩ બોલમાં કુલ ૩૧ રન બનાવ્યા, જેમાં ૪ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા છે. તેને ૨૩૮.૪૬ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી અને પાકિસ્તાની બોલરોને હેરાન કર્યા.




## ભારતીય ફિરકીને ઓળખવામાં વામણા સાબિત થયા પાક. બેટ્સમેનો

ભારતીય સ્પિનર્સે પાકિસ્તાની ટીમને ઘૂંટણિયે પાડી દીધી હતી. ૨૦માંથી ૧૩ ઓવર ફેંકીને ભારતીય સ્પિનર્સે ફક્ત ૬૦ રન આપીને ૬ વિકેટ ઝડપી હતી. જેમાં સાહિબજાદા ફરહાન, ફખર ઝમાન, સલમાન અલી આગા, હસન નવાઝ, મોહમ્મદ નવાઝ અને ફહીમ અશરફ સામેલ છે.

કુલદીપ યાદવે ૩ વિકેટ લઈને કમાલ કરી હતી. અક્ષર પટેલે પણ પાકિસ્તાનીઓને પોતાની બોલિંગ પર નાચવા મજબૂર કર્યા હતા. તેણે ૪ ઓવરના સ્પેલમાં ૧૮ રન આપીને ૨ મોટી વિકેટ લીધી હતી. પટેલે પહેલા પાકિસ્તાનના ટોપ ઓર્ડર બેટ્સમેન ફખર ઝમાનને અને પછી કેપ્ટન સલમાન અલી આગાને પેવેલિયન ભેગો કર્યો હતો.

પહેલગામ આતંકી હુમલાને પગલે પાકિસ્તાન સામે મેચ નહીં રમવાને લઈને ઉઠેલા વિરોધ વચ્ચે દુબઈમાં ભારતે એકતરફી મેચમાં કટ્ટર હરીફ પાકિસ્તાનને ૭ વિકેટથી કચડ્યું હતું.

### દેશમાં બેઠેલા ગદ્દારોને ઓળખી લેવા જરૂરી

# જમ્મુના પુંછમાંથી શંકાસ્પદ આતંકવાદી ગતિવિધિ સાથે સંકળાયેલી ત્રિપુટી ઝબ્બે

## સાત એકે-૪૭ રાઈફલ અને મોટી માત્રામાં દારૂગોળો જપ્ત : જમ્મુ પોલીસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

જમ્મુ ઝોનના આઈજીપી ભીમ સેન તુતીએ રવિવારે જણાવ્યું હતું કે, સુરક્ષા દળોએ પૂંછથી શંકાસ્પદ આતંકવાદી ગતિવિધિઓમાં સંડોવાયેલ ત્રિપુટીની ધરપકડ કરવામાં આવી છે. ત્રિપુટી પાસેથી સાત એકે-૪૭ રાઈફલ તેમજ મોટા પ્રમાણમાં હથિયારો અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યા છે.



આઈજીપી દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને માહિતી આપવામાં આવી છે કે, જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા કરવામાં આવતી તપાસના અંતે આ ધરપકડ કરવામાં આવી છે. દૃઢ નિશ્ચય અને અવિરત તપાસના પરિણામે ૩ આતંકવાદી સહાનુભૂતિ ધરાવતા લોકોની ધરપકડ કરી ૭ એકે (૪ અગાઉ જપ્ત કરાયેલ) અને મોટી માત્રામાં દારૂગોળો કબ્જે કરવામાં આવ્યો છે.

૩૦ ઓગસ્ટના રોજ પણ પોલીસે ચોક્કસ માહિતી બાદ પૂંછ જિલ્લામાંથી બે આતંકવાદી શંકાસ્પદોની એકે-૪૭ રાઈફલ્સ સાથે ધરપકડ કરી હતી. પોલીસે બંનેની ઓળખ જલ્કિયાન મંડીના રહેવાસી તારિક અહમદ શેખ અને ચેમ્બરના રહેવાસી રિયાઝ અહમદ તરીકે કરી હતી.

### અધધધ ૬ કરોડ રિટર્ન ભરાયા છતાં રિટર્ન ભરનારાની લાંબી કતારોએ પોર્ટલને હંફાવી દીધું

# આવકવેરા રિટર્ન ભરવાની અંતિમ ઘડીએ પોર્ટલે ધાંધિયા કર્યા

## પોર્ટલની સમસ્યાથી કરદાતાઓ અને ટેક્સ વ્યાવસાયિકોમાં નારાજગી, મુદત લંબાવવાની માંગ

**અબતક, અમદાવાદ**

આવકવેરા રિટર્ન ફાઈલિંગની અંતિમ તારીખ આજે છે. પરંતુ ગુજરાતના કરદાતાઓ અને ટેક્સ વ્યાવસાયિકો આવકવેરા પોર્ટલમાં સતત ચાલી રહેલી તકનીકી સમસ્યાઓથી હેરાન-પરેશાન છે. પોર્ટલની સમસ્યાઓને કારણે ઘણા લોકોને એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ ઍક્સેસ કરવામાં તેમજ પોર્ટલનો ઉપયોગ કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ આ વખતે રેકોર્ડ બ્રેક ૬ કરોડ રિટર્ન ભરાયા છે.

ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસિએશનના ભૂતપૂર્વ પ્રમુખ હરીશ પંચાલે જણાવ્યું કે, ''છેલ્લા કેટલાક દિવસોથી આવકવેરા પોર્ટલમાં સતત ખામીઓ જોવા મળી રહી છે. વ્યક્તિગત આઈટીઆર ફાઈલ કરવાની અંતિમ તારીખ સોમવારે છે, પરંતુ પોર્ટલની તકનીકી સમસ્યાઓને કારણે કરદાતાઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા કિસ્સાઓમાં, કરદાતાઓ તેમનું એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ પણ ઍક્સેસ કરી શકતા નથી, જે આઈટીઆર ફાઈલિંગ માટે અત્યંત જરૂરી છે.

રાજ્યભરના ટેક્સ પ્રેક્ટિશનર્સે આ અંગે ફરિયાદો ઉઠાવી છે. આ વર્ષે આઈટીઆર ફાઈલિંગ માટેનું યુટિલિટી સોફ્ટવેર પણ મોડું રિલીઝ થયું હતું, જેના કારણે અંતિમ તારીખ લંબાવવાની મજબૂત માગ ઉઠી છે.''

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી એ પણ આ મુદ્દે ચિંતા વ્યક્ત કરી છે. જીસીસીઆઈના ડાયરેક્ટ ટેક્સ કમિટીના ચેરમેન જયનિક વકીલે જણાવ્યું, ''પોર્ટલમાં ચાલી રહેલી તકનીકી ખામીઓને કારણે આઈટીઆર ફાઈલિંગની પ્રક્રિયા ખૂબ જ ધીમી થઈ ગઈ છે, જેના કારણે આ પ્રક્રિયા વધુ સમય માંગી લે છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસએ આ મુદ્દાની ગંભીર નોંધ લેવી જોઈએ અને અંતિમ તારીખ લંબાવવાની જાહેરાત કરવી જોઈએ.''

આવકવેરા પોર્ટલની સમસ્યાઓએ ગુજરાતના કરદાતાઓ અને ટેક્સ પ્રેક્ટિશનર્સને ભારે મુશ્કેલીમાં મૂક્યા છે. એઆઈએસ ઍક્સેસ ન થવાને કારણે કરદાતાઓને તેમની નાણાકીય વિગતો ચકાસવામાં અને રિટર્ન ફાઈલ કરવામાં અડચણો આવી રહી છે.

આ ઉપરાંત, પોર્ટલની ધીમી ગતિ અને વારંવાર થતી ભૂલો (એરર્સ)એ પણ ફાઈલિંગ પ્રક્રિયાને જટિલ બનાવી દીધી છે. ઘણા ટેક્સ પ્રેક્ટિશનર્સે જણાવ્યું કે, છેલ્લા દિવસોમાં આવી સમસ્યાઓ વધુ તીવ્ર બની છે, જેના કારણે અંતિમ તારીખ પહેલાં રિટર્ન ફાઈલ કરવું લગભગ અશક્ય બની રહ્યું છે.

ગુજરાતમાં ટેક્સ વ્યાવસાયિકો અને વેપારી સંગઠનો દ્વારા સરકાર અને સીબીડીટી પાસે અંતિમ તારીખ લંબાવવાની માગણી કરવામાં આવી રહી છે. તેમનું કહેવું છે કે, પોર્ટલની તકનીકી ખામીઓને કારણે ઘણા કરદાતાઓ નિયત સમયમર્યાદામાં રિટર્ન ફાઈલ કરી શકશે નહીં, જેના કારણે તેમને દંડ અને અન્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

# સાસણ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં સિંહ સવર્ધન અને પ્રદુષણ મુકત પ્રકૃતિ વિષયે નિષ્ણાંતો દ્વારા કરાયું 'મનોમંથન'

## પ્રકૃતિ શિબિરના માધ્યમથી હજારો વિદ્યાર્થીઓને વન્ય જીવન સંરક્ષણ અંગે સંદેશો પહોચાડાયો



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

ગીર સોમનાથના અધ્યાપકો માટેની પ્રકૃતિ શિબિર સાસણના પ્રાકૃતિક વાતાવરણમાં યોજાયો હતો. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ જુનાગઢના કુલપતિ પ્રો (ડો) પ્રતાપસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને અને ડીસીએફ સાસણ ડો મોહન રામના મુખ્ય મેહમાનપદે ૪ (ચાર) યુનિના ૪૦ અધ્યાપકો માટે ખાસ પ્રકૃતિ શિક્ષણ શિબિર નું આયોજન કો-ઓર્ડિનેટર પ્રો સંજય ભુત, પ્રો (ડો) જીવાભાઈ વાળા અને પ્રો અર્જુન ચોચાના પ્રયાસોથી સાસણ મુકામે કરવામાં આવેલ હતું.

કુલપતિ પ્રો (ડો) પ્રતાપસિંહ ચૌહાણ સાહેબે જણાવ્યું હતું કે આ ૪૦ પ્રોફેસરોના માધ્યમથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિના ૧૧૦૦૦૦ (એક લાખ અને દસ હજાર) વિદ્યાર્થીઓ સુધી આ શિબિનનો સંદેશો અમે પહોચાડીશું. આ શિબિરમાં સૌરાષ્ટ્ર યુનિના કોમર્સ ડિપાર્ટમેન્ટના હેડ પ્રો (ડો) દક્ષાબેન ગોહિલ તથા યશ ઉમરાનિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં વેહલી સવારે કુલપતિ પ્રો પ્રતાપસિહ ચૌહાણ અધ્યાપકો સાથે ગાંડી ગિરમાં ટ્રેકિંગમાં જોડાયા હતા. ટ્રેકિંગ દરમ્યાન વન્ય ઔષધિયો, સિંહ સંવર્ધન, પ્રકૃતિ, વન્ય પ્રાણીઓ વિશે રિસોર્સ પર્સન એ આકાશ ભટ્ટ માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર શિબિરનું સંચાલન કરસનભાઈ વાળા કર્યું હતું. સાથે વિજયભાઈ શેખ અને ટ્રેકર મિત્રોનો સહકાર મળ્યો હતો. શિબિરમા અધ્યાપકોની જીજ્ઞાસા વૃત્તિની અનુભતિથી ખુશ થઈ ડો મોહન રામે દરેક અધ્યાપકોને ઉપયોગી ખાસ કિટ આપી અધ્યાપકોને પ્રોત્સાહિત કર્યા હતા. દેવાળિયા પાર્કમાં સિંહ, દીપડા, હરણ, ચિતલ, મોર, વિગેરના દર્શન કરી અધ્યાપકો બહુજ ખુશ થયા હતા. જે કે રામ કોલેજના સંચાલક રામસીભાઈ રામ તેમના ફાર્મ પર બધા અધ્યાપકોએ ખાસ મહેમાનગતિનો લહાવો લીધો હતો. શિબિરમા સ્વાગત પ્રો (ડો) જીવાભાઈ વાળાએ કર્યું હતું ,કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રો સંજય ભુતએ કર્યું હતું અને આભાર દર્શન પ્રિ (ડો) જિગર રાવલે કર્યું હતું.

# સોમનાથ: સતીકુંવર ટ્રસ્ટ દ્વારા ભાગવત સપ્તાહમાં વરિષ્ઠ નાગરિકો માટે બસની વ્યવસ્થા કરાઈ

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**



વેરાવળમાં ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં વરિષ્ઠ નાગરીકોની સુવિધા માટે એક અનોખી પહેલ કરવામાં આવી છે. સ્વ. સોની હીરાબેન સતીકુંવર ટ્રસ્ટના અધ્યક્ષ મીનાબા જાદવ દ્વારા વરિષ્ઠ નાગરીકો માટે ત્રણ બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ બસો વેરાવળ પાટણ સંયુકત નગરપાલીકા દ્વારા સંચાલીત સીટી બસ સેવા અને સુંદરકાંડ પરિવારના સહયોગથી ઉપલબ્ધ કરાઈ હતી. આ બસ સેવા દ્વારા બહોળી સંખ્યામાં વરિષ્ઠ નાગરીકો, મહિલાઓ સરળતાથી કથા સ્થળે પહેચી શકયા હતા.

# વાંકાનેર: રામધામ ટ્રસ્ટ દ્વારા બહુચરાજીથી વિરપુર પદયાત્રા સંઘનું સન્માન



**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

બહુચરાજીથી વિરપુર (જલારામ) ધામ પગપાળા નિકળેલ પદયાત્રા સંઘનું વાંકાનેર-ચોટીલા બાઉન્ડ્રી પાસે આવેલ રામધામના બોડે પહોચતા સંઘનું નિર્માણાધીન રામધામ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, જીનપરા કનૈયા મીત્ર મંડળ વાંકાનેર, શ્યમા ધુન મંડળ તથા વાંકાનેર લોહાણા યુવક મંડળના અગ્રણીઓ દ્વારા આ પદયાત્રીકોનું રામધામના બોડે સન્માન કરવા ખાત્ર વાંકાનેરથી ૧૦ ગાડીઓનો કાફલો રાત્રીના ચોટીલા બાઉન્ડ્રી પહોચ્યા હતા.

જયારે ઉપરોકત પદયાત્રા સંઘને સન્માનીત કરવા રામધામ ટ્રસ્ટના ટ્રસ્ટી રાજેન્દ્રસિંહ જાડેજા, વિનુભાઈ કટારીયા, ગિરીશભાઈ કાનાબાર, ગોવર્ધનનાથજી તથા બાલકૃષ્ણલાલજી ની હવેલીના કિશોરભાઈ જે.પુજારા, જલારામ મીત્ર મંડળના અમિતભાઈ સેજપાલ, લોહાણા પ્રમુખ કાકુ મોદીએ પદયાત્રામાં જોડાયેલ તમામ પદયાત્રીકોનું ઉષ્માભર્યું સ્વાગત સાથે સન્માન કરવામાં આવ્યું હતુ.

૪૨ કરોડના ખર્ચે નવનિર્મિત

# હાપા માર્કેટીંગ યાર્ડ પાસે ટનાટન રેલવે ઓવરબ્રિજ તૈયાર

## યાર્ડના વેપારીઓ-ખેડૂતો માટે આશીર્વાદ સમાન બનશે ઓવરબ્રિજ

જામનગરવાસીઓને હવે ટુંક સમયમાં જ એક નવી સુવિધા મળવા જઈ રહી છે. જામ્યુંકો દ્વારા લોકોને વધુ એક ઓવરબ્રિજની ભેટ આપવામાં આવી છે જોકે તેના ઉપયોગ માટે લોકોએ થોડી રાહ જોવી પડશે. હાપા નજીક માર્કેટ યાર્ડ રોડ ઉપર આવેલા રેલ્વે ક્રોસિંગ ઉપર રૂપિયા ૪૨ કરોડના ખર્ચે રેલવે ઓવરબ્રિજનું હાથ ધરાયેલ નિર્માણ કાર્ય પૂરું થઈ ગયું છે. બ્રિજ તૈયાર થઈ ને ટેસ્ટિંગ પણ થઈ ચુક્યું છે હવે ગમે ત્યારે મુહૂર્ત આવતાની સાથે જ બ્રિજ ખુલ્લો મૂકવામાં આવશે.

જામનગરના માર્ગોને ફાટક મુકત કરવાની નિયમ સાથે મહાનગરપાલિકા દ્વારા ઓવરબ્રિજની કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે હવે જામનગરના હાપા યાર્ડની લગોલગ આવેલ ફાટક પાસે પણ ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય લગભગ સંપન્ન થઈ ચૂક્યું છે. જે ખુલ્લો મુકાતા ની સાથે જ લોકોએ ટ્રેનની રાહ જોઈ માર્ગ પર ઉભા રહેવાની નોબત આવશે નહીં. સાથે જ સમય અને ઈંધણની પણ બચત થશે





આ ઓવરબ્રિજનો સૌથી મોટો ફાયદો કાલાવડ નાકા બહારના વિસ્તારો અને ગામડે ગામડેથી જાણશો વહેંચવા માટે આવતા ખેડૂતો અને વાહનચાલકોને થશે. કારણકે જામનગરનું હાપા માર્કેટિંગ યાર્ડએ માત્ર જામનગર જિલ્લાનું જ નહીં પરંતુ હાલારભરનું સૌથી મોટું યાર્ડ હોવાથી અને ખેડૂતો પોતાની ખેત પેદાશો વેચવા માટે અહીં આવતા હોય છે. જેને લઈને યાર્ડના ગેટ પર ભારે ટ્રાફિક જામ રહેતો હોય છે જોકે હવે ઓવરબ્રિજ બનતા આ ટ્રાફિકજામ ભૂતકાળ થશે. ઓવરબ્રિજને લઈ જામનગરમાં કાલાવડ નાકા બહારના તમામ વિસ્તારમાં રહેતા લોકોને રાજકોટ રોડ તરફ સીધો અને સરળ પ્રવેશ - નિકાલનો લાભ મળશે. બ્રિજની વાત કરવામાં આવે તો હાપા નજીક માર્કેટિંગ યાર્ડ પાસે આવેલા એલસી ગેટ નં. ૧૮૮ પર રેલવે ઓવરબ્રિજ બનાવવા માટે અંદાજે ૪ વર્ષ અગાઉ રેલવે સાથે પત્ર વ્યવહાર કરવામાં આવ્યો હતો. જેના પર સબંધિત વિભાગ દ્વારા મંજૂરીની મહોર લગાવાયા બાદ બાદ પ્રોજેક્ટ અંગે અમદાવાદના પંકજ એમ. પટેલ કન્સલ્ટન્ટના ડી પી આર મુજબ ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. જેમાં પ્રોજેક્ટ કોસ્ટ રૂપિયા ૪૧.૮૯ કરોડ નક્કી કરવામાં આવી હતી.

આ રેલવે ઓવરબ્રિજના કામના તા. ૧૬ જાન્યુઆરી ૨૦૨૩ થી શ્રી ગણેશ કરવામાં આવ્યા હતા. જેની કુલ લંબાઈ ૭૩૩.૮૬ મીટર જેમાં રેલવેની જમીનનો ભાગ ૧૧૧.૮૪ મીટર અને એપ્રોચ જમીનનો ભાગ ૬૨૨.૦૨ મીટર છે. આ બ્રિજની પહોળાઈ ૧૧.૮૦ મીટર (૧૦.૯૦ મીટરનો કેરીજ - વે) તેમજ બ્રિજ ની ઊંચાઈ ૮.૭૦ મીટરની રાખવામાં આવી હોવાનું મનપાના અધિકારીએ જણાવ્યું છે. હવે રેલવે ઓવરબ્રિજની કામગીરી તા. ૩૧ જુલાઈ ૨૦૨૫ ના રોજ સો ટકા સંપૂર્ણ થઈ ગઈ છે. માત્ર ઉદઘટનની રાહ જોવાઈ રહી છે.

# વિકાસએ માત્ર યોજના નથી, પરંતુ લોકભાગીદારીની પ્રક્રિયા છે: મંત્રી રાઘવજીભાઈ પટેલ

## વિનાયક પાર્કમાં પેવર બ્લોક અને માધવ વિલામાં ડ્રેનેજના કામોનું રાઘવજી પટેલના હસ્તે ખાતમુહૂર્ત





જામનગરના નાઘેડી રોડ પર આવેલી વિનાયક પાર્ક સોસાયટીના કોમન પ્લોટમાં આશરે રૂ.૧૦ લાખના ખર્ચે પેવર બ્લોકના કામ અને માધવ વિલા-૧ અને ૨ના ગેટથી મુખ્ય રસ્તાને જોડતી ખુલ્લી ગટરને બંધ કરવાના આશરે રૂ.૭.૩૮ લાખના કામનું કૃષિ મંત્રી રાઘવજી પટેલ દ્વારા ખાતમુહૂર્ત કરાયું છે.

કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે ૭૭-જામનગર (ગ્રામ્ય) વિધાનસભા મત વિસ્તારમાં વિકાસ કાર્યોના ભાગરૂપે વોર્ડ નંબર ૭ માં બે કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામોમાં નાઘેડી રોડ પર આવેલી વિનાયક પાર્ક સોસાયટીના કોમન પ્લોટમાં આશરે રૂ.૧૦ લાખના ખર્ચે થનારા પેવર બ્લોકનું કામ અને માધવ વિલા-૧ અને ૨ના ગેટથી મુખ્ય રસ્તાને જોડતી ખુલ્લી ગટરને બંધ કરવાના આશરે રૂ.૭.૩૮ લાખના કામનો સમાવેશ થાય છે. રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે વિકાસ એ માત્ર સરકારી યોજનાઓનો અમલ નથી, પરંતુ લોક ભાગીદારી અને લોકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને થતી પ્રક્રિયા છે. આજે આપણે પ્રારંભ કરી રહ્યા છીએ તે વિકાસ કાર્યો સરકારના છેવાડાના માનવી સુધી પહોંચવા અને તેની સુવિધા વધારવા માટેની કટિબદ્ધતા દર્શાવે છે. આજના આ કામોથી નાગરિકોને અવરજવરમાં સરળતા થશે અને સ્વચ્છતા પણ જળવાશે.

આ પ્રસંગે આગેવાન મેરામણભાઈ ભાટુ, કોર્પોરેટર ગોપાલભાઈ સોરઠીયા તથા અરવિંદભાઈ સભાયા, ગજેન્દ્રસિંહ રાણા તથા બહોળી સંખ્યામાં વિસ્તારના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સેકશન રોડ પર સ્વીફટ કારમાં આગ ભભુકી: સદનસીબે જાનહાનિ ટળી

જામનગરમાં ટ્રાફિકથી ધમધમતા શરૂ સેકશન રોડ પર શનિવારે મોડી રાત્રે કારમાં એકાએક આગ ભભૂકી ઉડતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જેને પગલે લોકોના ટોળેટોળા એકઠા થયા હતા અને ફાયર વિભાગને જાણ કરાતા ફાયર સાથે દોડી જાય આગ પર કાબુ મેળવ્યો હતો.



વિગત અનુસાર જામનગર શહેરના શરૂ સેકશન રોડ એક સ્વીફ્ટ કારમાં અચાનક આગ લાગી હતી. જેને લઈને ક્ષણિક દોડધામ મચી હતી. બીજી બાજુ વાહન ચાલકો સહિતની મોટી સંખ્યામાં સ્થાનિકોના ટોળા એકઠા થયા હતા. જેના દ્વારા ઘટનાની ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. આથી ફાયર ફાઈટરો દોડી જઈ આગ પર અવિરત પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આ બનાવના પગલે સિટી-સી ડિવિઝન પોલીસ સ્ટાફ દોડી જઈ ટ્રાફિક કલીયર કરાવ્યો હતો.જો કે સદનશીબે કોઈ મોટી જાનહાનિ થઈ ''ન'' હતી. બીજું બાજુ આગનું કારણ હજુ અકબંધ રહેવા પામ્યું છે.

# ઉમરાળામાં ભોવાનગીરી બાપુની તિથીની ભાવભેર ઉજવણી

જામનગર જિલ્લાના કાલાવડ (શિતલા) ગામના આંગણે આવેલ ભોવાનગીરી બાપુ મઢી ઉમરાળા ખાતે ભોવાનગીરી બાપુની તિથી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. મહંત શ્રી બલરામ બાપુ અને સમસ્ત ઉમરાળા ગામ દ્વારા આ આયોજન કરાયું હતું.

તિથિ ઉત્સવની જુદા જુદા કાર્યક્રમો થકી ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. ઉમરાળા ખાતે જેમાં મોટી સંખ્યામાં લોકો



ગ્રામજનો ઉમટી પડ્યા હતા અને પ્રસાદ લીધો હતો. સાથે જ સાંસ્કૃતિક કાર્યક્રમમાં હરસિદ્ધિ ભવાઈ મંડળ જુનાગઢવાળા નાયક હરેશભાઈ ના મંડળ દ્વારા લોક ભવાઈની પરંપરા ને ઉજળી કરવામાં આવી હતી.

સાથે જ ભજનિક કલાકાર જયંતિભાઈ, કિરણભાઈ વ્યાસ, ધીરુભાઈ વ્યાસ, નિલેષભાઈ વ્યાસે લોક સાહિત્ય, ભજનની રમઝટ બોલાવી હતી.

## જામનગર ડિસ્ટ્રિક્ટ કો. બેંકના એમ.ડી ધરમશીભાઈ ચનિયારાનો જન્મદિવસ

ધરમશીભાઈ ચનિયારા જામનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ તરીકે તેમની સેવાઓ હંમેશા યાદગાર રહી છે. તેઓ માત્ર રાજકીય નેતા જ નહીં, પરંતુ એક સમાજસેવક અને પ્રજાના હિતેચ્છુ તરીકે પણ ઓળખાય છે.

ધરમશીભાઈનું જીવન અનેક સિદ્ધિઓથી ભરેલું છે. તેમણે જામનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેંકના મેનેજિંગ ડિરેક્ટર (MD) તરીકે, જામનગર જિલ્લા ખરીદ સંઘના ડાયરેકટર તરીકે,જોડિયા માર્કેટીંગ યાર્ડ ના ચેરમેન, અને જોડિયા ભાજપ સંગઠનના પ્રમુખ તરીકે પણ મહત્વની ભૂમિકા ભજવી છે. આ તમામ હોદ્દાઓ પર રહીને તેમણે પ્રજાના પ્રશ્નોને વાચા આપી અને તેમના ઉકેલ માટે સક્રિય પ્રયાસો કર્યા છે.તેમના મિત્ર વર્તુળ, સગા સ્નેહીઓ ધરમશીભાઈ ચનિયારા મો :- ૯૪૨૭૨ ૧૯૧૫૨ પર જન્મદિવસની શુભકામનાઓ આપી રહ્યા છે.



# ૫૦ કેન્દ્રો પર તલાટીની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

જામનગરમાં જિલ્લા કલેકટર કેતન ઠક્કરના સઘન નિરીક્ષણ અને માર્ગદર્શન હેઠળ મહેસુલ વિભાગની મહેસુલી તલાટી વર્ગ-૩ની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી.

આ પરીક્ષા માટે કુલ ૧૬,૨૭૪ ઉમેદવારો નોંધાયા હતા, જેમના માટે શહેરના જુદા જુદા ૫૦ કેન્દ્રો પર કુલ ૫૪૩ બ્લોકની વ્યવસ્થા કરવામાં આવી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઉમેદવારોએ ઉત્સાહભેર પરીક્ષા આપી હતી.

વિવિધ પરીક્ષા કેન્દ્રો પર જઈને પરિસ્થિતિનું સતત નિરીક્ષણ કર્યું હતું.

જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન





### ૧૬,૨૭૪ ઉમેદવારોએ ઉત્સાહભેર આપી પરીક્ષા કલેક્ટર કેતન ઠક્કર અને અધિકારીઓની સઘન દેખરેખ: વચ્ચે ચુસ્ત બંદોબસ્ત સાથે પરીક્ષા સફળતાપૂર્વક યોજાઈ

હેઠળ તંત્ર દ્વારા દરેક પરીક્ષા કેન્દ્ર પર એક વર્ગ-૧ અથવા વર્ગ-૨ કક્ષાના મંડળ પ્રતિનિધિ અને તકેદારી સુપરવાઈઝરની નિમણૂક કરવામાં આવી હતી.પરીક્ષા કેન્દ્રો પર પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

### રેવન્યુ તલાટી પરીક્ષામાં ૫,૪૨૬ ઉમેદવારો ગેરહાજર

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા રેવન્યુ તલાટી વર્ગ-૩ની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. જિલ્લામાં કુલ ૧૬,૨૭૪ ઉમેદવારો નોંધાયા હતા, જેમાંથી ૧૦,૮૪૮ ઉમેદવારો હાજર રહ્યા હતા, જ્યારે ૫,૪૨૬ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. પરીક્ષા માટે શહેરના ૫૦ કેન્દ્રોમાં સીસીટીવી અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. તમામ કેન્દ્રોમાં સુચારુ રીતે પરીક્ષા પૂર્ણ થઈ હતી.

# સચાણામાં કોમ્બિંગ અભિયાન: દરિયાઈ વિસ્તાર પર પોલીસની બાજ નજર

## મીલકત, એન.ડી.પી.એસ. સહિતના ગુન્હા સંબંધી આરોપીઓના રહેઠાણોની તપાસ હાથ ધરાઈ: વાહન ચેકિંગમાં ૧૦ વાહન ડીટેઈન કરાયા

જામનગરમાં માછીમારીની સિઝન શરૂ થતાની સાથે જ પોલીસ દ્વારા સતર્કતા વધારી દેવામાં આવી છે. જામનગર પાકિસ્તાની દરિયાઈ સીમાની નજીક હોવાના કારણે દરિયાઈ માર્ગ અતિ સંવેદનશીલ ગણાય છે. ત્યારે જામનગરના સચાણા બંદર ખાતે પંચકોષી એ ડિવિઝન પોલીસની ટીમ દ્વારા દરિયાકાંઠા પર પેટ્રોલિંગ, કોમ્બિંગ અને ખાસ સુરક્ષા ચેકિંગ હાથ ધરાયું હતું. પોલીસના ધાડેધાડા ઉતારી દેવાયા હતા. જોકે કોઈ વાંધાજનક વસ્તુઓ મળી નથી.

ગ્રામ્ય ડીવાયએસપીની સૂચનાને લઈ પંચ એ પોલીસ તથા કાલાવડ ટાઉન, કાલાવડ ગ્રામ્ય અને ધ્રોલ તથા જોડીયા પોલીસ અધીકારી તેમજ પોલીસ સ્ટાફ સાથે અલગ-અલગ ત્રણ ટીમો બનાવી સચાણા ગામ ખાતે ડે- કોમ્બીંગ કરવામા આવ્યું હતું. જેમાં મીલ્કત સબંધી આરોપીઓ ચેક કરવામા આવ્યા હતા. વધુમાં એન.ડી.પી. એસ સબંધી આરોપી ચેક કરાયા હતા. બીજી બાજુ એમ.સી.આર સંબંધિત ઈસમોના રહેણાંક ચેક કરવામા આવેલ તેમજ શરીર સબંધી ગુન્હાના આરોપીઓ ચેક કરવામા આવ્યા હતા. વધુમાં સચાણા ગામમા વાહન ચેકીંગ કરી કુલ ૧૦ વાહન ડીટેઈન કરવામા કરાયા હતા.



જયારે પાંચ વાહન ચાલકોને સમાધાન સુલ્ક રૂપે રોકડ દંડ કુલ રૂ.૨૧૦૦ કરવામા આવેલ તથા સદર કોમ્બીંગ દરમ્યાન સચાણા ગામ માં સમન્સ ની બજવણી પણ કરવામા આવી હતી.

# વોર્ડ નં.૧૬માં રૂ. ૧૯૮.૫૭ લાખના વિકાસ કાર્યોનું ધારાસભ્ય દિવ્યેશ અકબરીના હસ્તે ખાતમુહૂર્ત

જામનગર દક્ષિણ વિધાનસભા વિસ્તાર હેઠળના વોર્ડ નં. ૧૬ માં ધારાસભ્ય દિવ્યેશ અકબરીના હસ્તે ૧૯૮.૫૭ લાખના ૧૦ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત કરાયા હતા. જેને લઈને લોકોની સુવિધામાં વધારો થશે.

જામનગરના ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા શહેરી વિકાસ યોજના અંતર્ગત અલગ અલગ વિસ્તારમાં વિકાસ કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે, જામનગરના નંદનવન પટેલ સમાજ તથા આજુ બાજુ ના વિસ્તારમાં સીસી રોડ બનાવવા માટેના કામનું ખાતમુહૂર્ત કરવામાં



આવ્યું હતું. વધુમાં સાંજે ૬.૦૦ વાગ્યે નંદનવન પાર્ક માં સીસી બ્લોક અને રોડના કામનું ખાતમુહૂર્ત ઉપરાંત સાંજે ૬.૨૦ કલાકે પટેલ નગર ગ્રે સ્કૂલની અંદરના ભાગમાં આડા રોડમાં સીસી રોડના કામ તેમજ પટેલ નગર શેરી નંબર ચારમાં મનજીભાઈ વાઘેલાના ઘરની સામેના કોમન પ્લોટ માં સીસી બ્લોકના કામ નું ખાત મુહૂર્ત કરાયું હતું.

બીજી બાજુ પટેલનગર શેરી નંબર ત્રણમાં સીસી રોડ નું કામ, પ્રણામી ટાઉનશિપ -૩ ઘર નંબર ૫૫ થી ૭૨ સુધી સી.સી.રોડનું કામ તેમજ પ્રણામી ટાઉનશિપ- ૩ ઘર નંબર ૧૯ થી ૩૬ સુધીના સીસી રોડના કામનું ખાતમુહૂર્ત અને મહાવીર નગર ની ડાબી બાજુમાં આવેલી શેરી નંબર-૧ થી ૪ માં સીસી રોડના કામ ના ખાત મુહૂર્ત કરાયું હતું. જ્યારે સાંજે ૭ વાગ્યે હર્ષદમીલની ચાલી શેરી નંબર - ૧ માં સીસી રોડના કામનું કરાયું હતું, સાથે સાથે હર્ષદ મિલની ચાલી શેરી નંબર -૨ માં પણ સીસી રોડના કામનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યો હતું.

આ ખાતમુહૂર્તના કાર્યક્રમોની શૃંખલામાં ૭૯- દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરીની સાથે નગરના મેયર વિનોદભાઈ ખીમસુરીયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, દંડક હાજર રહ્યા હતા.

## કાલાવડના મોટી નાગાજળમાં વાળ કાપવાના મશીનમાંથી વીજ શોક લાગતા યુવાનનું મોત

કાલાવડ તાલુકાના મોટી નાગાજળ ગામમાં વાળ કાપવાના ઈલેકટ્રીક મશીનમાંથી વીજ શોક લાગતા યુવાનનું કમકમાટીભર્યુ મોત નિપજ્યું છે.જેને લઈને પરિવારજનોમા અરેરાટી મચી ગઈ છે.

અકાળે અવસાનના કિસ્સાની જાણવા મળતી વિગત અનુસાર કાલાવડ તાલુકાના નાગાજળ ગામે રહેતા નિલેશ વિઠ્ઠલભાઈ માવાદીયા નામના યુવાન પોતાની દુકાને વાળ કાપી રહ્યો હતો આ વેળાએ કાપવાના ઈલેક્ટ્રીક મશીનમાંથી એકાએક યુવાનને વીજ આંચકો અનુભવાયો હતો. જેને લઈને તે બેભાન થઈ ઢળી પડ્યો હતો.

જે મામલે સ્થાનિકોને જાણ થતા જ તાત્કાલિક સારવાર માટે કાલાવડની સરકારી હોસ્પિટલમાં લઈ જવાતાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે મૃતકના મોટાભાઈ ચિરાગભાઈ વિઠ્ઠલભાઈ માવદીયા એ પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્યના એએસઆઈ આર.વી. ગોહિલ બનાવના સ્થળે અને સરકારી હોસ્પિટલમાં દોડી ગયા હતા.

# અમદાવાદ દેશની ખેલકુદ રાજધાની, કોમનવેલ્થ ગેમ્સને મંજૂરી મળે તેવી આશાઃ અમિત શાહ

## કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ રાષ્ટ્રને અર્પણ કર્યુંઃ રૂ.૮૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓના આયોજન માટે સંપૂર્ણ સુવિધાઓ ઉપલબ્ધ

**અબતક, રાજકોટ**

ઓલિમ્પિક ૨૦૩૬ના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ પામી રહ્યું છે ત્યારે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે અમદાવાદના નારણપુરામાં રૂ.૮૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલું વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ રાષ્ટ્રને અર્પણ કર્યું હતું.

દેશના ખેલાડીઓને વિશ્વ કક્ષાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અર્પણ કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે ખેલકૂદ સ્પોર્ટ્સ ભારતનો આત્મા છે. રમતગમતની શરૂઆત ભારતમાં થઈ હતી અને ભારત દુનિયાનો



સૌથી યુવા દેશ છે ત્યારે ખેલકૂદ ક્ષેત્રમાં અવ્વલ સ્થાને રહેવું એ આપણું લક્ષ્ય હોવું જોઈએ.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, વીર સાવરકર સ્પોર્ટ્સ સંકુલ આધુનિક વિશાળ અને પરિપૂર્ણ છે. લોકાર્પણ પહેલાં જ બે મોટી સ્પર્ધાઓ અહીં યોજાઈ ચૂકી છે. અહીં રમવા આવેલા દેશ વિદેશના ખેલાડીઓ, તેમના ખેલકૂદ મંડળોના અધ્યક્ષોએ પ્રતિભાવ આપ્યો છે કે, વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની સુવિધાઓ વર્લ્ડ ક્લાસ છે, આધુનિક છે.

અમદાવાદના નારણપુરા સ્થિત સ્પોર્ટ કોમ્પ્લેક્સને સ્વાતંત્ર સેનાની વીર સાવરકરનું નામ આપવા સંદર્ભે જણાવ્યું કે, મહાન સ્વાતંત્ર વીર સાવરકર ખૂબ જ માહેર તરવૈયા હતા. અંગ્રેજોની ચુન્ગાલમાંથી છૂટવા તેઓ આગબોટમાંથી બેડીઓ સાથે કૂદીને, દરિયો

(અનુ. આઠમા પાને)

### વિકસીત ભારત સમૃધ્ધ ભારતનું નિર્માણ થઈ રહ્યું છેઃ ડો.મનસુખ માંડવિયા



કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે નવું ભારત એટલે કે 'વિકસિત ભારત, સમૃધ્ધ ભારત'નું નિર્માણ થઈ રહ્યું છે. ભારત આજે ખેલકૂદ ક્ષેત્રે ઉત્તરોતર પ્રગતિ કરી રહ્યું છે. વડાપ્રધાનના સ્વપ્ન 'વિકસિત ભારત'ની સંકલ્પનામાં રમતગમત ક્ષેત્રે થયેલ વિકાસકાર્યો મહત્વના બની રહેશે. તેમણે જણાવ્યું હતું કે, નવનિર્મિત સ્પોર્ટ્સ પોલિસીના માધ્યમથી મજબૂત સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમનું નિર્માણ કરાયું છે જે સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવામાં મહત્વનું બની રહ્યું છે. માંડવિયાએ જણાવ્યું હતું કે વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ આગામી દિવસોમાં ખેલાડીઓના સપના અને મેડલનું સાક્ષી બનવાનું છે.

# કુતિયાણા નજીક અકસ્માતમાં દંપતી સહિત ત્રણના મોતઃ બાળકીનો બચાવ



## રાજકોટથી તલાટીની પરીક્ષા આપી પરત ફરતા પોરબંદરના પરિવારને કાળનો ભેંટોઃ ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા કાર પુલ સાથે ધડાકાભેર અથડાઈ : મેર પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું

**મૃતકોની ઓળખ**
માલદેભાઈ ભાયાભાઈ ભૂતિયા - ઉંમર ૪૦ વર્ષ
મનીષાબેન માલદેભાઈ ભૂતિયા - ઉંમર ૩૮ વર્ષ
જયમલભાઈ ઓડેદરા - ઉંમર ૪૦ વર્ષ

**અબતક, અશોક થાનકી, પોરબંદર**

રાજકોટ-પોરબંદર હાઈવે પર રવિવારે રાત્રે એક ગમખ્વાર અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ લોકોનાં કરુણ મોત નિપજ્યાં છે. જયારે પાંચ વર્ષની બાળકીને ગંભીર ઈજા પહોંચી છે. આ અકસ્માત કુતિયાણા નજીક, રાજશક્તિ હોટલ સામે થયો હતો. પોરબંદરનો પરિવાર રાજકોટથી તલાટીની પરીક્ષા આપીને પરત ફરી રહ્યો હતો ત્યારે રસ્તામાં કાળનો ભેંટો થઈ ગયો હતો.

આ દુર્ઘટના રવિવારની રાત્રે બની હતી. પોરબંદરના છાયા વિસ્તારના રહેવાસી અને શિક્ષક તરીકે ફરજ બજાવતા માલદેભાઈ ભાયાભાઈ ભૂતિયા, તેમનાં પત્ની મનીષાબેન ભૂતિયા અને તેમના સાળા જયમલભાઈ ઓડેદરા રાજકોટથી પોતાની કારમાં પરત ફરી રહ્યા હતા. કુતિયાણા નજીક રાજશકિત હોટલ પાસે, તેમની કાર અચાનક એક પુલ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

આ ભયાનક અકસ્માતમાં માલદેભાઈ, તેમનાં પત્ની મનીષાબેન અને સાળા જયમલભાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. કારમાં સવાર પાંચ વર્ષની બાળકી નૈતિકા માલદેભાઈ ભૂતિયાનો આબાદ બચાવ થયો છે, પરંતુ તેને ગંભીર ઈજાઓ થઈ હોવાથી તાત્કાલિક સારવાર માટે પોરબંદરની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને કુતિયાણા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

પોલીસ દ્વારા મૃતદેહોને પોરબંદરની સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા. આ સમાચાર મળતા જ મૃતકના પરિવારજનો પણ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા અને તેમના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.

માલદેભાઈ શિક્ષક હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતને કારણે પરિવારનો માળો વિખેરાઈ જતાં સમગ્ર પોરબંદર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# ગુજરાત બન્યુ ક્રાઈમ કેપિટલઃ ચાર મહાનગરોમાં ગુનાખોરીનો આંક આસમાને

## બળાત્કાર, છેડતી, ચોરી, મારામારી, લુંટ, છેતરપિંડી અને જુગારના આંકડાઓ ચિંતાજનક

**અબતક, રાજકોટ**

દેશ માટે વિકાસ મોડેલ બનેલું ગુજરાત ક્રાઈમ કેપિટલ બની રહ્યું છે. રાજયના મુખ્ય ચાર મહાનગરોમાં ગુનાખોરીના આંકડા ચિંતાજનક હદે આંબ્યા છે. મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના વતન પણ સલામત નથી.

રાજયમાં ગુનેગારોને પોલીસનો કોઈ ડર નથી અને વહીવટ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અત્યંત ગંભીર છે. માત્ર ૪૮ કલાકમાં શહેરમાં બનેલી બે જઘન્ય હત્યાઓએ રાજયની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નચિહ્ન છે. તા.૧૨ સપ્ટેમ્બરના રોજ પાલડી પોલીસ સ્ટેશનથી નજીક યુવકની ક્રૂર હત્યા કરવામાં આવી. ૧૩ સપ્ટેમ્બરના રોજ વિરાટનગર ક્રોસિંગ પર બિલ્ડરની ક્રૂર હત્યા થઈ. આ ઘટનાઓ સ્પષ્ટ સંકેત આપે છે કે જનતાની સલામતી ભગવાન ભરોશે છે. ગુજરાતમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળેલી ગઈ છે. રાજયનાં મુખ્યમંત્રી અને ગૃહમંત્રીનાં શહેરો ક્રાઈમ કેપિટલ બન્યા છે. રાજ્યના મુખ્ય ચાર મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટમાં કથળેલી કાયદો વ્યવસ્થાને કારણે નાગરિકોની સુરક્ષા ભગવાન ભરોશે છે. અમદાવાદમાં બળાત્કારની ૧૫૪ ઘટનાઓ, છેડતીની ૯૦, છેતરિપિંડીનાં ૨૭૬, લૂંટની ૪૨, મારામારીની ૮૦૪, ચોરીની ૧૮૦૩, જુગારના ૭૦૦ કિસ્સા સામે આવ્યા છે. સુરત શહેરમાં બળાત્કારની ૧૮૮ ઘટનાઓ, છેડતીની ૭૮, છેતરપીંડીના ૨૯૦, લૂંટની ૨૭, મારામારીની ૩૧૮, ચોરીની ૭૪૦, જુગારના ૪૧૮ કિસ્સા સામે આવ્યા. વડોદરા શહેર બળાત્કારની ૬૧ ઘટનાઓ, છેડતીની ૪૮, છેતરપિંડીના ૬૯, મારામારીની ૨૪૧, ચોરીની ૩૭૧, જુગારના ૧૨૩ કિસ્સા સામે આવ્યા. રાજકોટ શહેરમાં બળાત્કારની ૬૦ ઘટનાઓ, છેડતીની ૧૧, છેતરપિંડીના

(અનુ. આઠમા પાને)

# મહેસાણાના મંડાલી ગામે વિજશોક લાગતા બે શ્રમિકોનું મોતઃ છ ગંભીર

## ફેબ હિન્દ નામના ઈન્ડસ્ટ્રીયલ યુનિટમાં ક્રેઈન હાઈટેન્શન વિજતારને અડી જતાં દુર્ઘટના

**અબતક, રાજકોટ**

મહેસાણા જિલ્લામાં ૨૪ કલાકમાં બે અલગ-અલગ દુર્ઘટનામાં ચાર શ્રમિકોના કરુણ મોત નિપજ્યા છે. રવિવારે સાંજે મહેસાણા-અમદાવાદ હાઈવે પર આવેલા મંડાલી ગામ નજીક ફેબહિંદ કંપનીમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં વીજકરંટ લાગવાથી બે શ્રમિકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને છ અન્ય ગંભીર રીતે દાઝી ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર કંપનીમાં ક્રેન મશીન બંધ પડી જતાં કેટલાક શ્રમિકો તેને ધક્કો મારીને ફરી ચાલુ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ દરમિયાન કમનસીબે ક્રેનનો એક ભાગ ઉપરથી પસાર થઈ રહેલી હાઈ ટેન્શન વીજ લાઈનને અડી ગયો હતો. જેના કારણે પ્રચંડ વીજકરંટ લાગતા બિહારના રહેવાસી બે યુવાનો દીપક અશોક ચૌધરી અને મિતરંજન કુમાર ચૌધરીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. જ્યારે અન્ય છ શ્રમિકોને ગંભીર રીતે દાઝી ગયા હતા. દુર્ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક અસરથી ઈજાગ્રસ્ત શ્રમિકોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની ગંભીરતા જોતા પોલીસની ટીમ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપ્યા છે.

આ ઘટનાએ કંપનીમાં શ્રમિકોની સુરક્ષા અને સલામતી અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે. શું કંપની દ્વારા શ્રમિકોને પૂરતી સુરક્ષા આપવામાં આવી હતી? શું આવા જોખમી કામ માટે પૂરતી તાલીમ અને સાવચેતીનાં પગલાં લેવામાં આવ્યા હતા? આ તમામ પ્રશ્નોની તપાસ પોલીસ કરી રહી છે અને જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી થવાની શક્યતા છે. આ એક જ દિવસમાં શ્રમિકોના મોતની બીજી ઘટના છે, જે સ્થાનિક વહીવટીતંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે.

# માંગરોળ-પોરબંદર હાઈવે પર મધરાતે દરગાહ અને મંદિરનું ડિમોલીશનઃ સવારે ડામર રોડ બની ગયો!

**અબતક, નીતીન પરમાર, માંગરોળ**

માંગરોળમાં મધરાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ઓપરેશન ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં હાઈવે પર ગેરકાયદે ખડકાયેલી એક દરગાહ અને મામા સાહેબના મંદિર પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. ડિમોલીશન ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે હાથ ધરવામાં આવ્યું હોય કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.

માંગરોળમાં ગત મધરાતે ૧૨.૩૦ કલાકે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે માંગરોળ - પોરબંદર હાઈવે પર રોડની બન્ને બાજુ ગેરકાયદે ખડકાયેલા અને નડતરરુપ દબાણો દુર કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું. હાઈવે રોડ જાણે પોલીસ છાવણીમાં ફેરવાય ગયો હોય તેવું દ્રશ્ય ખડુ થયું હતું. જિલ્લા પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ આખી રાત ખડે પગે રહ્યા હતા. એક દરગાહ અને મામા સાહેબના મંદિર પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. વહેલી સવારે ડિમોલીશનની કામગીરી પૂર્ણ થતાની સાથે જ ડામર રોડ બનાવી નાખવામાં આવ્યો હતો.

ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મધરાતે ઓપરેશન ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું. કોઈ





ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે હાઈવે પરના ગેરકાયદે ધાર્મિક દબાણો પર બુલડોઝર ફેરવી દેવાયું

અનિચ્છીય બનાવ બન્યો ન હતો. સુપ્રીમ કોર્ટના આદેશના પગલે ધાર્મિક હેતુના ગેરકાયદે ખડકાયેલા દબાણો હટાવવાની કામગીરી રાજયભરમાં ચાલી રહી છે. હજારોની સંખ્યામાં ધાર્મિક હેતુના દબાણોને નોટીસ આપી આધાર પુરાવા આપવા પણ તાકીદ કરવામાં આવી છે. ચોમાસાની સિઝન હોવાના કારણે હાલ ડિમોલીશનની કામગીરી પર થોડી બ્રેક છે દરમિયાન ચોમાસુ પૂર્ણ થતાની સાથે જ બુલડોઝરની ધણ ધણાટી બોલાવવામાં આવશે.

માંગરોળ પોરબંદર હાઈવે પર ધાર્મિક હેતુના દબાણો હટાવવા એક દમ ગુપ્ત રાહે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલીશન હાથ ધરવામા આવ્યું છે. સવારે ડિમોલીશન પૂર્ણ થતા જ તાબડતોબ ડામર કામ પણ કરી નાખવામાં આવતા લોકોમાં ભારે આશ્ચર્ય ફેલાઈ ગયું હતું.

# અમરેલીમાં પોણા બે, જાફરાબાદમાં દોઢ ઈંચ વરસાદ

## સવારે ડાંગના સુબીરમાં બે કલાકમાં પોણા બે ઈંચ ખાબકયોઃ ચોમાસાની વિદાયનો ટુંકમાં આરંભ

**અબતક, રાજકોટ**

નૈઋત્યનું ચોમાસુ હવે વિદાય લેવા તરફ આગળ ધપી રહ્યું છે. રાજસ્થાનથી ચોમાસાની વિદાયનો આરંભ થવા માંડયો છે. મેઘરાજાના પાછોતરા પ્રહાર ચાલુ છે. આજે સવારે ડાંગના સુબીરમાં માત્ર બે કલાકમા પોણા બે ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. રવિવારે સૌરાષ્ટ્રના પણ સાત જિલ્લાઓમાં મેઘરાજાએ કૃપા વરસાવી હતી. રાજયમાં આજ સુધીમાં સીઝનનો ૧૦૮.૨૧ ટકા વરસાદ વરસી ગયો છે. સૌરાષ્ટ્રને બાદ કરતા તમામ ચારેય ઝોનમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ



તસવીરઃ કીરીટ રાણપરીયા, ઉપલેટા

વરસી ગયો છે.

આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૩૭ તાલુકાઓમાં હળવા ઝાપટાથી લઈ પોણા બે ઈંચ સુધી વરસાદ વરસી ગયો છે. દરમિયાન આજથક્ષ ત્રણ દિવસ રાજયમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી છે.

અમરેલીમાં સૌથી વધુ ૪૫ મીમી વરસાદ પડયો છે. જયારે જાફરાબાદમાં ૪૦ મીમી, કપરાડામાં ૩૪ મીમી, ઉનામાં ૩૪ મીમી, છોટાઉદેપુરમાં ૩૧ મીમી, ઉમરગામમાં ૨૯ મીમી, ડાંગ આહવામાં ૨૬ મીમી, કુકરમુંડામાં ૨૪ મીમી વરસાદ પડયો હતો. આ ઉપરાંત ૨૮ તાલુકાઓમાં ઝાપટાથી લઈ અર્ધો ઈંચ સુધી વરસાદ પડયો છે.

દરમિયાન આજે સવારથી રાજયના કેટલાક વિસ્તારોમાં મેઘકૃપા વરસી રહી છે. ડાંગના સુબીરમાં બે કલાકમાં પોણા બે ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો.

રાજયમાં આજે સવાર સુધીમાં ચોમાસાની સિઝનનો સરેરાશ ૧૦૮.૨૧ ટકા વરસાદ વરસી ગયો છે. કચ્છ રિજીયનમાં સૌથી વધુ ૧૩૫.૯૫ ટકા જયારે સૌરાષ્ટ્રમાં સૌથી ઓછો ૯૩.૮૯ ટકા વરસાદ પડયો છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં ૧૧૮.૭૨ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૧૧.૬૮ ટકા, અને

(અનુ. આઠમા પાને)

